॥ जननि जन्म भूमिश्च स्वर्गादपि गरियसि ॥

"જન્મભૂમિ" ગ્રંથમાળા.

સં. ૧૯૮૦ વૈશાખ | वन्दे मातरम | વર્ષ ૧ લુ પુસ્તક ૧ લુ

રાષ્ટ્રીય રત્નકણિકા.

III 1924 11-7-19

પ્રકાશક,

ચંદુલાલ નંદલાલ દેસાઈ

'જન્મભૂમિ' ગ્રંથમાળા—નડીઆદ.

સં. ૧૯૮૦ પ્રત ૧૦૦૦ ઇ. સ. ૧૯૨૪

છુટક નકલના ૭ આના. બાઉન્ડ નકલના આઠ આના.

વાર્ષિક લવાજમ—ચાર રૂપીયા ટપાલ ખર્ચ.

'વીજ્ઞાન પ્રીન્ટીંગ પ્રેસ—મોગલવાડામાં મુ. ઇ. સુરતે છાપી.

'જન્મભૂમિ' ગ્રન્થમાળાને

મદદ કરવાની યોજના—

રૂપેરી સેવક—આ માળાના ૨૫ ગ્રાહકો કરી આપશે તેમને રૂપાના અને પચાસ ગ્રાહકો કરી આપશે તેમને સોનાના ચાંદ આપવામાં આવશે. ગ્રાહક કરવા માટે નહિ પણ વિશેષ સેવાનું સાહિત્ય પણ માન્યામાં આવશે.

જીવનપર્યન્તના ગ્રાહક—એકી વખતે રૂા. ૫૧) આપશે તે આ માળાના જીવનપર્યન્તના ગ્રાહક ગણાશે સાથેસાથે જન્મભૂમિ ગ્રન્થમાળાના ગ્રાહક ગણાશે. 'અઠવાડિક'નો લાભ મળશે.

મુરબ્બીઓ—એકી વખતે રૂા. ૨૦૧) આપશે તે આ માળાના મુરબ્બી ગણાશે. મુરબ્બીઓની નામાવલી માળાના પુસ્તકમાં પ્રથમ જાહેર કરવામાં આવશે. ઉપરાંત માળાના દરેક પુસ્તકની નકલ તેમને વિના લવાજમે મળતી રહેશે. આ ગ્રાહકનો હક તેમનો આજીવન રહેશે.

આશ્રયદાતા—એકી વખતે રૂા. ૫૦૧) આપનાર આ માળાના 'આશ્રયદાતા' ગણાશે. તેમનાં નામો પ્રગટ કરવામાં આવશે તથા દરેક પ્રથમ પુસ્તકમાં 'આશ્રયદાતા'ઓના નામોનો ઉલ્લેખ કરી ઉપકાર માનવામાં આવશે. માળાના દરેક પુસ્તકની પાંચ નકલો તેમને વિના લવાજમે આપવામાં આવશે. ઉપરાંત ગ્રાહકનો હક તેમનો આજીવન રહેશે.

પ્રકાશક—'જન્મભૂમિ' ગ્રન્થમાળા—અમદાવાદ.

'જન્મભૂમિ' ગ્રંથમાળાની ઉત્પત્તિ.

નડીઆદમાંથી સાપ્તાહિક 'જન્મભુમિ' નામનું વર્તમાનપત્ર ગઈ રામનવમીથી શરૂ કરવાનો વિચાર મ્હેં કર્યો હતો. તેને માટે જાહેર ખબરો બહાર પાડી હતી, અને પ્રાથમિક તૈયારીના કેટલાક ખર્ચમાં પણ હું ઉતરી પડયો હતો. ગ્રાહકો નોંધવાનો પણ પુષ્કળ પરિશ્રમ કર્યો હતો અને ગુજરાતના અનેક વિદ્વાન સાક્ષરો અને અસહકારી કાર્યકર્તાઓ સાથે પત્રવ્યવહાર કરી સુન્દર રાષ્ટ્રિય લેખો પણ મેળવી લીધા હતા અને સર્વ પ્રકારની તૈયારી તડામાર ચાલી રહી હતી. એવામા આકાશમાંથી વીજળી તૂટી પડે તેમ મ્હને અચાનક ખબર મળી કે નડીઆદમા એક બીજા ભાઈ પણ 'નટપુર બાણાવળી' નામનુ સાપ્તાહિક પત્ર શરૂ કરવાની ખાનગી તૈયારીઓ કરી રહ્યા છે. હું આ ભાઈને મળ્યો. ને તેમને બહુ સમજાવ્યા તેમના પત્રના બે ફોર્મ છપાયા હતા તેનું ખર્ચ પણ આપવાનું કહ્યું પણ તેમણે માન્યુ નહીં. મ્હને લાગ્યું કે નડીઆદ જેવા નાનકડા શહેરમાં બે પત્રો માટે ક્ષેત્ર નથી. જ્યાં એક પત્ર પણ મહા મુસ્કેલીથી નભે તેવું હોય તેમાં બે પત્રોનું પોષણ કેવી રીતે થાય? તેનાં તો બન્નેનું બગડે. વળી પ્રજાના વિરોધીઓ બે ખિલાડીઓને લડાવ્યા કરે તે જુદું. આથી કરી મ્હેં વર્તમાનપત્ર કાઢવાનો વિચાર બંધ રાખ્યો. ને મ્હારા કાર્યની દિશા બદલી. વર્તમાનપત્રને બદલે 'જન્મભુમિ' ગ્રંથમાળા શરૂ કરવાનો નિશ્ચય કર્યો. મ્હારી ચળવળથી નડીઆદમાં એક વર્તમાનપત્ર ચાલું થયું તે મ્હને ઓછા સંતોષની વાત નથી.

આવી ગ્રંથમાળા શરૂ કરવાનો વિચાર [illegible] મનમાં કેટલાયે વર્ષો થયાં ઘોળાયા કરતો હતો, તેને આજે [illegible] આવી રીતે અચાનક તક મળી ગઈ. આ [illegible] દરેક માસે સંસ્કારી સાહિત્ય વાંચનથી ભરપુર [illegible] એક દળદાર પુસ્તક આપવામાં આવશે. એટલે ગ્રાહકને [illegible] સુંદર સાહિત્ય પુસ્તકો મળશે. આ પ્રથમ વર્ષમાં તો [illegible] લેખો, કાવ્યો, સંવાદો, વાર્તાઓ, વીગેરેમાંથી [illegible] સુંદરમાં સુંદર [illegible] પુસ્તકરૂપે આપવામાં આવશે. અને બીજા [illegible] સ્વતંત્ર [illegible] પુસ્તકો પણ આપવાનો પ્રબંધ કરવામાં આવશે. આ માળાના પ્રથમ પુસ્તક રૂપે આ ' સાહિત્ય [illegible] ' નું પુસ્તક ગુજરાતની પ્રજાને સાદર કરીએ છીએ. આ પુસ્તકમાંના એક પણ લેખ અમારો લખેલો નથી. અમે તો ફક્ત સંકલનનું જ કામ કર્યું છે ને તેથી કરી મુળ લેખકોનો આ સ્થળે [illegible] માનીએ છીએ. આ માળાનું બીજું પુસ્તક ' [illegible] વિનોદ ' પણ આવા પ્રકારનું જ નીકળશે. તેમાં [illegible] ટુંકી [illegible] વાર્તાઓ ગુજરાતી સાહિત્યમાંથી [illegible] આપવામાં આવશે.

આ માળાની સાથે ' [illegible] ' ફંડની યોજના જોડવામાં આવી છે. આ યોજના [illegible] અમે- રિકાના અનેક પત્રોમાં [illegible] છે. આ યોજના પ્રત્યે અમે દરેક ગુજરાતી [illegible] આ યોજના ગ્રાહકો ને ગ્રન્થમાળા [illegible] છે. આ યોજનાથી ચાર રૂપીયા જેવી નજીવી કિંમતમાં બાર સાહિત્ય પુસ્તકો મળે છે ને વળી અકસ્માત ફંડનો લાભ એક વીમા જેવો મળે છે તે જુદો.

અકસ્માત ફંડની યોજના લાયબ્રેરીઓને તો ખાસ આશીર્વાદ રૂપ છે. જે લાયબ્રેરીઓ આ માળાની ગ્રાહક હશે તેને આગ લાગવાથી નુકશાન થશે તો નુકશાનીના પ્રમાણમાં એક હજાર રૂપિયા સુધી અકસ્માત ફંડમાંથી આપવાનો પ્રબંધ રાખેલો છે. માટે ગુજરાતની એકેએક લાયબ્રેરીએ અકસ્માત સ્હામે રક્ષણ મેળવવા સારૂ આ માળાના ગ્રાહક થવાની જરૂર છે.

જે ભાઈઓએ 'જન્મભૂમિ' વર્તમાનપત્રના ગ્રાહક તરીકે પોતાનાં મુબારક નામ ડિપોઝીટ આપવાના હેતુથી અગાઉથી નોંધાવ્યાં હતાં તે ભાઈઓ આ ગ્રન્થમાળાના ગ્રાહક તરીકે ચાલુ રહી આપોઆપ ડિપોઝીટ આપશે એવી આશાથી માળાનું પ્રથમ પુસ્તક તેમની તરફ વી. પી. થી મોકલવામાં આવ્યું છે. જેઓ ગ્રાહક થઈ લવાજમ ભરશે તેમનાં નામ આવતા પુસ્તકમાં પ્રગટ થશે. લવાજમ ભર્યા વગર કેવળ ગ્રાહકોનો અકસ્માત ફંડ ઉપર હક રહેશે નહિ. માટે ગ્રાહક થવાની ઇચ્છા રાખનારે તાકીદે લવાજમ ભરી નામ નોંધાવી દેવા.

નડીઆદ
વૈશાખ સુદી ૩
સંવત ૧૯૮૦

સેવક,
ચન્દુલાલ નન્દલાલ દેસાઈ
પ્રકાશક.

'જન્મભૂમિ' ગ્રંથમાળાની યોજના.

'જન્મભુમિ' ગ્રંથમાળાના દરેક ગ્રાહકના લવાજમમાંથી દર વર્ષે એક રૂપીયો 'અકસ્માત ફંડ ખાતે જમે કરવામાં આવશે. આવી રીતે જમા થએલી રકમમાંથી તે વર્ષમાં જે ગ્રાહકોનાં મરણ અકસ્માતથી થયાં હશે તેમના વારસોને એક હજાર રૂપીયા સુધી આપવામાં આવશે. એવીજ રીતે જે લાયબ્રેરીઓ 'જન્મભુમિ' ગ્રંથમાળાની ગ્રાહક હશે તેને આગ લાગવાથી નુકશાન થશે તો નુકશાનના પ્રમાણમાં એક હજાર રૂપીયા સુધી 'અકસ્માત' ફંડમાંથી આપવામાં આવશે.

સમજુતી—ધારો કે માળાના એક હજાર ગ્રાહક છે. અને તે વર્ષમાં અકસ્માતથી બે ગ્રાહકોનાં મરણ થયેલાં છે તો તે બે વચ્ચે હજાર રૂપીયા વ્હેંચી આપવાના એટલે દરેકને પાંચસો રૂપીયા મળે. હવે ધારોકે માળાનાં બે હજાર ગ્રાહક છે. ને અકસ્માતથી ફક્ત એકજ ગ્રાહકનું મૃત્યું થયું છે, તો તેને એક હજાર રૂપીયા મળશે. ગમે તેટલા ગ્રાહકો હશે પણ એક હજાર રૂપીયાથી વધુ રકમ એકી વખતે એકને આપવામાં આવશે નહિ. વધેલી રકમ રીઝર્વ ફંડમાં જશે. લાયબ્રેરીઓને પણ સામાન્ય ગ્રાહકની માફક આગ લાગવાથી નુકશાન થશે તેના પ્રમાણમાં એક હજાર રૂપીયા સુધી આપવામાં આવશે. પરંતુ નુકશાનીની કિંમતથી વધુ રકમ મળશે નહિ.

"અકસ્માત" ની વ્યાખ્યા—અકસ્માતથી મરણ એટલે (unnatural) બીનકુદરતી મરણ–રોગથી કે દરદથી મૃત્યુ થાય તેને અકસ્માત કહેવાય નહિ. આપઘાત કરે તેને અકસ્માત કહેવાય નહિ.

રેલ્વેમાં, ટ્રામમાં, મીલોમાં, કારખાનામાં ચક્રમાં જવાથી કે કપાઈ જવાથી, આગમાં બળી જવાથી, ડુબી જવાથી, બોઈલર ફાટી પડવાથી વિગેરે બીનકુદરતી રીતે મૃત્યુ થાય તેનેજ અકસ્માત કહી શકાય.

ગ્રાહકનું જે વખતે અકસ્માતથી મૃત્યુ થાય તે વખતે તે આ ગ્રન્થમાળાના ગ્રાહક તરીકે ચાલુ હશે અને તેણે તે વર્ષનું લવાજમ ભરેલું હશે તોજ તેને 'અકસ્માત' ફંડનો લાભ મળશે

અકસ્માતથીજ ગ્રાહકનું મૃત્યુ થયું છે તે માટેની જોઈતી દરેક કાયદેસર સાબીતી તેના વારસે પુરી પાડવી પડશે.

ગ્રાહક તરીકે બંધ પડયા પછી 'અકસ્માત' ફંડ ઉપર ગ્રાહકનો કંઈ હક રહેશે નહિ.

'અકસ્માત' ફંડનો હિસાબ દર વર્ષે માળાના પુસ્તકમાં પ્રગટ કરવામાં આવશે.

ઉપરના નિયમોમાં તેના મુળ ઉદ્દેશને અનુસરી કંઈપણ ફેરફાર કે સુધારો વધારો કરવાનો અધિકાર આ માળાના પ્રકાશકને રહેશે, પરંતુ તેમ કરતા પૂર્વે આ માળાના એકાદા પુસ્તક દ્વારા ગ્રાહકોને તેની અગાઉથી ખબર આપવામાં આવશે

આવી યોજના જો કે હિન્દુસ્થાનમા નથી છે પરંતુ યુરોપ, અમેરીકામાં તો તે ધમધોકાર ચાલે છે. જીવન ક્ષણભંગુર છે. જીવનમાં ક્ષણેક્ષણે અકસ્માત થવાનો સંભવ છે માટે લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ત્યારે મોંઢુ ધોવા ન જતાં આજેજ એક કાર્ડ લખી ગ્રાહક તરીકે નામ નંધાવો

પ્રકાશક–'જન્મભૂમિ' ગ્રંથમાળા–નડીઆદ.

અર્પણ પત્રિકા.

શ્રીમાન શેઠ, ન્હાનશાહ કાળીદાસ ગીરધરલાલ

માંડવીની પોળમાં શેઠની પોળ—અમદાવાદ.

પ્રીય આત્મબંધુ!

જીવન યુદ્ધના કટોકટીના પ્રસંગે, આપે તથા આપના પવિત્ર સુદ્ધધર્મચારણી મણિબ્હેને, જેમ રખીદાસે કવી શામળભટ્ટને આશ્રય આપ્યો હતો તેમ મ્હને અમદાવાદમાં આપની છાયામાં રાખી, મ્હારા પ્રત્યે જે નિસ્વાર્થ પ્રેમ, દયા, અને ઉદારતા દર્શાવ્યાં હતાં, તે વીસરી શકતાં નથી. ઉંચ સદ્ગુણોના પ્રતાપે આપ ઉભય દંપતી લક્ષ્મીથી સંતોષ માની સંસાર અને ધંધાની ગડમથલમાંથી દુર થઇ, જન કલ્યાણના માર્ગે પ્રભુપરાયણ સાદુ અને સાત્વીક જીવન ગાળી રહ્યાં છો, અને ગુપ્ત રીતે અનેક દુઃખીયાના બેલી બની મ્હારા જેવા અનેક બળતા હૃદયોમાં આશાના અમૃત રેડી રહ્યાં છો. આપના આવા સદ્ગુણોથી મુગ્ધ થઇ, આપની પરવાનગી વગરજ આ ગ્રન્થમાળાના મંગળ મુહુર્તમાં તેનું પ્રથમ પુષ્પ 'રાષ્ટ્રિય રત્નકણિકા' આપના પવીત્ર કંઠમાં અર્પણ કરૂં છું તેને સ્વીકારજો હૃદયમાં ધારણ કરજો. નડીઆદ, સં. ૧૯૮૦ અક્ષયતૃતિયા.

આપનો,

ચન્દુલાલ નંદલાલ દેસાઇ

અનુક્રમણિકા

હિન્દુ અનાથ આશ્રમ—નડીઆદ.

૧ તેમાં તમામ હિન્દુ જાતિનાં નિરાધાર અનાથો પળાય છે.

૨ દરેક દાન લેવાય છે. ને તેની પાવતી મળે છે.

૩ રેલને બાજુ વંડાની બાર ફુટની ભીંત રૂા. ૧૫૦) માં બંધાવાય છે. અને તે ઉપર નામ લખી અમર નામ કરાય છે.

૪ તે ઉપર રૂા. ૧૦૦) થી દશ વર્ષ માટે જાહેરાત લેવાય છે.

૫ આશ્રમમાં ફળનાં, છાયાનાં, ફુલનાં, કે શોભાનાં ઝાડ રૂા. ૨૫) આપનાર દાતાના નામથી ઉછેરવામાં આવે છે અને બોર્ડ ઉપર નામ લખી સ્મારક રખાય છે

વધુ વિગત કે ખુલાસા માટે લખો:—

મંત્રી હિંદુ અનાથાશ્રમ—નડીઆદ.

શાન્તિદાસ.

ચરોતરમાં મહેમદાવાદથી પાંચ સાત ગાઉ ઉપર પાટી-
ની વસ્તીનું એક જૂનું ગામ છે. મૂળ એ ગામ નરવાનું
, પણ આસ પોણોસો વરસથી નરવો તુટ્યો છે, ને નવી સરવે
ણે ખાતાબંધી વહીવટ ચાલે છે.

ગામમાં ઉજળીયાત વસ્તી સારી છે; આશરે બસો ઘર
દારનાં છે. બીજાં વાણીઆ, બ્રાહ્મણ તથા વસવાયાંનાં છે.
ના લોક મહેનતુ ને સંપીલા છે. ગામનાં ઘણું દેવું નથી.
કાર વાણીઆ ધીરધાર કરતાં વેપારનો ધંધો વધારે કરે
ગામનો ચોરો રસ્તે બાંધેલો મોટો વિશાળ છે, હિન્દુ-
નું દેવળ પણ સારું છે, ને એક ધર્મશાળાનાં વટેમાર્ગુ
સાધુસંત ઉતરે છે; તેની ઠેઠ કાનમ લગી ગામની
તર પણ સારી છે.

પાટીદારની વસ્તીમાં મોટું ને મોભાવાળું ઘર શાન્તિદાસ
દારનું છે. તેમના બાપને સાત દીકરા હતા, તે
હાલ જૂદા જૂદા રહે છે; સાતે દીકરાને વાડી વિસ્તાર
થયો છે. શાન્તિદાસને છ દીકરા છે, તેમાંના પાંચ
ધંધે વળગી ગયા છે, પણ નાનો ભીખારીદાસ હાલ
રી ખોળે છે. આશરે દશેક વરસ ઉપર શાન્તિદાસની
ા મનમાં એમ આવ્યું કે, મારા છ દીકરામાંથી નાનો
ા અંગ્રેજી ભણે ને સરકારી નોકરીએ વળગે તો કેવુ
વખતે ટોપીવાળાની મહેરબાની થાય તો ચઢતાં ચઢતાં

એ તો કુમાવિસદાર થઇ જાય, ને આપણે ઘેર આખા પરગણાની હાકેમી આવે. શાન્તિદાસના મનને આ વાત ખહુ ભાવી નહિ. હાલ અઢારે વરણ અંગ્રેજી ભણતર ભણવા માંડે છે, તેમાં ઘણા અધવચ મૂકી દે છે, ને થોડાજ ઠેઠ–લગી પહોંચે છે; વળી જે થોડા ભણી ઉતરે છે તેમને બધા–ને કુમાવિસદારી મળતી નથી એ વાત શાન્તિદાસ સારી પેઠે સમજતા હતા; પણ છોકરો છેલ્લા ખોળાનો હતો, ને આટલી ઉમ્મરે ઘરનાં બૈરાંને નાખુશ કરવાં એ પણ ઠીક નહિ; એમ એમણે વિચાર્યું. વળી એમના હૈયામાં એમ પણ ખરું કે પરમેશ્વરને કરવું હોય ને છોકરાનું નશીબ ઉઘડે તો, છોક–રાની માના કોડ પૂરા પડે; ને ઘડપણમાં આપણા સુખમાં મણા ન રહે. એટલે પહેલા તો જરા એમણે બૈરાંનું કહ્યું ગણકાર્યું ન ગણકાર્યું એમ કર્યું; પણ છોકરાંની માએ એ વાતની કેડ મૂકી નહિ તેથી હારીને અન્તે તેમણે હા ભણી. સારું મહુરત જોઇને અંગ્રેજી ભણાવવા ભીખારીદાસને અમદાવાદ વિદાય કર્યો. અંગ્રેજી વિદ્યા ભણવી સ્હેલી નથી, તેમાં વળી સરકારના કાયદા, વળી તેમાં ધોરણ ને ફેરણ, ને પરિક્ષાઓ, તેથી ભણતાં ભણતાં ઘણા દાઢા લાગ્યા. તેથી કોઇ કોઇવાર શાન્તિદાસને અકળામણ પણ આવે. દર માસે ખાવાખાઇ તથા ફીના દશ બાર રૂપિયા અમદાવાદ મોકલવા પડે તે મોટા કમીશાદાર આદમીને ભારે પડતા; પણ વ્રત લીધું તે પૂરું કરવું; હવે અધુરું ભણતર મૂકવાથી કાંઇ લહાણ નથી એમ સમજી તે કાંઇ બોલતા ન હતા. અન્તે સાતમે વરસે ભીખારીદાસ મેટ્રિકની પરિક્ષામાં પાસ થયો;

તેની ખબર આવતાં શાન્તિદાસને ઘણું સારૂં લાગ્યું, ને છોકરાની મા તેથી વધારે હરખાયાં; ને કહે કે, " હું કહેતી નહોતી કે મારો ભીખો નામ કાઢશે ? કાંઇ પૈસા ઉગાર્યે કામ થાય ? જયારે મૂળાના પીતા જેવા ખરચ્યા છે, ત્યારે મારો છોકરો નાગરના છોકરાને ટક્કર મારે તેવો થયો છે.

એ પ્રમાણે ભીખાની મા સૌ આગળ ફુલાય. ભીખાની પરીક્ષા ઉતર્યાના સમાચાર આવ્યા એટલે તેમણે ગામમાં ગોળ વહેંચ્યો, માતાને વધામણાં દીધાં, ને ઘેર નૈવેદ્ય કર્યાં; બ્રાહ્મણ તથા સગાં સ્નેહિયોને જમાડ્યા, અને સૌ આશરાઅતીઓને પણ સંતોષ્યા. ભીખો ગામમાં આવ્યો ત્યારે ગામના સૌ લોક તેને બોલાવવા આવ્યા. શાન્તિદાસને કહે કે " હવે બાપા અધુરૂં ન રાખશો, હવે તો ભીખારીદાસને મુંબાઇ મોકલો, બે પૈસા દેવું થશે તો જરબાજરીનો રોટલો ખાઇ પેટે પાટા બાંધી વાળી દેવાશે; પણ હવે તો એને મુંબાઇ મોકલો."

એમ બધા ઘણો આગ્રહ કરીકરીને કહેવા લાગ્યા. શાંતિદાસ ખાતા પીતા ગૃહસ્થ હતા, તેમની ખેતી મોટી હતી, તથા ઢોર ઢાંકર મસ હતાં, ને દાગો દુબી પણ ઘણું રાખતા; પણ નગદ પૈસાનું બહુ જોર એમની પાસે નહોતું, એટલે મુંબાઇ મોકલવાનું તેમનું મન કચુંપચું થતું હતું; પણ છોકરાનો, તેની માનો, તથા આખા ગામનો આગ્રહ જોઇ તેમણે પણ અન્તે નમતું મૂક્યું, ને ભીખારીદાસને મુંબાઇ ભણવા રાખવાનો વિચાર નક્કી કર્યો, ને ખરચ સારૂ ગામના શાહુકાર વનમાળીદાસને ત્યાંથી પ્રથમ રૂપિયા સોનો ઉધાર

કર્યો. વીદાય થતાં પહેલાં ભીખારીદાસને કોરે બોલાવીને કહ્યું કે, "ભાઇ, મ્હારી પાસે પૈસા નથી, મુંબાઇ તો ઇંદ્રપુરી જેવું છે, ત્યાં ભાત ભાતની જણસો મળે છે, તરેહ તરેહના શોખ ત્યાં થઇ શકે છે; માટે તું જો નીતિથી રહી નીચું માથું ઘાલી અભ્યાસમાંજ મન રાખવાનું કરે તો હું મોકલું; નહિ તો ખર્ચ વેઠવાનું માહરૂં ગજું નથી, માટે એ વિચાર આપણે માંડી વાળો."

ભીખાએ પોતાના બાપને પગે હાથ મૂકીને કહ્યું કે, "ભા, હું એક પાઇ પણ નકામી નહી ખરચું, અઢાર વરસનો થયો ને શું હું સમજતો નથી કે આપણા ઓરડામાં શું છે ને શું નથી?"

સરકારી કૉલેજ ઉઘડતાં ભીખારીદાસ મુંબાઇ જઇ તેમાં દાખલ થયા, ને અભ્યાસ શરૂ કર્યો. થોડા દાહાડા તો બાપની શિખામણ ને પોતાનું વચન હૃદેમાં રાખી ભીખારીદાસે ખૂબ મહેનત કરી. પછી ત્યાં જુના થતા ગયા ને છોકરાઓનો સહવાસ વધવા માંડયો, ત્યાંના પારસીના છોકરાઓના ચળકતા બુટ જોઇ એમનું મન વારંવાર એમ થતું કે, આપણે બુટ હોય તો કેવું સારૂં! એવા મનના ઉછાળા ઉપરાઉપરી થાય, ને ભીખારીદાસ તેને દાબી દે; પણ વળી પાછું ફરી ફરીને બુટનું મન થાય. એમ કરતાં કરતાં કેટલાક દાહાડા વહી ગયા. પણ છેવટે ભીખારીદાસનું મન રોકાયું રહ્યું નહિ! તેમણે વિચાર કર્યો કે, "આપણે વરસે દાહાડે ત્રણસો રૂપિયા ખરચીએ છીએ, તેમાં ત્રણ ચાર રૂપિયાના વિલાયતી બુટ લેવામાં કાંઇ વધી જવાનું નથી. બીજી ગમે તે રીતે કસર

કરીશું તો એટલા રૂપિયા ઉગરશે; એટલે બાપાનું મન પણ રહેશે, આપણું વચન પણ જળવાશે, ને આપણા જીવને ભાવતી વસ્તુ પણ મળશે." એમ વિચાર કરી તેમણે વિલાયતી બુટની એક જોડ લીધી. તે પહેરીને "ચમચમ" કરતા ફરે ને બુટ સામુ જોઇ મલકાઇ મલકાઇ જાય!

ચાર મહિને કૉલેજ બંધ થઇ ત્યારે ભીખાભાઇ પાછા ગામે આવ્યા. સગું વ્હાલું, ગામલોક સૌ ભાએ ગાડી એમને લેવા સામું આવ્યું હતું. ભાગોળે આવ્યા ત્યારે ભીખાભાઇ ગાડામાંથી ઉતર્યો; પણ ઉતરતા પહેલાં વિલાયતી બુટ કહાડી પહેર્યા, ને "ચમચમ" કરતા સૌથી આગળ ચાલ્યા. સૌ કહે કેમ ભાઇ આવ્યા કે, કેમ ભાઇ આવ્યા કે? સારા છો? કુશળ છો?" ત્યારે એ હળવે રહી કહે, "હા-હા." ગામના છોકરા પણ એમને જોવા આવ્યા હતા, કેમકે એ ગામમાંથી મુંબાઇ ભણવા સારૂ આ પહેલું કોઇ ગયું નહોતું, ને ભીખાભાઈ મુંબાઇ જઇ આવ્યા એ મોટી નવાઇ હતી.

ગામમાં આવ્યા પછી સાંજ સવાર હવા ખાવા ભીખારીદાસ નીકળે ત્યારે પેલા બુટ પહેરીને જાય. તે જોવાને ગામના બધા જુવાનીયા નીકળે. શાન્તિદાસના બીજા દીકરાઓના તથા દીકરીઓના દીકરા મળી આશરે પંદર વીશ હતા. થોડા દિવસ વીત્યા નહિ એટલામાં તેઓએ પોતપોતાની મા પાસે એવા બુટ સારૂ કંકાસ કરવા માંડયો. શાન્તિદાસના ભાઇઓના ઘરમાં પણ બુટ વાસ્તે ક્લેશ થવા લાગ્યો. ગામના બીજા કણબી વાણીયાના છોકરાઓને પણ એવા બુટનું મન થયું. બધા છોકરાઓની માઓ પોત-

પોતાના છોકરાઓ ભણીની તાણ કરે. પણ ભાયડાઓ એ માને નહિ. એમ બધાં સારાં ઘરમાં થોડો થોડો કંકાસ પેઠો. નીતની કળકળથી ભાયડાઓ છેવટે હાર્યા. એક એક સો એવા બુટ મંગાવવા લાગ્યા. દર ફેરા જયારે છુટી પડે ત્યારે ત્યારે ભીખારીદાસ મુંબઇથી પાછા આવે ને દર ફેળા જયારે આવે ત્યારે ગામના લોકના છોકરાની પચીસ ત્રીસ વિલાયતી બુટની જોડો લેતા આવે! એમ બે ત્રણ વરસ વીતી ગયાં, ને ગામમાં બીજી પુંજી વધી હોય કે નહિ, પણ બુટની પુંજી તો ઘણી વધી! ગામમાં વિલાયતી બુટની ત્રણસો જોડ થઇ. સાંજે બધા જુવાનીયા ખેતરે કે તળાવે ફરવા જાય ત્યારે એ બુટ પહેરીને જાય; ને એવા બુટવાળા છોકરાઓની હહારની હહાર આગળ પાછળ હર લેળા ગામમાં ફરતી દેખાય. તેથી કેટલાક લોકો માંહેમાંહે વાત કરે કે "ગામની શોભા સારી વધી." ત્યારે વળી બીજા કહે કે "એમાં શું કમાયા? ગામ વહેલું ભીખ માગશે."

વિલાયતી બુટ લાંબા ટકતા નથી, ને વરસ દહાડાની માંહે ફાટી જાય છે, એટલે જતે દહાડે એમ થયું કે ભીખાભાઇ જવા નીકળે તે દહાડે ગામલોક દોઢસો બસો બુટના પૈસા વળગાડે. આ પ્રમાણે બુટનો ચાલ જબરો થતો ગયો, ને ગામને માથે રૂપીયા એક હજારનો વરસે દહાડે વેરો ચોંટયો!

એક વાર ભીખારીદાસ ઉનાળાની છુટીમાં પાછા આવ્યા હતા, ને આંગણામાં ખાટલો ઢાળી બેઠા હતા. શાન્તિદાસ બાપા એટલે હાથમાં રૂપાની 'ને' વાળો હુક્કો ઝાલી ગુડગુડ કરતા હતા. બીજા થોડા પાટીદાર ને ગામલોક પણ હતા

સહેજ બેઠા હતા ને વાતો કરતા હતા. વનમાળીદાસ પારેખ પણ ત્યાં આવ્યા હતા.

વનમાળીદાસ—બાપા, ઝવેરાતે આપણું ખાતું ત્યાં ન ઘાલ્યું તો ઠીક.

શાન્તિદાસ—કેમ શાથી?

વનમાળીદાસ—આંકડો જરા વધતો જાય છે તે તમને ખબર હશે.

શાન્તિદાસ—લીધું ફક્ત પૂરું કરવું જોઈએ. છોકરાને મુંબઈ મોકલતાં પહેલાં શી રીતે હતું?

વનમાળીદાસ—ત્યારે તો તમારા સો પચાસ સિલકમાં રહેતા.

એમ વાતો ચાલી હતી તેવામાં આમના દશવીશ મોચી ભેગા થઈ આવ્યા. આવીને હાળીએ ઉતારી રાડ પાડવા લાગ્યા કે "બાપા, હવે તો હદ થયું; હવે તો બંધ કરો તો સારું."

શાન્તિદાસ—શું છે? વાત તો કહો.

મોચીઓ મધ્યેનો એક મોચી કે જેનું નામ સોમલો હતું તેને તેમણે કહ્યું, "સોમલા, તું ડાહ્યો છે, તું વિગત માંડીને વાત કહે, તમારે શું જોઈયે છીયે? ને ત્યારે શું દુઃખ છે? સગી મા હોય તેને પણ કહીયે તો દુઃખ જાણે."

સોમલો—દુઃખ તો ઘણું છે; ઘણા વર્ષ મરી જઈએ છીયે; પણ રોગ પ્રમાણે ઉપાય થાય તો ફળ વળે; એ તમારા હાથમાં છે. બાપા, તમો ઉપાય કરો તો થાય, નહિ તો એકે ઉપાય નથી, ને અમારા જીવ્યાનો આરો નથી.

શાન્તિદાસ—કરાશે, તું બોલ. જો મારા હાથમાં હશે તો હું ઉપાય કર્યા વગર નહિ રહું.

સોમલો—બાપા, દુઃખ તો બહુ છે. જુઓ, અમારાં મોચીનાં તમારા ગામમાં વીશ ઘરાં છે. જ્યારથી ગામ વસ્યું ત્યારથી અમો તમારી પછવાડે પછવાડે વસ્યા છીયે, ને તમારે શરણે પડયા છીયે. અમે આજ લગી ગામ લોકોના જોડા ને કોશ શીવતા ને અમારો ગુજારો કરતા. વળી એકાદ વીઘું જમીન હોય તો ખેડીયે પણ ખરા; એમ કરી દહાડા કાઢતા. પણ આ બે વરસથી અમારૂં પૂરૂં થતું નથી, ને છોકરાં ભૂખે મરે છે. ભીખોબાપો જ્યારથી મુંબઇ ગયા ત્યારથી અમારા દુઃખનું મંડાણ મંડાયું. એ એક બુટની જોડ લાવ્યા, એટલે અમને લાગ્યું ઠીક છે, એમાં શું માંહી? પણ હવે તો ગામમાં લગભગ એવી ચારસો પાંચસો વિલાયતી બુટની જોડ ખપે છે. અમો વરસમાં સો સો જોડ શીવીયે, એટલે મજુરીના ૫૦—૭૫ રૂપીયા કમાઇયે, ને અમારા દશ બાર ઘરનો નિભાવ એથી થાય. હવે આ બુટ આવ્યા એટલે એ જોડા ખપતા નથી. હવે પારસણોની પેઠે અહીંનાં બધાં બૈરાં જોડીઓ મુકીને બુટ પહેરશે તો બૈરાંનાં પગરખાં શીવવાનું કામ પણ અમારૂં જશે, ને જેટલા થોડા રહ્યા છે તે પણ નહિ રહે. અમારો ગુજારો તો ગામલોક ઉપર હતો, પણ ગામલોક તો બુટ પહેરે, એટલે આ દશા આવી. અમારાં છોકરાંને પેટ ભરી રોટલા પણ મળતા નથી. જો અમદાવાદના કે બીજા આપણા અહીંના ગામના બુટ હોત તો અમારામાંથી

ત્યાં જઇ શીખી આવત; અથવા ન શીખત તો છેવટે અમે ભૂખે મરત, પણ અમારી નાત કે ધંધાવાળા બીજાને રોજી મળત. પણ આતો વિલાયતી બુટ, એટલે અમારો એકે ઉપાય નથી, ને અમારે કોઇ પણ રીતનું મન વાળવાનું નથી, ને આમ ને આમ ચાલશે તો બધાં મરી પરવારીશું.

ભીખારીદાસ—કેવા બેવકુફ લોક છો ! તમારે વાસ્તે શું અમે બુટ નહિ પહેરીએ ? માણસને ગમે તે પહેરવાની છુટ છે. સાહેબ લોકો બુટ પહેરે છે. મુંબઇમાં ઘણી વસ્તી બુટ પહેરે છે, તે સૌ ગાંડા લોક હશે ? બેવકુફ લુચ્ચા લોક !

સોમલો—ગાંડા કે ઘેલા, પણ ભૂખે મરીયે ત્યારે શું કરીએ?

ભીખારીદાસ—ભુખે મરો છો તેમાં કોનો વાંક છે ? બીજો ધંધો કરો.

સોમલો—અમે મોચી લોક બીજો શું ધંધો કરીએ ?

ભીખારીદાસ—દુનીયામાં ઘણા ધંધા છે. ગમે તે કરો.

સોમલો—શું અમો કુંભારનું કામ કરીયે કે દરજીનું કામ કામ કરીએ કે લવારનું કામ કરીએ કે સોનીનું કરીએ, કે હજામનું કરીએ ? શું કરીએ કહો ભીખાબાપા.

ભીખારીદાસ—ત્યારે મજૂરી કરો. મજુરીમાં શું આવડવું છે?

સોમલો—અમોએ કોઇ દહાડે મજુરી ન કરેલી તે શી રીતે મજુરી થાય ? મજુરીમાં હાથ પગમાં જોર જોઇયે. અમને ચાર પૈસા પણ કોણ આપે?

ભીખારીદાસ—ત્યારે પૂરું ન થાય તો પરગામ જઇ વસો.

સોમલો—આ ગામમાં અમારી વીશ પેઢી થઇ, ને હવે ઘરબાર છોડીને ક્યાં જઇએ? અહીંનાં ઘર શી રીતે ઉપાડી જઇએ?

નાત જાત, સગુંવહાલું, બધું અહીં રહ્યું, ને પરગામ શી રીતે જવાય? બાપા આટલું બધું અમને કહો છો ત્યારે તમે વિલાયતી બુટ ન પહેરો તો શું સત્યાનાશ વળી જાય? મોચી મજુરી કરે, બીજો ધંધો કરે, ગામ છોડી જાય, તે કરતાં પાટીદાર વિલાયતી બુટ ન પહેરે તો શું બગડે?

શાન્તિદાસ—(વચમાં બોલ્યા) "ભીખા તું છાનો રહે. આ મોચી કહે છે તે વાત જાણવા જેવી છે. ઉતાવળીઆવેડા કરી એને તરછોડીશ નહી."

એટલામાં ગામના પારેખ જગજીવનદાસ આવ્યા. તે કહે કે, "આ શી ભાંજગડ ચાલે છે?"

શાન્તિદાસ—મોચી રાડ પાડતા આવ્યા છે કે, ગામમાં બુટ આવ્યા તેથી અમે ભુખે મરીએ છીએ.

જગજીવનદાસ—હા, મોચી મને કહેતા હતા, ને બીજાં વસવાયાં પણ થોડી થોડી બુમ પાડે છે. પુંજીઓ કુંભાર કહે છે કે, આ વરસે મોચી લોકોએ માટી નાખી સુખડી લીધી નથી. પશવો દરજી કહે છે કે, મોચી લોકોની શીલાઇ એણે મને મળી નથી. એ રીતે છે માટે આપણે ચાર જણ મળીને વિચાર કરીએ તો સારૂં.

શાન્તિદાસ—કહો તો બધા કાલે મળીયે.

જગજીવનદાસ—ઠીક, હું બધાને કહાવીશ, ને રામનાથમાં કાલ પાછલા પહોરે મળીશું.

બીજે દહાડે શાન્તિદાસ બાપા, એમના ભાઇ ભત્રીજા, ગામના બીજા પાટીદાર, જગજીવન પારેખ, નાથાભાઇ મોદી, જુગલદાસ તલાટી તુળશીરામ મહેતા વગેરે બધું ગામ

શામનાથ મહાદેવમાં ભેગું થયું. ત્યાં વસવાયાં પણ વણુતેડ્યાં પેટનાં બળ્યાં ભેગાં થયાં હતાં. સોમલો મોચી તથા બીજા મોચી તથા દરજીના ને કુંભારના આગેવાનો આગળથી આવ્યા હતા. બધાએ પહેલાં તો મોચીની વાત સાંભળી. ત્યાં ભીખાભાઇ પણ ગયા હતા. તેમણે અંગ્રેજી વિદ્યાનો આધાર બતાવીને એક મોટી બરોરીયા ચોપડી હતી તે ઉપરથી એક લાંબું ભાષણ કરવાની તૈયારી કરી હતી. તે ઉભા થયા અને બોલવા લાગ્યા, પણ એમના બાપ ને કાકા કહે, "બેસ બેસ, તું ભણી આવ્યો તે જાણ્યું. હજુ તો અમારૂં ખરચ ખાય છે! જયારે બે પૈસા કમાય, ને દુનિયા કેમ ચાલે છે તે સમજે ત્યારે તારૂં ભાષણ બહાર કાઢજે."

બધાં વસવાયાંની વતી જગજીવન પારેખ પ્રથમ બોલ્યા. તે કહે કે, "આ બુટની મોકાણે આઠ-દશ મોચીના ઘરનો ધંધો બંધ પડયો છે, ને તેમને ખાવા પિવાની બહુ હરકત પડે છે. મોચી નરમ થયા એટલે તેમની ઘરાકી વાળા કુંભાર, દરજી, વગેરે પણ નરમ થયા છે; ને બે પૈસા જેના લેણા દેણા છે તે શાવકારનું પણ લેણું ડુબવા વખત આવ્યો છે; અને ધક્કો આખા ગામને લાગશે. કોઇએ એમ ન સમજવું કે, એમાં મારે શી લેવા દેવા છે; બધાનું સારૂં હોય તો આપણે સારૂં ને નરતું હોય તો આપણે નરતું; હું અમદાવાદ ગયો હતો ત્યાં પણ આવાં ને આવાં રોદણાં છે. સોનાનાં ઘરેણાં વિલાયતથી તૈયાર થઇ આવે છે. ને તે એવાં આંખને ગમે તેવાં હોય છે કે, આપણા ખરા દાગીનાને પણ કોરે મૂકે; એટલે સોનીનો ધંધો બાર આની ગયો. છે લવારનો ધંધો તો બીલકુલ બંધ

પડી ગયા જેવોજ છે, લવાર મજુરી કરે તેને અંગ્રેજી કારખાનામાં રોજ સારો મળે છે; પણ ચપ્પુ, કાતર અને ખીલા કરનારાનો બીલકુલ રોજગાર બંધ પડયા જેવોજ છે. વિલાયતી કાપડ કરોડો રૂપિયાનું આવે છે, તેથી સાળવી, વણકર, છિપા બાંધણીગર વગેરેનો ધંધો ગયો છે. લોક ઘણાં લુગડાં પહેરે છે તેથી દરજી ને ધોબી શહેરમાં તાજા દેખાય છે: પણ એકંદર કારીગર તથા વેપારીને પરદેશી માલ આવવાથી અથાગ નુકશાન થયું છે, ને હજુ તો ક્યાં? શહેરમાં કોઇ ધણીધોરી નહિ એટલે વિટંબના ભારે પડે છે. આપણે જો બધા મળીને કરીએ તો બંદોબસ્ત કરવા સમર્થ છીએ; માટે મારી ધ્યાનમાં આવે છે કે, આપણે આપણા ગામ પુરતો ઠરાવ કરીએ તો ઠીક."

શાન્તિદાસ—શો ઠરાવ?

જગજીવન—હાલ તો એટલો કરો કે ગામમાં કોઇ પરગામના બુટ ન પહેરે, એટલું થાય તો મોચીનું દુ:ખ ટળે.

શાન્તિદાસ—કેમ ભવાનીભાઇ શું ધાર્યું ?

ભવાનીદાસ—હા, હા. સો ફેરા એવો બંદોબસ્ત કરવો જોઇએ.

નાથાભાઇમોદી—આપણે પણ કબુલ છીયે, કેમ તુળશીરામ મહેતા ?

તુળશીરામ મહેતા—આપણે પણ સો ફેરા કબુલ.

જુગલરામ તલાટી—વારૂ બૈરાંને ઘેર પુછ્યું ? છોકરાં ઘેર કંકાસ કરશે તો તેમની માઓ કૂમક કરશે તેનું શું ધાર્યું ?

શાન્તિદાસ—છોકરાં અને તેની માઓ જખ મારેછે.

બધાં કહે વાહવા, બાપા વાહવા, ત્યારે ચાલો આપણે મં-દીરમાં તુળસી ઉપાડો. બધા મદીરમાં ગયા, ને ઠાકોરજી આગળ તુળશી ઉપાડી સૌએ જુદા જુદા સમ ખાધા. કે, "પરદેશી બૂટ લાવીએ તો ઠાકોરજી અમને પુછે" ને પછી બધા વેરાયા.

ગામ સપીલું હતુ, ને લોક લાંબી નજર વાળા હતા, તો પણ આ વેગા ઠરાવ પાળવામાં થોડી આનાકાની થઇ, ને ઘેર ઘેર થોડી કચકચ પણ થઇ; પણ શાન્તિદાસે પોતાના ઘેરથી પહેલ કાઢી ભીખારીદાસને જોડા પહેરાવ્યા. અંતે બધા ગૃહસ્થોએ સોગન પાળ્યા, છ મહિને મોચી પાછા આગળ જેવા ખાતા પીતા થયા ને બીજા કારીગરો તાજા થયા.

અંબાલાલ સાકરલાલ દેસાઇ

મલ્લરાજની મનોદશા.

શય્યાગૃહમાં જતાં-જતાં રાજા મનમાં વિચાર કરવા લાગ્યો.

"ડાહ્યા ડાહ્યા તે વધારે ખરડાય, દત્તકની લત્તકમાં ઇંગ્રેજોને આ સમય આવ્યો. ખ્યાદળ મરવા દઇ વજીર લેવો એ ચતુ-રંગનો દાવ ઇંગ્રેજો જાણે છે છતાં આમાં ભૂલ્યા. ગમે એટલું પણ સુગ્રીવજીની સેનાકની? રાજા એકલો ખડખડ હસ્યો.

"પણ ભા, યાદ રાખજે કે સારા થશો તો સારાઓ આશ્રય આપશે, ખોટું કરશો તો ખોટું શીખવશો ને ખત્તા ખાશો ને ખવાડશો. અમારા શુદ્ધ ક્ષત્રિય રાજાઓ! અમારા શુદ્ધ રજ-

પુતો! સહુ બહુ થશે ત્હોયે આખરે આ નસોમાંનું લોહી! તે ખુટશેતોયે ખરચાશે—પણ એક સરતે—એ લોહી તમારે સારૂં ખરચાય એવો તમે અધિકાર રાખ્યો હશેતો! ઈશ્વેજો સારા રહેજો અને સારા રાખજો ! તમારા ગુણ મહારાજ પીછાને છે—તમે દેશી રજવાડાના ગુણ પીછાનજો !—તમે અમારૂં રત્ન છો; અમે તમારૂં રત્ન છીએ—ક્ષત્રિય રત્નો ઉપર કચરો હોય તે સાફ કરશો તો તે માંહ્યથી પ્રકાશ નીકળશે અને રત્ન તમને મુલ્યવાન થઇ પડશે ! દેશી રાજ્યો તમારા હાથમાં આ સમે થયાં છે તેવા મુલ્યવાન રત્નો છે—તેની સાથે તમારી મર્કંટ વિદ્યા ન વાપરશો ! ”

“પછી સુગ્રીવજીની જાત ઉપર જઇ રત્નો ઉપરનો કચરો ચાટી જઇ માંહ્યનુ રત્ન પણ તજી નાખો જાત ઉપર જવાનો તમને અધિકાર છે. જાત ઉપર જશો તો કોણ ના કહેશે ! તમે મર્કંટની જાત ઉપર જશો અમે માણસની જાત ઉપર જશું”.

મહારાજ ફરી ખડખડ હસી પડયો તે આ પળે શયનગૃહ આગળ આવ્યો હતો તેમાંથી એનુ હાસ્ય સાંભળી હસતી હસતી મેનારાણી દ્વાર ઉઘાડી બહાર આવી “તમારા કારણ જાણવાનો અધિકાર પણ અમને હશે કે નહિ!” એમ કહી રાણીએ એક હાથ રાજાની કેડે વીંટયો અને બીજે હાથે એના માથા ઉપરથી મંદીલ ઉતાર્યું”

“ હા, મ્હારા! રત્ન! કહી રાજાએ રાણીને અંદર ખેંચી. તેમની પાછળ દ્વાર બંધ થયાં. અને આ સાથે આપણું પ્રકરણ પણ બંધ કરીએ તો મર્યાદા જળવાય.

સરસ્વતિચંદ્ર ભા. ૩ જો.

અમર રહો માતા કોરીઆ.

કોરીયાની રાજધાની સીઉલ શહેરની એક નિશાળમાં એક દિવસ મેળાવડો મળ્યો હતો. જાપાની બડેખાંઓએ બાળકોને રાજભક્તિનાં ભાષણો દીધાં. શિક્ષકોએ પોતાના મહેમાનોને ગળે ફૂલહાર પહેરાવ્યા. બધાં બાળકો સભા ખતમ થવાની આતુર હૃદયે રાહ જોતાં હતાં. એ શેની વાટ જોતાં હતાં? મીઠાઇની?

છેવટે એક તેર વરસનો કિશોર બાળક મોખરે આવ્યો ને બહુજ વિનયભર્યું ભાષણ કર્યું. જાપાની અમલદારો ખુશખુશ થઇ જાય એવું રાજભક્તિથી તરબોળ એ ભાષણ હતું. ભાષણનો અન્ત આવતો હતો. બોલનાર બાળકે શરીર ટટાર કર્યું. એની છાતી ધસીને બહાર આવી ને એની આંખોમાં ઊંડા નિશ્ચયની કાન્તિ ઝળકી રહી.

એ નિશ્ચય શાનો હતો? મોતને ભેટવાનો. બાળક એવા શબ્દો ઉચરવા જતો હતો કે જે શબ્દોએ હજારોનાં માથાં દીધાં હતાં. બાળકને આ વાતની ખબર હતી. એણે એ શબ્દો ઉચ્ચાર્યા. "હવે થોડું જ બોલવા દેજો, તમારી પાસે અમે એક જ વસ્તુ માગી લઇએ"

આટલું કહેતાં એનો હાથ છાતી ઉપર પડ્યો. એ સાથે તો ત્યાં બેઠેલા સેંકડો બાળકોના હાથ પોતપોતાની છાતીમાં પેઠા. જાપાનીઓ ઝબક્યા! બાળકોએ પોતાના ડગલાની અંદર—છાતી ઉપર શું સંતાડ્યું હશે? પીસ્તોલો, બૉમ્બો કે નાની નાની કાતિલ છુરીઓ?

બોલનાર બાળકનો હાથ બહાર આવ્યો. હાથમાં માતૃભૂમિનો નાજુક વાવટો! એણે હાકલ કરી, "અમારી મા અમને પાછી સોંપો! અમર રહો માતા કોરીયા!"

ચારસો હાથ આકાશ તરફ ઉંચા થયા. ચારસો નાના વાવટા હવામાં ઉડવા લાગ્યા. ચારસો કંઠની અંદરથી ધ્વનિ ઉઠયો, "અમર રહો મા, અમર રહો મા, અમર રહો માતા કોરીયા!"

ટપોટપ ગજવામાંથી સરકારી નિશાળોનાં સર્ટિફિકેટો ટુકડે-ટુકડા થઇને જમીન ઉપર પડયાં, અને મીઠાઇ વહેંચવા આવેલા મહેમાનોને દિગ્મુઢ હાલતમાં મુકીને ચારસો રોષ-યુક્ત, ગર્વયુક્ત, ભયયુક્ત ચહેરાઓ મંડપમાંથી એક તાલે કદમ મુકતા બહાર નીકળ્યા. પ્રવાહમાં જેમ પ્રવાહ મળે તેમ બાળકબાળિકાઓનાં ટોળાં એકઠાં થયાં ને માતા કોરીયાનો જયઘોષ કરવા લાગ્યાં.

એ કાંઇ તમાશો ન હતો. કોરીયાનું પ્રત્યેક બાળક પણ જાણતું હતું કે જાપાની રાજ્ય કોરીયાનો વાવટો ઉડાવનારનું માથું ઉડાવે છે; પછી તે માથું બાળકનું હો કે બાળિકાનું.

નાગી તરવારો લઇને સિપાઇઓ એ બાળકોની સુન્દર મેદિની ઉપર તૂટી પડયા. ચારસો બાળકબાળિકા પકડાયાં. ઘણાંયે ઘવાયાં. પાદરીઓની ઇસ્પીતાલોમાંથી પંદર રમણીઓ પિતા જીસસનાં પ્યારાં શિશુઓની સહાયે દોડી. એ પણ પકડાણી કુમારીકાઓએ કસી કસીને પોતાના અંગ ઉપર ચોળીઓ ને ચડ્ડીઓ શારી લીધેલી, તે ચીરીને સિપાઇઓએ બધીને નગ્ન કરી ભરબજારે ઉભી રાખી માતા કોરીયાનાં સં-

તાનોની આંખમાંથી આ દેખાવે લોહી ટપકાવ્યાં, છેડાયેલી જનતા તોફાન પર આવી. લોકો રાવ લઇને પોલીસ ા વડા પાસે દોડયા. જાપાની અધિકારીઓએ જવાબ વા । કે "રમણીઓને નગ્ન કરવાનું જાપાની કાયદામાં મંજુર છે."

આ જાપાન કોણ? આપણી માતાની એશીઆઇ બ્હેન! જેણે સૈકાઓ સુધી જુલ્મની સાંકળો ઉંચકીને આખરે એક દિવસ એ સાંકળોને તોડી નાખી; જેણે પોતાના શૌર્યથી ને કળાકૌશલ્યથી આખા યુરોપને તેમજ અમેરિકાને ચકિત કર્યું; જેણે જગતમાં એશીયાની ઇજ્જત જાળવી.

આવું પ્રતાપી ને સમૃદ્ધિશાળી જાપાન કોરીયાને શા માટે સંતાપે છે? બે કરોડ નિર્દોષ ને શૂરવીર મનુષ્યોએ એનો શો અપરાધ કર્યો છે? દુનિયાના એક ખુણામાં પડયો પડયો એ પ્રાચીન દ્વીપકલ્પ ચાર હજાર વરસો થયાં સ્વતંત્રતા ભોગવતો હતો, પોતાનો કીર્તિવંત ને નિષ્કલંક ઇતિહાસ પોતાનાં બાળકોને ભણાવી રહ્યો હતો. એનાં સંતાનોને ગા-વાની કવિતા હતી, પોતાના સુન્દર મનોભાવો પ્રગટ કરવા એને શીલ્પકળા હતી. પોતાને આંગણે બેઠી બેઠી એ પ્રજા પેગોડા બાંધીને બુદ્ધદેવની બંદગી કરતી હતી. આવી નિર—પરાધી શાન્તિપ્રિય પ્રજાએ જાપાનનું શું બગાડયું?

સવાલનો જવાબ સવાલથી જ દઇએ. ઇજીપ્તે અને આ-યર્લૅંડે ઇંગ્લાંડનું શું બગાડયું? હંગરીએ ઑસ્ટ્રીયાનું શું બગાડયું? કોંગોવાસીઓએ બેલજીયમનું શું બગાડયું? અને ભારતવર્ષે બ્રિટાનીયાનો શો અપરાધ કર્યો?

કોરીયાનો અપરાધ એટલો કે એણે પોતાની ભૂમિ ઉપર જાપાનને પગ મેલવા દીધો; એણે જાપાનને નીતિ ને સાહિત્ય શીખવ્યાં; શિલ્પ અને હુન્નરો શીખવ્યાં. વધુ અપરાધ એ કે કોરીયા ચીનને આશરે આનંદ કરી રહ્યું હતું. એથીએ વધુ અપરાધ એ કે એનાં કેટલાંએક અણસમજુ સંતાનોએ જાપાની લોકોને પોતાની ભૂમિમાં દાખલ થતાં અટકાવ્યા ને થોડાકને ઠાર કર્યા. સૌથી મોટો અપરાધ તો એ કે કોરી—યામાં વેપાર વાણિજ્ય ખૂબ કસદાર હતાં, એને ખૂબ મોટાં મોટાં કિંમતી બંદરો હતાં, પણ વેપાર ખીલવનારા વેપારી—ઓની કોરીયામાં ખેંચ હતી. કોરીયાનો રાજવહીવટ ચાર હજાર વરસો થયાં ચાલતો, પણ એમાં જાપાની નજરે ઘણા દોષો હતા! કોરીયામાં રેલો હતી; પણ એની સુવ્યવસ્થા કરનારા જાપાની અમલદારો નહોતા! ને! કોરીયામાં સોનાની ખાણો હતી!

કોરીયાની કથામાંથી.

માતુશ્રી કસ્તુરબાએ [illegible]એ.

ઉપર જણાવેલ સત્યાગ્રહની લડત શરૂ કરવાનો નિશ્ચય કરીને ગાંધીજી ફિનીક્સથી નાટાલમાં પાછા ફર્યા. આખા દિવસનો કાર્યક્રમ પૂર્ણ થયા બાદ દરરોજ સાંજે પ્રાર્થના થયા પછી રાજકીય ચર્ચા થતી તેમાં ગાંધીજી આશ્રમમાં રહેતા ને બહા-

ઓને પુરેપુરી હકીકત સમજાવતા. સરકારની આપણા તરફની વર્તણુક, તેમાં ઉભી થયેલી મૂશ્કેલીઓ, કાયદેસર શું હોવું જોઇએ તેની બાતમી, સરકારપક્ષી તથા પ્રજાપક્ષી ગ્રહસ્થોની હીલચાલ, સરકાર સાથે ચાલેલો પત્રવ્યવહાર, સરકાર કેવી બાજી રમેછે તેનું ધ્યાન, સત્યાગ્રહની લડત ક્યારે શરૂ કરવી? કેવી રીતે કરવી? જેલમાં કેવી વર્તણુક ચાલે છે? અન્યાયી વર્તણુક સામે શું કરવું? જેલમાંથી બહાર નીકળ્યા બાદ શું કરવું? પાછા જેલમાં ક્યારે જવું? વગેરે અનેક હકીકતોના ખુલાસા ગાંધીજી આશ્રમવાસીઓને કરતા. અને જરૂરની સુચનાઓ આપતા. આમ ઘણા માસ સુધીના અભ્યાસથી જે ન થઇ શકે તે દરરોજની પ્રાર્થના પછીની એકાદ કલાકની વાર્તાથી પોતાની જેલની બધી સામગ્રી બાંધી લીધી અને તૈયાર થયા. આમાં કસ્તુરબા માટે ગાંધીજીએ ખાસ પ્રયત્ન કર્યો. તેની જરૂર પણ હતી. શરૂઆતમાં સને ૧૯૧૩ માં કેપટાઉનની હાઇકોર્ટના એક જડજ સાહેબે સરકારની પ્રેરણાથી હિન્દી કોમનું ઉંધુ મારવાનું કામ હાથમાં લીધું. એક મુસમાન સ્ત્રી હિંદુસ્તાનથી ત્યાં ગઇ. તેનો પતિ કેપટાઉનમાં રહેતો હતો. સરકારે તેને અંદર દાખલ થવા દીધી નહિ. અપીલમાં તેનો કેસ કોર્ટમાં આવ્યો. ત્યાં ન્યાયનું તાજવું લઇને બ્રિટીશ ન્યાયાસન ઉપર બેસનાર ન્યાયમૂર્તિએ એવો ચુકાદો આપ્યો કે "આ મુસલમાન સ્ત્રીનું લગ્ન હિંદીધર્મની ક્રિયા મૂજબ કરવામાં આવ્યું છે. પણ જે લગ્ન ખ્રીસ્તિધર્મની ક્રિયાનુસાર થયાં ન હોય તે આ યુનીયન સરકારને મંજૂર નથી. તેથી આવાં લગ્નો આ કોર્ટ ગેરકાયદેસર ગણે છે. હિંદી સ્ત્રીઓ

પોતાના પતિની કાયદેસર પત્નીઓ કહી શકાય નહિ. આવા કારણ પરત્વે આ બાઇ કેપકોલોનીમાં દાખલ થઇ શકે નહિ." આ ચુકાદાથી તો હિંદી કોમનો રાદન્તર નાશ હતો. એટલુંજ નહિ પણ કાયદેસર વારસ નહિ ઠરવાથી હિંદી મીલકતનો વારસ સરકારજ થઇ શકે. વળી હિંદી ધર્મોનુ અને હિંદી સ્ત્રીઓનું પણ આમાં હડહડતું અપમાન હતું. વધુમાં આ કાયદા પછી 'યુનીયન પાર્લામેન્ટ' ભરાઇ તેમાં પણ આવોજ કાયદો સરકારે પસાર કર્યો. ગાંધીજી સરકારની આ બૂરી ઇચ્છા સમજી ગયા અને આમ નજ થવું જોઇએ એવી સરકાર પાસે માગણી કરવા છતાં કાંઇ બની શક્યું નહિ. આ પ્રશ્ન એવો ભારી હતો કે એકની ખાતર પણ સત્યાગ્રહની લડત ચલાવવી જોઇએ. આમાં સ્ત્રીઓએ પણ ભાગ લેવો જોઇએ. પ્રથમ કસ્તુરબા તૈયાર થાય એવી એમની પ્રબળ ઇચ્છા હતી. તે ઇચ્છાના પ્રથમ પ્રયત્નમાં જે વાતો માતુશ્રી કસ્તુરબા સાથે થઇ તેજ આ પ્રસંગમાં મુખ્યત્વે જણાવવાની છે. છતાં તે આપ્યા પહેલાં ઉપરની હકીકત જરૂરની ધારી પ્રસ્તાવરૂપે આપી તે માટે વાચકોની ક્ષમા યાચીશ.

એક દિવસે—આશરે સને ૧૯૧૩ના ઑગસ્ટ માસના દિવસોમાં—સવારે બાપુજી અને કસ્તુરબા બન્ને જણ રસોડામાં હતાં. વિદ્યાર્થીઓ તેમજ અન્ય મળીને ત્રીસથી પાંત્રીસ જણની રસોઇ થતી. તે રસોઇ કરવામાં ગાંધીજી અને કસ્તુરબા પણ સામેલ થતાં. મને એમ યાદ છે કે કસ્તુરબા રોટલી વણતાં હતાં, અને ગાંધીજી રસોડામાં છુટક કામ કરતા. આ પ્રસંગે ગાંધીજીએ હસતાં હસતાં કહ્યું:—"તને એક હકીકત કહું ?

તું ગુસ્સે તો નહિજ થાય ને ?"

"તમારા ઉપર ગુસ્સો ? શા કારણે ? હું ક્યારે તમારા ઉપર ગુસ્સો કરૂં છું ?"

"ના મારા ઉપર નહિ, પણ સરકાર ઉપર."

સરકાર ઉપર ? મને સમજણ પડતી નથી કે હું શા માટે સરકાર ઉપર ગુસ્સો કરૂં ?"

"કારણકે સરકાર એવું કહે છે કે તું મારી ઓરત નહિ પણ રાખ (રાખેલી સ્ત્રી) છે."

"કહ્યું સરકારે ! તેનું કપાળ ! સરકારને તેવું ક્યાંથી સૂઝે છે ! સ્મટસ નિર્લજ્જ જણાય છે. તેનું તો માથું ફેરે તેજ દાવનો છે.'

"શું કરવું તે તમે સ્ત્રીઓએ જોવાનું છે અમે અમારૂં ફોડી લઇએ છીએ. હવે તમારા ઉપર ધાડ આવી છે. તેનો ઉપાય તમે સ્ત્રીઓ કરો."

"અમે શું કરીએ ! અમારાથી શું થાય ?"

"અહો ! તમારાથી ઘણું થાય અમે જે ન કરી શકીએ તે બધું તમારાથી થાય."

"કહો ત્યારે શું થાય ?"

"હું કહું તે તું માનીશ? મ્હારા બતાવ્યે રસ્તે તું જઇશ?"

"થાય તેવું હશે તો જરૂર માનીશ, કહો તો ખરા ?"

"અમે જેમ સરકાર સાથે લડીએ છીએ તેમ તમે પણ લડો."

"તમે શું લડો છો? તમે તો જેલમાં જઇને બેસો છો."

"તમે પણ જેલમાં જાઓ. અને સહુથી પ્રથમ તું જા."

"જેલમાં જવાય ? સ્ત્રીઓ જેલમાં જઇ શકે ?"

"હા, સ્ત્રીઓ તેથી પણ વધારે દુઃખ વેઠી શકે છે. તું એમ તો માને છે ને કે આપણી લડત સત્યની છે?"

"હા, હું એમ માનું છું. જનરલ સ્મટસ આપણને નાહક સતાવે છે."

"તો સત્યને ખાતર આપણે શું દુઃખ ન ઉઠાવી શકીએ? સત્યવાદી હરિશ્ચન્દ્ર રાજાએ સત્યની ખાતર રાજપાટ તજ્યું, ભૂખમરાથી ટળવળ્યા, અંતે તેજ સત્યને ખાતર પોતાના રોહીદાસ દીકરાને વેચ્યો, પોતાની તારામતી સ્ત્રીને વેચી, છોકરો તથા તારામતી બન્ને રાજીખુશીથી વેચાયાં, અસહ્ય દુઃખ વેઠવું પડ્યું. આવું દુઃખ આપણે નથીજ સહન કરી શકવાનાં. એવા મહાપુરૂષોને એવાં દુઃખ પડ્યાં તો આપણે શી વિસાતમાં?"

"પણ એ ક્યાં અને આપણે ક્યાં? તે તો દેવ પુરૂષ જેવાં." અને આપણે તેમનાં છોકરાં પણ દેવપુરૂષ જેવાં ઇચ્છીએ તો થઇએ. તેમણે તેવુ જોર ન બતાવ્યું હત, તો દેવ પુરૂષ જેવાં "ન મનાત. તારામતીના કૂળની તુ અને હરિશ્ચન્દ્રના કુળનો હું આપણે પણ તેજ રસ્તે જઇ શકીએ." વળી જો આપણા ધર્મ મુજબ તો જયાં તું ત્યાં તું; અને તું ત્યાં હું હોવા જોઇએ. નળ પાછળ દમયંતી ગઇ, સાત દિવસોના અપવાસ સહ્યા. જંગલમાં ભમી. પારધીનો ત્રાસ સહ્યો, માસીને ત્યાં છુપી રહીને ગુલામી કરી. આ બધું આપણે કેમ ન કરી શકીએ? દમયંતીએ જે કર્યું છે તેવો તારો ધર્મ નથી? અને પછી મારી સ્ત્રી નહિ પણ સરકાર કહે છે તેમ મારી રાખ થવું હોય તો તારે કાંઇ સહન કરવાનું રહેતું નથી. બોલ ત્યારે તારે મારી રાખ થવું છે કે પત્ની થવું છે? રાખ થવું

હોય તેને કાંઈપણ કહેવાનું નથી, પત્ની થવું હોય તો મરવું પડશે. શું પસંદ છે?"

"રાખ તો નહિજ" કસ્તુરબાએ દૃઢ નિશ્ચયપૂર્વક કહ્યું.

"તો અમારી સાથે જેલમાં જવા તૈયાર થા."

"તમે જશો અને કહેશો તો અમારો છુટકો છે?"

"કેમ હા છે ને? જેલમાં જવાની હિંમત છે ને?"

"હા તૈયાર છું, જેલમાં જઈશ."

"પણ એક શરત. જ્યાં સુધી સમાધાન થાય નહિ ત્યાં સુધી બહાર નીકળવાનું નહિ. જેલમાંથી નીકળ્યા કે તુરત પાછું જવાનું. જઈને પાછી પડે તે કરતાં બીલકુલ ન જાય તે સારૂં."

"પણ જેલનો ખોરાક મને સહી શકશે?"

"તું ફળાહાર કરજે. ફળ સિવાય બીજું કાંઈ ખાઈશ નહિ."

"જેલમાં સરકાર ફળ આપશે?"

"સત્યાગ્રહથી ફળ પણ લેવાશે. જ્યાં સુધી ફળ આપે નહિ ત્યાં સુધી ઉપવાસ કરવા."

"તમે તો મરણનો રસ્તો બતાવ્યો. મને તો લાગે છે કે હું પાછી આવનારી નથી જેલમાંજ મરી જઈશ. મારૂં શરીર સાવ બિમાર છે."

"અહો તેથી બીજું રૂડું શું? તારો અને મારો ભોગ આ સેવાની ખાતર દેવાનો પ્રસંગ તેજ મારે જોઈએ છે. તું જો જેલમાંજ મરીશ તો તેના જેવો આનંદ મોક્ષ મેળવવામાં પણ મને નથી મળવાનો; અને ખરેખર હું તને જગદંબા તરીકે પૂજીશ."

પૂજ્ય કસ્તુરબા તૈયાર થયાં. જેલમાં ત્રણ માસ રહ્યાં. ફળાહારનો ખોરાક મેળવતાને ત્રણ દિવસ સુધી મેરીટ્સબર્ગની

જેલમાં અપવાસ કરવો પડયો ત્રણ માસ પૂરા થતાં હાડ, ચામ અને તેમાં રહેતો પ્રબળ થયલો આત્મા લઇને બહાર નીકળ્યાં.

આ કર્મસંન્યાસ વિના હિંદનો અને માનવજાતીનો ઉદ્ધાર સંભવે છે ખરો ?

મહાત્મા ગાંધીજીના જીવનના કેટલાક પ્રસંગો.

મહારાજની અભિલાષા.

એક દિવસ રાજા, વિદ્યાચતુર અને કુમારને લઇ સુંદર ગિરિના શિખર ઉપર ગયો. ત્યાં તંબુ નંખાવી પાસે એક સુનેરી ગાદી નંખાવી રાજા બેઠો બેઠો સામેના સમુદ્ર ભણી દૃષ્ટી કરી રહ્યો છે મુછો ઉપર આમળા નાખે છે, એટલામાં મોટેક છેટે પર્વતના તટ આગળ વિદ્યાચતુરની આંગળીએ વળગી કુમાર ઉભો અને જમણો હાથ અને તેની તર્જની લાંબી કરી ગુરુને પુછવા લાગ્યો.

" ચતુરજી, આ સામે દરિયો કેટલો હશે? "

" કુમાર, તમે ભરતખંડનો નકશો જોયો છે તેમાં આ પાસથી પેલી પાસ દરિયા સુધી જેટલી જમીન છે તેથી બમણો હશે. "

" તેના પછી શું હશે ? "

" આપણા જેવી જમીન. "

" તેમાં માણસો હશે ? "

" હા "

" તે પછી શું આવે ? "

" પાછો દરીયો. "

" તે પછી શુ ? "

" પાછી જમીન. "

" તેમાં પણ માણસો હશે ? "

" હા. "

" તે કેવાં હશે "

" આ સાહેબ લોક આવે છે તે ત્યાંના. "

" તેમને રાજા હશે ? "

" હા. "

" તે રાજાને કુમાર હશે ? "

" હા. "

" સાહેબ લોક અહીં આવે છે તેમ આપણા લોક ત્યાં જતા હશે ? "

" કોઇક. "

" ત્યારે સાહેબ લોક આટલા બધા અહીં શું કરવા આવતા હશે ? "

" આ દેશમાં રાજ્ય કરવા. "

'ત્યારે મહારાજાને કહોને કે આપણે પણ એ દેશમાં જઇ થોડુંક રાજ્ય કરીએ ?"

"એ આપ કહો ત્યારે."

મલ્લરાજ આ વાતો રસથી સાંભળતો હતો તેના ભણી ફરી મણિરાજ પિતા પાસે આવ્યો અને બોલ્યો "મહારાજ આપણે

તો આ સાહેબ લોકના દેશમાં ચાલો ને રાજ્ય કરો—મને અહિયાં તો કાંઇ ગમતું નથી”

મલ્લરાજ અંતરમાં નિશ્વાસ મુકી બહારથી હસીને બોલ્યો “કુમાર હું તો ઘરડો થઇ ગયો હોતો તમે મોટા થાવ ત્યારે કાંઇ કરજો. વિદ્યાચતુર !—નેત્ર ભીનાં કરી મલ્લરાજ બોલ્યો રજપુતાઇ રંડાઇ ! રજપુતના દીકરાઓના અભિલાશ અને રંક રાંડીરાંડોના દીકરાના અભિલાષ તે હવે સરખા સમજવા.

સરસ્વતીચંદ્ર ભાગ ૩ જો

માઘમાનવ.

એક વખતે માઘમાનવ નામનો જમીનદાર એક ગામડામાં રહેતો હતો. કોઇ જીવની હિંસા ન કરવી, ચોરી ન કરવી, અનીતિ ન આચરવી, જુઠું ન બોલવું અને દારૂ ન પીવો એ બૌદ્ધ ધર્મના પાંચ નિયમો તે નિયમિત રીતે પાળતો. એ ગામડામાં આશરે ત્રીસ કુટુમ્બો રહેતાં હતાં. એક દિવસ સૌ કુટુમ્બોનાં માણસો ગામના ચોરામાં ભેગા થઇને ગામનું કામકાજ ચલાવતા હતા. માઘમાનવે પોતાને બેસવા સારૂ એક જગા વાળીઝુડીને સાફ કરી હતી. પણ બીજા કોઇ માણસે આવીને એની જગા રોકી લીધી. એટલે માઘમાનવે બીજી જગ્યા પરથી ધુળ ખંખેરીને તે બેસવા લાયક બનાવી. ત્યાં તો વળી ત્રીજા કોઇએ આવીને એ જગ્યા પણ પચાવી પાડી. આમ માઘમાનવ એક પછી એક જગ્યા સાફ કરતો

જાય અને બીજો કોઇ આવીને ત્યાં બેસી જાય. આમ કરતાં કરતાં તેણે દરેકની બેઠક ચોકખી કરી આપી. વળી બીજી વખત એણે બીજી રીતે સેવા કરી. ગામડામાં કોઇ મુસાફર આવે તેને સારૂ અથવા તો ખુદ ગામલોકોને સારૂ ધર્મશાળા બંધાવી અને તેમાં બેસવા ઉઠવાની ગોઠવણ તથા પાણીનાં વાસણોની તજવીજ કરી. આમ જતે દહાડે તેણે ગામલોકનાં મન હરી લીધાં; તે એટલે સુધી કે લોકો તેનુજ કહ્યું કરવા લાગ્યા. માઘમાનવે બૌદ્ધ ધર્મના ઉપર જણાવેલા પાંચ નિયમો લોકોને ખુબ સમજાવ્યા ને તેમના મનમાં ઠસાવ્યા. તે લોકોની સાથે ફરવા લાગ્યો અને ઉપયોગી કામો કરવા લાગ્યો. એવું બન્યું કે માઘમાનવના સહવાસથી લોકો દરરોજ સવારમાં વહેલા ઉઠીને પોતપોતાના પાવડા વગેરે હાથમાં લઇ લે અને ગામડાના ચાર સરિયામ રસ્તા તથા બીજા નાના રસ્તાઓ પર જે કાંઇ કાંકરા પડેલા હોય તે દુર કરી નાખે, ગાડાને ચીલે વચમાં નડતાં ઝાડ ને ડાળાં કાપી નાખે; ખાડા–ટેકરા સમારીને રસ્તો એકસરખો કરે અને તળાવો ખોદે. તેમણે ગામના ઉપયોગ માટે સભામંડપ પણ બાંધ્યો. એ ઉપરાંત તેઓ લાયક માણસોને દરરોજ દાન આપતા અને ઉપલા પાંચે નિયમો પૂરેપૂરા પાળતા.

પહેલાં તે લોકો દારૂ પીતા, ખૂન કરતા અને એવા ગુન્હા કરતા એટલે ગામનો મુખી તો ખૂબ ખુશીઆનંદમાં રહેતો. કેમકે તેઓ દારૂની બાટલીઓમાં જે પૈસા ખર્ચતા તથા ગુન્હા બદલ જે દંડ ભરતા તેનાથી મુખીનાં ખીસ્સાં તર રહેતાં. આમ થતું અટક્યું એટલે એને કુદરતી રીતે એમજ લાગ્યું

કે આ બધું માધમાનવનુંજ કારસ્તાન હોવું જોઇએ. એણે લોકોને બૌદ્ધ ધર્મના પાંચ નીયમો શીખવીને તેમની પાસે પળાવ્યા તેથી લોકો ખુન ચોરી વગેરે ગુન્હા કરતા અટકયા. એને પરીણામે મૂખીની આવક ઘટી ગઇ. આમ વિચાર કરી તે રાજા પાસે ગયો અને તેણે રાજાને એમ ભમાવ્યો કે લૂંટારાની કોઇ એક ટોળી ગામમાં આવી છે તે આખા ગામનો નાશ કરે છે. તુરતજ તેણે રાજાનો હુકમ લઇને કેટલાક લોકોને કેદ કરીને રાજાની આગળ રજુ કર્યા. રાજાએ કાંઇપણ તપાસ કર્યા વગર એવો હુકમ ફરમાવ્યો કે બધા કેદીઓને હાથીના પગ તળે પીલાવી મારી નાખવા. અમલદારોએ કેદીઓને રાજમહેલના ચોગાનમાં સુવાડયા અને હાથીને મગાવ્યો. અલબત્ત, માધમાનવ પણ આ બધા કેદીઓમાં હતો. તેણે બધા કેદીઓને કહ્યું, "ભાઇઓ, પેલા પાંચ નિયમો ભૂલતા ના. તમે તમારા પોતાના શરીરને જેટલું ચાહો તેટલાજ તમારા પર તહોમત મુકનારને, ખુદ રાજાને અને હાથીને પણ ચાહજો; તમે તમારા પોતાના મિત્રને ચાહો તેટલાજ તે સૌને ચાહજો!" લોકોએ માઘનાનવનું કહ્યું માથે ચડાવ્યું.

હવે રાજાના હજુરીયાઓ તો હાથીને પેલા માણસો આગળ લઇ જવાને બહુએ મથ્યા, પણ હાથી તો કેમે કર્યો આગળ ખસેજ નહિ ને ઉલટો સૂંઢ વડે ફૂંફાડા મારતો પાછો હઠે. એક પછી એક એમ ઘણા હાથીને લાવવામાં આવ્યા, પણ વ્યર્થ. એટલે બધાને એમ લાગ્યું કે પેલા કેદીઓએ પોતાની પાસે કાંઇ જાદુઇ દવા છુપાવી રાખી હશે અને તેથીજ હાથી પાછા હઠતા હશે. આથી બધા કેદીઓને નખથી શીખા સુધી

તપાસવામાં આવ્યા, પણ તેમની પાસેથી કાંઇજ નીકળ્યું નહિ. કોઈએ વળી એવી સુચના કરી કે તેઓ કાંઇ મંત્ર ભણતા હશે, કે જાપ જપતા હશે, અને તેથી એ મંત્ર કે જાપ જાણી લેવો જોઇએ. એ પરથી રાજાએ તેમને પોતાની હજૂરમાં બોલાવીને પૂછ્યું, "બોલો તમે લોકો કાંઇ છુપો મંત્ર ભણો છો કે શું?" માઘમાનવે કહ્યું "હા." રાજાએ કહ્યું, 'શો મંત્ર છે તે કહો". માઘમાનવે જવાબ આપ્યો, "મહારાજ! અમારી પાસે બીજો કાંઇ મંત્ર નથી. અમે બધા મળીને ત્રીસ જણ છીયે. અમે કોઇ પ્રાણીની હિંસા કરતા નથી. અમને કાંઇ આપવામાં આવે તે અમે કદી લેતા નથી. અમે કોઇ જાતનું અનીતિનું કામ કરતા નથી. ઉલટા અમે તો બધાં પ્રાણીઓ સાથે મિત્રભાવે વર્તીયે છીયે. અમારી પાસે જે કાંઇ આપવા જેવું હોય તે અમે બીજાને આપીયે છીયે. અમે ગામના રસ્તા સમા કરીયે છીયે, તળાવો ખોદીયે છીયે અને ગામના ઉપયોગને સારૂ સભામંડપ બાંધીયે છીયે. રાજાજી, આમાંજ અમારો મંત્ર, અમારૂં રક્ષણ, અમારૂં હિત—જે કહો તે છે."

રાજા આ સાંભળીને બહુ ખુશી થયો. પેલા મુખીની બધી મિલકત રાજાએ લોકોને સોંપી દીધી અને તેને લોકોનો ગુલામ બનાવ્યો. તે ઉપરાંત જે ગામમાં એ લોકો રહેતા તે આખુ ગામ અને પેલો હાથી પણ રાજાએ આ લોકોને આપી દીધાં.

નવજીવન.

જુગ જુગ જીવો કોરીઆ.

અસંખ્ય કોરીયાવાસી સ્ત્રી પુરૂષોની ઉપર અસહ્ય જુલમ કર્યા પછી પોલીસ ન્યાયાધીશ આગળ રજૂ કરતી, અને ન્યાયાધીશ તેમને એકજ સવાલ પૂછતો: "કેમ, હવે મન્શી[1] બોલીશ કે ?" 'ના' કહેનાર કેદી છૂટી જતો; અને 'હા' કહેનારને મહિનાઓની સખત કેદની સજા થતી. દરેક કોરીઆવાશી, સ્ત્રી કે પુરૂષ, વિદ્યાર્થી કે વિદ્યાર્થીનિ આ સવાલના જવાબનું મહત્ત્વ સમજતો, છતાં તેના મ્હોંમાંથી એકજ જવાબ નીકળતો; "મન્શી"! નાનાં નાનાં બાળકો અને કેડેથી વળી ગયેલા ડોસાઓ પણ, નજર આગળ મોત તરવરતું જોતાં છતાંયે, આ સવાલ પૂછાતાં "મન્શી"! જે પોકારી ઉઠતા. કેદખાનાના કેદીઓ "મન્શી"! ના જયઘોષથી કેદખાનું ગજવતા, અને માર પડે એ હસતે મ્હોંડે સહન કરતા. તા. ૧ લી માર્ચથી જુન માસની ૨૮મી તારીખ સુધીમાં જાપાની સરકારના આંકડા મુજબ ૧,૬૫,૯૮૩ કોરીઆવાસી કેદ પકડાયા પણ એમાંથી એકે એવો ન નીકળ્યો જેણે 'હું હવે મન્શી નહિ બોલું" કહી પોતાની માતૃભૂમિની સ્વતંત્રતા કરતાં પોતાના દેહને વહાલો ગણ્યો હોય. ૧૯૧૯ ના એપ્રિલ માસની ૨૩મી તારીખે કોરીઆના જુદાજુદા ૧૩ પ્રાંતના પ્ર

---

[1] મન્શી શબ્દ કોરીઅન ભાષાનો છે તેનો અર્થ જુગ જુગ જીવો કોરીઆ થાય છે.

તિનિધિઓ સિયુલમાં ભેગા થયા, અને છ વર્ષ સુધી જેલયાતના ભોગવનાર વયોવૃદ્ધ ડૉ. સિંગમેન રીને સર્વાનુમતે પ્રજાસત્તાક કોરીઆનો પ્રમુખ ચુંટી કાઢયો. દરેક કોરીઆવાસીને માટે વાણી અને વર્તનની સ્વતંત્રતા જાહેર કરી, લોકોની મારફત, લોકોને ખાતર, લોકોનું રાજતંત્ર ચલાવવાનો એમણે ઉદ્ઘોષ કર્યો, અને એ રાજતંત્ર ચલાવવા માટેનું બંધારણ નક્કી કરવા કમિટી નીમી. એક બીજી કમિટીએ 'સ્વતંત્ર' નામનું પત્ર કહાડયું, અને તેની હજારો નકલો છપાવી. સવાર પડે અને દરેક મુખ્ય મુખ્ય કોરીઆવાસી અને જાપાનીના ઘરના ઉંબરામાં આ પત્રની નકલ દેખાવા માંડી. જાપાની સરકારે કેટલાએ માણસોને શક પરથી પકડયા, અને પત્રકાર પકડાયો છે એવા ખબર છાપાઓમાં આપ્યા. પણ આ છાપાઓ પૂરા વહેંચાઇ જાય તે પહેલાં તો 'પત્રકાર' નો કેસ ચલાવનાર મેજીસ્ટ્રેટના ટેબલ પર જ આ પત્રની નવી નકલ આવી પડતી, અને લોકો દિંગમૂઢ થઇ જતા. આવી રીતે કેટલાયે 'પત્રકારો' ને પકડી પકડી જાપાની સરકારે કેદમાં નાંખ્યા, કેટલાયે છાપખાનાંઓની જડતી લીધી. છતાં પત્ર કયાં છપાય છે અને કોણ છાપે છે એની ગંધ સુદ્ધાં મળી નહિ. ઉંડાં ઘોર અરણ્યોમાં અને પર્વતોની ગુફાઓમાં કોરીઆના નવજુવાનો ધાતુના પતરાંપર અક્ષરો કોરી આ પત્ર છાપતા હતા, અને કોરીઆની નવજુવાન બાલિકાઓ આ પત્રની નકલો લેઇ, શહેરોમાં અને ગામડાઓમાં વહેંચી આવતી. કોરીઆની પ્રજાને શુદ્ધ અહિંસાના માર્ગે સ્વતંત્ર બનાવવાનો આ પત્રનો ઉદ્દેશ હતો, અને સ્વરક્ષણને ખાતર. પણ

હિંસા નહિ કરવા તે લોકોને ચેતવતું અને ૧૯૧૯ના ઓગસ્ટ માસની ૧૯મી તારીખે જાપાની શહેનશાહનો ખરીતો બહાર પડયો, અને એમાં જાહેર થયું કે કોરીઆની પ્રજાને સ્વરાજના પહેલા પગથિયા તરીકે સ્થાનિક સ્વરાજ આપવામાં આવે છે, અને જેમજેમ તે જાપાનીઓના હાથ નીચે તાલીમ લેઇ લાયક બનતું જશે તેમતેમ તેને સંપૂર્ણ સ્વરાજ આપવામાં આવશે. તા. ૧ લી સપ્ટેમ્બરે ગવર્નર-જનરલ, જનરલ હાસગાવાએ પોતાના હોદ્દાનું રાજીનામું આપ્યું અને તેની જગ્યાએ એડમીરલ સેટો આવ્યો. આ દિવસથી ‘લશ્કરી કાયદો’ બંધ થયો, અને દિવાની રાજ્ય શરૂ થયું. નવેમ્બર માસમાં સ્વતંત્ર પક્ષના નેતા મિ. લ્યુને જાપાની પ્રધાનમંડળે ટોકિયો આવવાનું આમંત્રણ આપ્યું, અને એની સાથે સમાધાન કરવાની ખૂબ વાતો કરી. ખાનગી વાતચીત દરમ્યાન જાપાની સિપાઇઓએ કોરીઆમાં ભૂલ કરી છે એમ લડાઇખાતાના પ્રધાને કબૂલ કર્યું. આથી મિ. લ્યુના હૃદયમાં આશાનું કિરણ ઝળક્યું. એક પ્રધાને જણાવ્યું:—

“મિ. લ્યુ! આપ સમજુ થઇ સ્વતંત્રતાની વાત કેમ કરો છો? જાપાની શહેનશાહતમાં રહી આપ સ્વરાજની માગણી કરો.”

“પણ કોરીઆ સંપૂર્ણ સ્વતંત્રતા વિના હવે સંતોષાય એમ નથી.”

“જાપાન વિના કોરીઆ પરરાજ્યોના હુમલાઓ સામે કેવી રીતે રક્ષણ કરી શકશે?”

“જાપાન માની જાય તો કોરીઆ પોતાનું રક્ષણ કરી શકે તેમ છે.”

મિ. હ્યુ 'સ્વતંત્રતા' ની વાત છોડી દે, અને 'જાપાની છત્રછાયા' થી સંતોષ માને તો એને મનપસંદ હોદ્દો આપવાની લાલચ આપી, પણ મિ. હ્યુ એવી રીતે પોતાની જાતને વેચે એવો માણસ ન નીકળ્યો. એણે હસીને એ વાતની ના પાડી અને ચીન આવી ડીસેમ્બર માસમાં શાંગાઇમાં મળેલી પ્રજાસત્તાક કોરીઆની કમિટીની બેઠકમાં એ સામેલ થયો. કોરીઆની આ કામચલાઉ રાજમંડળીએ લોકોને સ્વરાજની તાલીમ આપવા રાષ્ટ્રિય સભાની સ્થાપના કરી, અને એના સભાસદો નોંધવા માંડયા. જાપાની સરકારે શક પરથી કેટલાક માણસોને પકડી સજાઓ કરી. આ માણસો જેલમાંથી બહાર નીકળી સભાના સભાસદો બન્યા, અને આખા દેશમાં એની શાખાઓ સ્થપાઇ. ૧૯૨૦ ના એપ્રિલથી ઓગસ્ટ માસ સુધીના ૫ મહિનાઓમાં અમેરિકન પત્રકારો અને કોન્ગ્રેસના સભાસદોએ કોરીઆની મુલાકાત લીધી, અને જાપાની સરકારના પ્રતિબંધો હોવાં છતાંયે કેટલાક ચાલાક પત્રકારોએ ગામડાઓમાં પહોંચી જઇ કોરીઆના ખેડુતોની અને લોકોની ખરી સ્થિતિની જાતમાહિતી એમની જ પાસેથી મેળવી. કોરીઆના નિરક્ષર ખેડુતો અને કાચી ઉમ્મરના જુવાનીઆઓ સાથે વાતચીત કરતાં તેમની રગેરગમાં ઉતરી ગયેલી સ્વતંત્રતાની ભાવના જોઇ તેઓ તાજુબ થયા, અને બળી ગએલાં ઘરો અને અપંગ થઇ ગએલાં માણસોએ એમની મુંગી ભાષામાં જાપાનના અનહદ અત્યાચારનો તેમને ચિતાર આપ્યો. સિયુલમાં અમેરિકાની કોન્ગ્રેસના એક સભાસદ હરમેને કોરીઆવાસીઓની સભા ભરી એક વ્યાખ્યાન આપ્યું. જ-

પાની પોલિસને આ વાતની ખબર પડી એટલે સભામાં આવી શ્રોતાઓને પકડવા માંડયા, અને હ્યુ હરમેનને પોતાનું વ્યાખ્યાન બંધ કરવા નિશાની કરી હ્યુ હરમેને જણાવ્યું. "વાંક મારો છે. મને પકડો. એમને શું કામ પકડો છો?" પોલિસનો અમલદાર ગુંચવાયો. એક કલાક મોટા અમલદારો સાથે ટેલીફોન પર વાત કર્યા પછી કેદ પકડેલા કારીઆ—વાસીઓને એણે છૂટા કર્યા, અને નામ વિખેરી નાંખો.

કોરીયાની લડતમાંથી

મહારાજની ઉન્માદ દશા.

આ અસિદ્ધ થવા નિર્મેલું વાકય પુર્ણ થતા પહેલાં જરાશંકરનો પત્ર લેઇ ઉતાવળો ઉતાવળો રાજદૂત આવ્યો, અને મનનો સંકલ્પ મુખમાં જ રહેવા દેઇ, રાજા પ્રધાનનો પત્ર ફોડી વાંચવા લાગ્યો. વાંચતાં વાંચતાં તેની ભ્રૂકુટી બે ચાર વાર ચહડી ગઇ અને બે ચાર વાર શીત આવ્યાં હોય તેમ તે પાછો શીતળ થઇ ગયો. પત્ર વાંચી મહારાજ એકદમ ઉભો થયો અને પર્વતતટ આગળ જઇ ઉભો ઉભો બાંહ્યો ચહડાવતો ચહડાતો મનમાં બોલવા લાગ્યો.

"વાનરસેનામાંથી હનૂમાન આવ્યો!" જરાશંકરનો પત્ર લેઇ તેમાંથી ચાર પાંચ લીટીયો વાંચવા લાગ્યો:"

"નાગરાજમહારાજની સાથે સંધિકાળે થયેલા કરાર પ્રમાણે
" સંસ્થાનોના વિશેષપ્રસંગે તેમના પંચનું કામ કરવાનો

" ઇંગ્રેજ સરકારને અધિકાર છે, તે અધિકારને પ્રમાણે સર-
" કારે પોતાનો વકીલ નીમવાનું નક્કી કર્યું છે. તે વકીલ
" એમનો પોલીટીકલએજન્ટ અથવા રેસીડેંટ કહેવાશે,
" ચાર પાંચ સંસ્થાનો વચ્ચે પોતાનો નિવાસ રાખશે. પોતાના
" નિવાસમાં પોતાનો અધિકાર રાખશે, અને રાજાઓના પંચનું
" અને દેશની શાન્તિ જાળવવાનું, કામ કરશે. સુવર્ણપુર
" રત્નનગરી વગેરે અનેક રાજાઓના પંચનું કામ કરવા સર-
" કારનો મુખ્ય વકીલ મલ્લપાટણમાં રહેશે અને તેના
" તાબામાં થાણાંઓ થશે અને તેમાં એક થાણું લીલાપુરમાં
" રહેશે ત્યાં મુખ્ય વકીલના હાથનીચે રહી એક એજંટ કામ
" કરશે." પત્ર પાછો મલ્લરાજે બંધ કર્યો.

વડીલ મહારાજના સંધિકાળે મ્હારા મનમાં જે શંકા હતી
તે " ખરી પડવા કાળ આવ્યો. વાનરપ્રજાનો હનૂમાન આવ્યો
"— તે હવે હુપાહુપ કરશે અને અમારી સોનાની લંકામાં
" ઠેકાણે ઠેકાણે આગ લગાડશે.—હવે આપણે રાક્ષસો, અને
" એ વાનરો. આપણે કરીશું તે અધર્મ—એ કરશે તે ધર્મ."
—" સરકારના સંધિરૂપથી બીજ પૃથ્વીમાં ડટાયું હતું તેમાંથી
" ફણગો ફુટી આજ પૃથ્વી બ્હાર નીકળ્યો આ રેસીડેંટ —
" વકીલ—તે આ ફણગો !"

"આ આતશબાજીના દારૂખાનાનું ઝાડ ! —હવે એનો કાંઇ ઉપાય ? "

વીજળીનો ચમકારો થાય એટલી ત્વરાથી રાજાના મનમાં આ વિચારોના ચમકારા થઇ ગયા. તે ઓઠથી ઓઠ કરડવા લાગ્યો. તેના હાથ તરવારની મુઠ ઉપર આવજા કરવા લાગ્યા,

" કુમારને વીલાયત જીતવાનું મન થયું ત્યાં શકુનમાં
" આપણો દેશ વીલાયતવાળાએ જીત્યો! આપણાં રાજ્ય,
" રાજ્ય મટી, સંસ્થાન થયાં! જે રેલની બીક લાગતી હતી
" તે દૃષ્ટિ આગળ આવી " — તરવાર ભણી દૃષ્ટિ કરી —
" મ્હારી પ્રિય તરવાર! ત્હારું પાણી હવે ઉતરી ગયું!
" હવે રજપુતોએ લાકડી ઝાલવી! "

મનના વિચાર ~~કરતાં મુકી વિદ્યાચતુર~~ને રાજા કહેવા લાગ્યો:
" વિદ્યાચતુર, એકદમ આ સુખ મુકી ~~રેવનગરી~~ જવાની
" તૈયારી કરો. મ્હારે મ્હારા પ્રધાનસાથે મહા વિચાર કરવાનો
" મહાપ્રસંગ આવ્યો. "

રાજાની આજ્ઞા પળાઇ. બીજે દિવસે જ રાજા પોતાના મ્હેલમાં પ્હોંચ્યો, અને એકદમ પ્રધાનને તેડવા માણસ મોકલ્યું. પ્રધાન આવતાં રાજા બોલી ઉઠ્યો:

" જરાશંકર, એકદમ એવ સાહેબને લખાવ કે અમારે
" તમારા એજંટ બેજંટનું કાંઇ કામ નથી. એને પાછો
" બોલાવી લ્યો–નીકર નીકર–"

" યુદ્ધ થશે!–એમ લખાવું, મહારાજ? " જરાશંકર હસીને બોલ્યો.

" નહી—નહી–હસવાનો કાળ નથી. નાગરાજના સંધિમાં
" એજંટનો અક્ષર પણ નથી. "

" પણ સરકાર ધારે છે કે અક્ષર તો શું પણ વાક્ય છે."

" ક્યાં છે?"

" નથી તો અક્ષર પણ નથી. પણ તરવાર દેખાડી સરકાર
" કહે છે કે એ અક્ષર છે એવું સ્વીકારો–નીકર આ અમારી

" તરવાર એ અક્ષર દેખાડનારી ઉભી છે."

" તો શું એ તરવાર એમની ખરી અને અમારી આ
" તરવાર નહી ?"

" મહારાજ, ક્ષોભ મુકી ધીરે રહી તરવારને જ પુછો ને ?"

" ત્યારે શું આપણે તેમના બંધાયલા ? "

" આપણે છુટા, પણ આપણી તરવાર એવી બંધાયલી છે
" કે ઉઘડે નહી."

મહારાજ આ સાંભળી ઉશ્કેરાયો. તેનાં નેત્રમાં લોહી ભરાઇ આવ્યું. યુદ્ધના રસિક રાજાને વીરરસનો ઉન્માદ ચ્હડયો. તેણે એકદમ મ્યાનમાંથી બ્હાર કહાડી તરવાર ઉંચી કરી અને મદારી સાપને વીંઝે તેમ તરવારને આકાશમાં અફાળવા લાગ્યો, અને જાતે બે હાથ ઉંચો કુદી ફાળ ભરી દરવાજા આગળ ઉભો રહી ત્રાડ નાંખવા લાગ્યો.

" સામંત! સામંત! એકદમ સેના લેઇ આવ ? સેના લાવ!
" –કોણ છેરે ! સેના લાવો !—સેના !"—

જરાશંકર કંઇક ગભરાયો, મ્હેલમાંની સર્વ વસ્તી ભેગી થઇ ગઇ અને રાજા કોઇને પણ જોતો ન હોય તેમ " સેના! સામંત! સેના !" એમ ફાટી બુમો પાડવા લાગ્યો, અને બુમો પાડતાં પાડતાં પૃથ્વીને લાત મારી ગાજી બોલ્યો: " સામંત, મ્હારી તરવાર બંધ છે એમ કહેનાર તે કોણ ? "

સરસ્વતિચંદ્ર બા. ક જો.

દેશપારીઓના કુટુમ્બની સેવા.

સને ૧૯૧૦ની સાલમાં ટ્રાન્સવાલમાંથી કેટલાક સત્યાગ્રહીઓને દેશપાર કરી ત્યાંની સરકારે તેમને હિન્દુસ્તાન મોકલી દીધેલા. બધા દેશપારીઓ દ. આફ્રિકામાંજ જન્મેલા હતા, એટલે તેઓનું હિંદમાં કોઇ પોતાના જેવું નહોતું. તેઓ હિંદને નામથીજ ઓળખતા. તેમનાં માબાપની પવિત્ર જન્મભૂમિ હિંદ છે એટલુંજ તેઓ જાણતા. વારસાથી મળેલું હિંદી લોહી તેમની નસોમાં વહેતું અને હિંદી ખમીર તેમના સ્વભાવમાં જણાતું; આ બધાના સૂચકરૂપે તેઓ પોતાના પૂર્વજોની પવિત્ર ભૂમિ હિંદ માતાનું જે અપમાન દ. આફ્રિકાની સરકાર કરતી તે સહન કરી શક્યા નહિં અને સત્યાગ્રહની લડતમાં સામેલ થયા. પરિણામે હિંદી હોવાનો દાવો કરનારા, છતાં હિંદને નહિ ઓળખનાર એવા સંખ્યાબંધ હિંદીઓને ત્યાંથી હિંદ તરફ રવાના કરવામાં આવ્યા. હું વાંચક વર્ગને એક પ્રશ્ન પૂછીશ. મારા અને તમારા જેવાઓ જેઓ ઓકલેન્ડના ટાપુ વિષે કાંઇ પણ જાણતા નથી, તેઓને અહીંથી ત્યાં ચઢાવી આપે તો આપણી શી દશા? એવોજ ખ્યાલ આ ટ્રાન્સવાલની સરકારે મોકલેલા દેશપારીઓ વિષે બાંધી લેજો. અજાણ્યા છતાં પ્રભુને જાણીતા એવા આપણા તે બંધુઓ કંગાળ સ્થિતિમાં મદ્રાસ ઉતાર્યા. આવી ત્રણ ટુકડીઓ હિંદુસ્તાન ચઢાવી દીધેલી, પહેલી ૧૦૪ જણની, બીજી ૬૦ જણની અને ત્રીજી

૨૬ જણની. છેલ્લી મુંબઇ ઉતરેલી. પહેલી બે ટુકડીઓની દે-ખરેખ મદ્રાસમાં પ્રગટ થતા 'ઇન્ડીયન રિવ્યુ' ના અધિપતિ શ્રીયુત્ નેટેસન તરફથી રાખવામાં આવી હતી.

આ દેશપાદીઓ અહીં આવ્યા. પણ તેમનાં પેલાં નાનાં બાળકોનું શું થયું હશે? તેમની સ્ત્રીઓનું શું થયું હશે? બાળકોનાં આંસુ લોહી તેમને વાત્સલ્ય પ્રેમથી પૂર્ણ એવું આલિંગન કોણ દેતું હશે? દેશપારીઓની સ્ત્રીઓનાં આંસુ પણ કોણ લ્હોતું હશે? જણાવ્યા વીનાજ વાચક જાણી લેશે કે આપણા મહાત્માજીજ. તેમના પરમ સ્નેહી મી. કેલનબેક તરફથી સત્યાગ્રહીઓને **ટોલ્સ્ટોય ફાર્મ** અપાયલું હતું તેમાં આ બધી સ્ત્રીઓ અને બાળકો રહેતાં. મહાત્માજી તેમની જ-રૂરિયાતો પૂરી પાડતા, તેમની સેવા કરતા. સવારે ઉઠી વિદ્યા-ર્થીઓને અભ્યાસ કરાવીને પછી '**સ્ત્રીઓના પાયખાનાની બકેટો સાફ કરતા**' આ હકીકત જાણી, પ્રિય વાચક! ત-મારા હૃદયમાં શું થાય છે? ભલે, ગમે તેવા હજારો વિચારો મારા અને તમારા હૃદયમાં ઘોળાયાં કરે પણ કાર્ય કરવું, અને તે પણ પૂજ્ય બુદ્ધિથી અને સેવા વૃત્તિથી, એ મહાત્મા-જીને મન તો **સાચી દેશભક્તિ** હતી. તે બેકેટો સાફ કર્યા બાદ પોતે સ્ત્રીઓના ઓરડાની બહાર રહી કહેતાઃ—

"મીસીસ નાયડુ, તમારે કાંઇ ધોવા આપવાનું છે? બીજાં બધાં પાસેથી મેલાં કપડાં ભેગાં કરીને મને ધોવા આપશો?" મહાત્માશ્રીની માગણી મુજબ બધાં મેલાં કપડાં ભેગાં કરીને તેમને આપવામાં આવતાં અને પાસેના ઝરામાં તે લુગડાં સ્વચ્છ કરી, સૂકવીને, રાત્રે પાછાં સોંપાતાં.

દેશપારીઓની સ્ત્રીઓને પોતાના ધણીની ગેરહાજરી નહોતી જણાતી. દેશપારીઓને પણ વિશ્વાસ હતો કે પોતાના કરતાં પણ વધારે સબળ પાત્રને પોતાનાં બાળકો અને સ્ત્રીઓ સોંપાયાં છે. મદ્રાસમાં તેઓને કોઇએ પૂછેલું કે સરકારે તમને અહીં મોકલ્યા તો તમારાં બાળબચ્ચાંઓનું શું થશે? જવાબમાં તેમણે જણાવેલું કે – "અમોને તેની જરા પણ ચિંતા નથી. તેઓનો પાળક, પોષક, માબાપ, કે ઇશ્વર જે કહો તે ત્યાંજ છેજ. મ. ગાંધી ત્યાં છે ત્યાં સુધી અમે તદન નિશ્ચિંત છીએ." મહાત્માજીની સેવાએજ આ વિશ્વાસ દેશપારીઓના હૃદયમાં પ્રેર્યો હતો.

મહાત્મા ગાંધીજીના જીવનના કેટલાક પ્રસંગો.

શાન્તિનો વાવટો.

બીજી બાળાઓ ખેલતીકૂદતી અને નાચ્યાકરતી, પણ શાન્તિ રોજ સવારના પહોરમાં નિયમસર કાંતતી. ગયા વર્ષે મહાત્માજી અહીં આવેલા ત્યારે શાન્તિએ એમનાં દર્શન કર્યાં હતાં. પ્રેમથી એમણે શાન્તિને માથે હાથ મુકયો હતો અને કહ્યું હતું કે "બ્હેન, રોજ કાંતજે." શાન્તિએ પણ કાંતવાની હા પાડી હતી.

શરૂઆતમાં પુણી મેળવવાની આપદા પડી. એ આપદા ટળી ત્યાં વળી રેંટીયાએ ત્રાસ આપવા માંડયો. અહીંની સમિતિના રેંટીયા એક સુતારે બનાવ્યા હતા તેની પાસેથીજ આ રેંટીયો ખરીદ્યો હતો. મહાત્માજી આવી ગયા પછી એણે સેંકડો

રેંટીયા બનાવીને વેચી માર્યા હતા, પણ બધા જ તકલાદી હતા. સાલ બરાબર બેસાડયાં ન હતાં અને ત્રાકો થરડાઇ ગયેલી હતી. શાન્તિના પિતા પોતાના કામમાંથી પરવારે નહિ ને શાન્તિની આ બધી મુશ્કેલીઓ ટાળે નહિ. શાન્તિએ ધીરજ ધરીને આવો ખખળેલો રેંટીયો પણ ચલાવ્યે રાખ્યો.

એક દિવસ ઘરમાં કંઇ સમારકામ સારૂ એક સુતાર આવ્યો. તેણે શાન્તિને કાંતતી જોઇ. જોઇને તે બહુ રાજી થયો અને કહ્યું, 'મારે નાનકડી છોડી છે. શાન્તિ કેવું સરસ કાંતે છે એ જોવા તેને તેડતો આવીશ.' શાન્તિને માટે એક સુંદર રેંટીયો બનાવી લાવવાનું પણ તેણે વચન આપ્યું. અઠવાડીયા પછી તે આવ્યો અને એક સુંદર રેંટીયો લેતો આવ્યો. એની નાની છોકરીને પણ શાન્તિ કેવી કાંતે છે તે દેખાડવા લેતો આવ્યો. નવો રેંટીયો ફરવામાં ફુલ જેવો હળવો હતો. કેમ જાણે શાન્તિ જેવી વ્હાલી બાળા પોતાને ફેરવે છે તેથી તે હરખે ભરાતો ન હોય, તેમ ફરતો ફરતો તે મધુરૂં ગાજતો.

એ વાતને ત્રણ મહિના વહી ગયા. દરમીયાન શાન્તિના પિતાને સરકારે જેલમાં પૂર્યા. બિચારી શાન્તિને પહેલાં તો સજા કરનાર મેજીસ્ટ્રેટ ઉપર બહુજ દાઝ ચડી. તેના મામા ગામડે રહેતા ત્યાંથી આવ્યા હતા. કેસ ચાલતો હતો ત્યારે તે શાન્તિની પાસે બેઠા હતા. શાન્તિને મા નહોતી. શાન્તિને ત્રણ વરસની મૂકીને એની મા મરી ગઇ હતી.

"મામા, પેલા ઉપર મને બહુ ચીડ ચડે છે. એ આપણી બાજુ કેમ નથી લેતો? પાપી સરકારનું કહ્યું એ કેમ કરે છે?"

" નહિ, શાન્તિ, એવું આપણાથી ન બોલાય. ગાંધીજીએ તને શું કહ્યું હતું ? આપણે ગુસ્સે ન થવું."

કોરટનો ચુકાદો જાહેર થયો— જામીન ન આપે તો એક વરસની સખત મજુરી. શાન્તિના પિતા જામીન શાના આપે? તેમણે જેલ સ્વીકારી લીધી. થોડા દિવસ શાન્તિ અને એના મામા પાસે ઘણા દિલાસો દેવા આવતા. સારા કામ માટે સજા ભોગવવી પડે તેથી તો હરખાવું જોઇએ એમ સગાંજી કેટલાક હસતા. કેટલાક ગંભીર ચહેરે આવતા, શાન્તિને દિલાસો આપતા અને નિર્દોષ બાળાનું સુન્દર મુખ જોઇ રડવા જેવા થઇ જતા; પણ શાન્તિ સૌની પાસે હસતી. "બિચારી પશુ છે. એને શી ખબર, માથે કેટલું સંકટ આવ્યું છે ?"

આમ ઘરમાં થોડા દિવસ આવજા ચાલી, પણ પછી બધું શાન્ત થઇ ગયું. કોઇ મળવા આવે કે કરે. માત્ર સમિતિનો અહર્નીશ મંત્રી રામચંદ્ર કોઇ કોઇ વાર ડોકીયું કરી જતો.

" રામચંદ્ર, હું તમને સૂતર આપીશ, તમે એનો વાવટો બનાવશો?' શાન્તિએ એક દિવસ રામચંદ્રને કહ્યું, "ઓફીસ માટે એક મોટો વાવટો બને એટલું હું સૂતર આપીશ."

રામચંદ્રે ખુશી થઇને કહ્યું, " ભલે, ખુશીથી સૂતર આપજે; હું એને લાલ અને લીલું રંગાવીને સરસ વણાવી લઇશ અને પછી આપણે વાવટો બનાવીને ઓફીસ પર ફરકાવીશું."

શાન્તિએ સૂતર કાંત્યું. એ શાન્ત ઘરમાં રેંટીયાનો ગુંજારવ ખુણે ખુણે આનન્દ ભરતો હતો. " આ ધોળું ધોળું સુતર હું કાંતું છું, તે મારી નાની નાની પારસી બ્હેનો માટે છે. ધોળો રંગ તેમને માટે છે. શીખ અને ખ્રિસ્તી બ્હેનો

માટે પણ આ ધોળો રંગ છે. જેમને લાગતું હોય કે આ લોકો તો ઘણા છે અને અમે થોડાંજ છીયે તે બધી બહેનોને માટે આ ધોળો રંગ છે. સ્વરાજ મળશે ત્યારે આપણે તેમને દુઃખ દઇશું એમ તેમને બીક રહે છે. પણ લક્ષ્મી, આપણે તેમને દુઃખ દઇયે? શા સારૂ દુઃખ દઇયે? એ પણ કંઇ આપણી બહેનો નથી!"

લક્ષ્મીના બાપ વકીલાત કરતા. એ શાન્તિના પિતાના ખાસ મિત્ર હતા. જ્યારે લડત શરૂ થઇ ત્યારે શાન્તિના પિતાએ વકીલાત છોડી દીધી. લક્ષ્મીના પિતા કહેતા કે "મારે ગરીબ માણસને વકીલાત છોડવી પાલવે નહિ, મારી પાછળ મોટું કુટુમ્બ રહ્યું." અને જાહેર ફાળામાંથી લેવું એ તેમને પસંદ નહોતું. શાન્તિના પિતા ગૈસટકે ઠીક છે એમ લોકોમાં કહેવાતું, પણ ઘરનો વૈભવ ધીમે ધીમે ઉતરતો જાય છે એ શાન્તિ સમજી ગઇ. પિતાએ તો શાન્તિ આ ન જાણે, માટે બહુ બહુ યુક્તિઓ કરી હતી. પણ શાન્તિ સમજી ગઇ કે લક્ષ્મી કરતાં આપણે ગરીબ. પણ શાન્તિ બહાદુર છોકરી હતી. "વાવટા માંહેના ધોળા રંગને ખાતર હું કાંતુ છું. એ સફેદ રંગમાં બધાય સલામત છે. નહિ લક્ષ્મી? લોકો શા સારૂ દ્વેષ કરતા હશે? એક બીજા પર તેઓ પ્રેમ કેમ રાખી નહિ શકતા હોય?"

આમ શાન્તિએ ધોળા રંગને માટે કાંત્યું, મુસલમાનોના લીલા માટે કાંત્યું અને હિંદુઓના મોટા લાલ રંગ માટે કાંત્યું. કાંતીને બધું સુતર તેણે રામચંદ્રને આપ્યું. રોજ તે ફાગને ડોળે વાવટાની રાહ જોતી. કહેલે દિવસે વાવટો આવ્યો

નહિં ત્યારે તો તેની નિરાશાનો પાર ન રહ્યો. ઢીલ તો થઇ, પણ આખરે વાવટો આવ્યો. શાન્તિ બારણા પાસે દોડી ગઇ અને રામચંદ્રના હાથમાંથી વાવટો ઝડપી લીધો. તેણે વાવટો નીચે પાથર્યો. તેના ઉપર કહાડેલું રેંટીયાનું ચીત્ર જોતી, રાજી થતી તેના ફરતી નાચવા લાગી.

"બધું સુતર મારૂં પોતાનું કાંતેલું છે?" હર્ષના ઉભરાને તેનાથી ન રોકાયો એટલે મામાને ખભે ટંગાઇને તે બોલી ઉઠી.

બીજે દિવસે સવારમાં શાન્તિનો વાવટો મહાસભાની ઓફીસ ઉપર ચડાવવામાં આવતો હતો તે જોવા શેરીમાં છોકરાંઓ અને મોટાંઓનું ટોળું મળ્યું. ટોળાથી દૂર ઉભો ઉભો એક પોલીસનો માણસ બધું જોઇ રહ્યો હતો. તેના ચહેરા ઉપર કંઇક તુચ્છકારનો ભાવ હતો, પણ જ્યારે લોકોએ મહાત્મા ગાંધીકી જય' પોકારી ત્યારે તેનો તે ભાવ ઉડી ગયો. વાયુએ તે વાવટાને ફફડાવ્યો ત્યારે તે પણ ખુશી થતો જણાયો.

તેજ સાંજે મહાત્માજી પકડાયાની ખબર આવી. લક્ષ્મી સાસભરી દોડી આવીને બોલી ઉઠી, "શાન્તિ, શાન્તિ, તેં સાંભળ્યું? ગાંધીને જેલમાં પૂર્યો?" "તે એમાં શું થઇ ગયું?" શાન્તિએ જવાબ આપ્યો. "એ લોકો ભલે દોડવું હોય તેટલું દોડી ધરાતા." પણ આટલું બોલીને ગાંધીજીને માટે એ છોકરી રડી પડી. પિતાને પકડી ગયા ત્યારે તેને રડવું નહોતું આવ્યું.

"શાન્તિ લોકો કહે છે કે તારા પિતાને બેડીઓ પહેરાવી છે અને તેમની પાસે જુવાર દળાવે છે." શાન્તિ બોલી,

"હશે?" અને એટલું બોલીને પોશ પોશ આંસુ પાડવા લાગી. લક્ષ્મી બિચારી ઝંખવાણી પડી ગઇ. તેને થયું કે મેં ભુંડીએ ક્યાં આવી વાત શાન્તિ આગળ કાઢી! તેણે પોતાની ચુંદડીનો છેડો લઇને શાન્તિનાં આંસુ લૂછ્યાં.

"આ ગોરા લોકો આમ શું કામ કરતા હશે, શાન્તિ? ગાંધીને સ્વરાજ્ય મળશે ત્યારે આપણે તેમના ઉપર વેર નહિ લઇયે?" "ના, વેર આપણાથી ન લેવાય. ગાંધીજીએ આપણને શું શીખવ્યું છે? સૌના ઉપર પ્રેમ રાખવો. શાન્તિને ચાહવી. એ લોકો અજ્ઞાન છે અને લોભમાં આંધળા બનેલા છે, તેથી હમણાં આમ કરે છે. તેમને ડર છે કે આપણે તેમને દુઃખ દઇશું. આપણે કંઇ તેમના જેવા ભુંડા નથી થવું. તેમનેયે ભગવાન સદ્બુદ્ધિ આપશે."

આ વાતને કેટલાયે દહાડા થઇ ગયા. ગામના લગભગ એકેએક સ્વયંસેવકને પકડીને સરકારે પૂરી દીધા હતા. રામચંદ્રને પણ એક વર્ષની સખત મજુરી મળી હતી. શાન્તિને તો રેંટીયો ભલો ને પોતે ભલી. એક દિવસ સાંજની વેળાએ શાન્તિ મામાની સાથે શહેરમાં ગઇ. તેનો વાવટો હજુ ફરકતો રહ્યો હતો. ઓફીસમાં કોઇ જૂના ઓળખાણવાળાઓ જોવામાં ન હતા. નૌજવાનોના ચહેરા નજરે પડતા હતા. કોલેજના યુવકોની એક ટોળી અભ્યાસ છોડીને મહાસભાના કાર્ય સારૂ નીકળી પડી હતી. પવનની એક લહેર આવી, શાન્તિનો વાવટો ફરકયો અને સફેદ, લાલ ને લીલા રંગ દેખાયા. વાવટાને ફરકતો દેખી શાન્તિને શેર લોહી ચડયું. મહાત્માજી જેલમાં છે, પણ તેમાં શું? વાવટો તો હજુયે આ ઉડયાં કરે.

સરકાર કંઇયે કરવું બાકી રાખતી નથી, પણ એ ઠેકાણે યુવકો, બાળકો ને બાલિકાઓ વાવટો ફરકતો રાખે છે. ગાંધીજીનો દેહ કેદમાં છે તેમાં શું થઇ ગયું? શાન્તિનો વાવટો ફરકતો રહે તે સારૂ તમે પોતે શું કર્યું છે? તમારે સ્વરાજ્ય નથી જોઇતું? જોઇતું હોય તો એ લેતાં તમને અટકાવવાની જગતના કોઇ પણ રાજ્યમાં તાકાત નથી, એ શું તમે નથી જાણતા ?

ચક્રવર્તી રાજગોપાલાચારી.

દેશત્યાગી કોરીયનો ઉપર જુલમ.

જાપાનના પારાવાર જુલમથી નાસી જઇ અસંખ્ય કોરીઆવાસી સ્ત્રીપુરૂષો પોતાનો પ્યારો દેશ છોડી મંચુરીઆ જેવા ઠંડા મુલકમાં હિજરત કરી ગયા એ આપણે જોઇ ગયા. ત્યારપછી અત્યાર સુધીમાં એમની સંખ્યા ૧૦ લાખથી પણ વધી ગઇ હતી. તેઓ ત્યાં રહ્યા રહ્યા માતૃભૂમિની દીન દશા પર આંસુ ઢાળતા, હડતાલો પાડતા, સરઘસો કહાડતા, અને એ સર્વશક્તિમાન પ્રભુને પોતાના પ્રિય સ્વદેશને સ્વતંત્ર બનાવવા પ્રાર્થના કરતા. જાપાનને આ લોકો કાંટાની માફક ખુંચતા, કારણ કે કોરીઆમાં સખત જાપ્તો રાખી સેન્સરોએ

દાબી રાખેલી બધી હકીકત તેઓ આખી દુનિયાને જાહેર કરતા, અને જાપાનને સર્વની નજરમાં હલકું પાડતા. જાપાને એમની નિકંદન કરવાનો નિશ્ચય કર્યો. મંચૂરીઆ ચીનના રાજમાં હતું છતાં જાપાને ચીનની પરવા નહિ કરતાં ૧૯૨૦ના અકટોબર માસમાં ૧૫૦૦૦ જાપાની સિપાઇઓને મંચૂરીઆ મોકલ્યા. તેઓ અકટોબર માસની ૨૯ તારીખે પશ્ચિમના દક્ષિણ મંચૂરીઆના નોરાબરી ગામે આવી પહોંચ્યા. ત્યાં કોરીઆવાસીઓની જ વસ્તી હતી. ગામમાં દાખલ થતા વેંત જ ગામની ભાગોળમાં કરેલું અનાજનું ખળું તેમણે સળગાવી મૂક્યું, અને ઘાસનાં પૂળીઆં હાથમાં લેઇ ગામનાં ઘરોને આગ લગાડતાં પહેલાં દરેક ઘરમાંથી માણસોને બહાર બોલાવ્યા. માણસો બહાર નીકળ્યા કે તુરત જ જાપાની સિપાઇઓએ તેમને ગોળીથી વીંધી નાંખ્યા અને આ રીતે ઘાયલ થયેલા અને મરી ગએલા પર ઘાસનાં સળગતાં પૂળીઆં ખડકી તેમને બાળવા માંડયા ઘાયલ થએલા માણસો જોર કરી આગમાંથી બહાર પડવા માંડયા. જાપાની સિપાઇઓએ તેમને ચસકવા જ દીધા નહિ. સંગીનો ભોંકી ભોંકી નિર્દયરીતે તેમને એ આગમાં જ તરફડતાને તરફડતા મારી નાંખ્યા. એક ગામમાં ૧૪૫ માણસો મારી નાંખ્યા. કાનચંગમાં ૨૫ અને નાનકાઓમાં ૧૦૦ માણસો મારી નાંખ્યા. ચીએનતાવ જીલ્લામાં કુલે ૩૧૨૯ માણસોની કતલ કરી, અને ૧૦ દેવળો, ૩૧ નિશાળો અને ૨૪૦૪ મકાનોને આગ લગાડી. કોઇ કોઇ ગામોમાં મજબૂત અને કદાવર માણસોને ચુંટી કહાડી સંગીનથી ઘાયલ કર્યા, અને તરફડતાને તરફડતા સળગતાં પૂળીઆં ખડકી બાળી

મૂક્યા. આ ઉપરાંત કેટલુંયે અનાજ અને ઘાસ બાળી નાંખ્યું, અને અસંખ્ય સ્ત્રી પુરૂષો અને કુમળાં બાળકોને નિરાધાર બનાવી દીધાં. આ બધું ૧૯૨૦ ના અકટોબર, નવેમ્બર અને ડીસેમ્બર માસમાં બન્યું. "કોરીઅન ડેઇલી ન્યુસ" ના તંત્રીને તેજ અરસામાં કેદ કર્યો, અને કોરીયાઇ ભગિની-સમાજની ૧૦૬ સ્ત્રી સભાસદોને ચોમેરથી ઘેરી લેઇ પોલીસ-ચોકીમાં લેઇ જઇ તેમના પર સિતમ ગુજાર્યો. આજે પણ અસંખ્ય કોરીઆવાસીઓ રાષ્ટ્રીય સભાના સભાસદો હોવાના શક પરથી પકડાય છે, અને જેલમાં સડે છે છતાં રાષ્ટ્રીય સભા પોતાનું કામ કર્યે જાય છે. આ જગતપર એવી કોઇ સત્તા નથી, જે સત્ય અને ન્યાયના ધોરણપર એક બાળક પણ જીવતો રહે ત્યાંસુધી ઝુઝવા તૈયાર થએલી દૃઢ નિશ્ચયી પ્રજાના માર્ગનો અવરોધ કરી શકે. અત્યાર સુધીના જાપાને યુરોપ, અમેરિકા આદિ દેશોમાં પોતાની તરફેણની હકીકતોનો ફેલાવો કરવાને ૪ કરોડ રૂપીઆ ખરચ્યા છે; છતાં 'સૂરજ છાબડીથી ઢંકાતો નથી,' એ ઉક્તિ પ્રમાણે સત્ય આખરે તરી આવ્યું છે, અને આખી દુનિયા આ શુરવીર અને અ-હિંસાત્મક પ્રજાના અદ્વિતીય સત્યાગ્રહ અને અનુપમ આપ-ભોગથી વાકેફ થઇ છે. જાપાનને પણ એથી પોતાની ૧૬ મી સદીની રીતભાત થોડે ઘણે અંશે બદલવી પડી છે. સંભવિત છે કે જાપાન કાચા પાકા સુધારા આપી કોરીઆ-વાસીઓને ટાઢા પાડવાનો પ્રયત્ન કરે, પણ કોરીઆવાસીઓ સાચી સ્વતંત્રતાને પિછાને છે. જો ન રે બાંધ્ય કુમારાં વિદ્યાર્થીઓએ અને વરના ઉમરાનો નકાર પાપણું કુરો

નથી એવી ખાનદાન કુટુમ્બની સ્ત્રીઓએ અસહ્ય દુઃખો ખમતાં પાછું વાળી જોયું નથી, જેને માટે અગણિત પુરૂષોએ ધગધગતા અગ્નિમાં બળી પ્રાણ આપ્યા છે, એ સ્વતંત્રતા એ આઝાદી મેળવ્યા વિના કોઈ માના આત્માને સંતોષ વળે એમ નથી. સત્ય તેની બાજુ છે, ન્યાય તેની બાજુ છે તો પછી સ્વતંત્રતા તેનીજ છે, એમાં શક કેવી રીતે હોઇ શકે?

કોરાબ્બાની લડત.

મધુરી અને પુષ્પા.

મધુરી અને પુષ્પા બે છ સાત વર્ષની બાળાઓ છે. હું એ કુટુમ્બની મુલાકાતે તિલક સ્વરાજ્યફાળામાં દાન લેવાને લોભે પહોંચી ગયો હતો.

કુટુમ્બનાં પ્રેમાળ સ્ત્રીપુરૂષોથી હું વીંટળાયેલો બેઠો હતો તેવામાં મધુરી મારી પાસે ધીમે ધીમે ચાલતી આવી પહોંચી મેં તેને બોલાવી. કમનશીબે મને ખુરશીએ બેસાર્યો હતો. આ કુટુમ્બમાં ટેબલખુરશી વાપરવાનો ઠીક ચાલ હતો. ખુરશીએ બેઠેલો હું મધુરીને ખોળામાં તો કેમ બેસારૂં? મેં તેને મારી પાસે લીધી ને તેનું માથું મારા ખોળામાં મુક્યું, મધુરી ધીમે સાદે બોલીઃ

“મેં તમને છેતર્યો છે?”

“મને તો મોટેરાં છેતરે, બાળકો કદી ન છેતરે. તું મને ન જ છેતરે.” આમ હસીને જવાબ આપ્યો. હું મધુરીની મુખમુદ્રા જોઇ રહ્યો હતો.

"મેં તમને સાચે જ છેતર્યા છે; મેં તમને દોઢ જ રૂપી-આપ્યો." મધુરીએ હિમ્મતથી ઉત્તર વાળ્યો.

"ત્યારે તો હું ખરે જ છેતરાયો. તેં તો આટલા દાગીના પહેર્યા છે ને મને દોઢજ રૂપીયો આપ્યો ?"

એમ કહી મેં મધુરીનો નાનકડો હાથ મારા હાથમાં લીધો. તેની ખંગડી મારા હાથમાં નાચવા લાગી. હું બોલ્યો:

"હવે તો તારે પ્રાયશ્ચિત કરવું જોઇયે. નાનાં બાળકો તો તદ્દન નિર્દોષ હોય. તે કદિ કોઇને છેતરે નહિ. પ્રાયશ્ચિત કરવું એટલે પાપ ધોવું, મેલ કાઢવો. હવે તારે તો મેલ કાઢવો જ જોઇએ."

"એ મેલ હવે કેમ નીકળે? મેં તમને છેતર્યા તો ખરાજ."

"મેલ કાઢવાનો સહેલો ઉપાય છે. તું તો સમજી ગઇ કે તારે મને ઘરેણાં આપવાં જોઇતાં હતાં. તેથી જ તેં કહ્યું કે તેં મને છેતર્યો. હવે તો તું મને બધાંય ઘરેણાં આપી દે એટલે તારૂં પાપ ધોવાઇ જશે."

મધુરીનું મ્હોં હમણાં સુધી તો તેજસ્વી હતું. તે કંઇક વીલું પડયું હું સમજ્યો ને મેં શરૂ કર્યું:

"બાળકોને ઘરેણાંનું શું કામ હોય ? આપણે તો આપણાં કામ વડે શોભીયે. ઘરેણાં તો ખોવાય પણ ખરાં. તેના કરતાં તે આપણે સારા કામમાં આપી દઇયે. તું તો બહુ ડાહી છોકરી લાગે છે. વળી પોતાનો ગુન્હો કબુલ કરે છે. તારે રાજી થઇને બધાંય ઘરેણાં આપી દેવાં જોઇએ; તેમાંથી હું ગરીબ ઘરોમાં રેંટીયા આપીશ, તારા જેવાં બાળકોને ભણાવીશ. તારા જેવી બીજી છોકરીઓએ પણ પોતાનાં ઘરેણાં આપ્યાં છે."

હું બોલ્યો.

મધુરીના કાનમાં બે ઝીણાં માણેકનાં લવીંગીયાં હતાં. હાથમાં એક સોનાની ને એક કાચની બંગડી હતી. તે ધીમે સાદે બોલી:

"હું કાચની બંગડી આપું તો ચાલે?"

આ બાળકને હું શું જવાબ દઉં? એને તો મારી સાથે લઇ જઇને મારી દીકરી બનાવી લઉં? પણ મને તો એવી કેટલીયે દીકરીઓ છે. હું તો હાલ કૃપણ વાણીયો જ રહ્યો છું, લેવાનુંજ જાણું છું. તેથી હું બોલ્યો:

"તારી કાચની બંગડીનાં પણ હું તો નાણાં કરૂં, છતાં મને તો તારાં બધાં ઘરેણાં જોઇયે. તે આપવામાં શી મોટી વાત છે? એક તો તારૂં પાપ ધોવાશે ને મારા જેવાનું કામ થશે. આપણને તારાં ઘરેણાં સ્વરાજ્ય લેવામાં કામ આવશે. મને બધાં નહિ આપે?"

"હું મારી સોનાની બંગડી તો નહિ આપું. પણ મારાં આ (લવીંગીયાં બતાવીને) લેશો?"

"એ તો તું ઠીક બોલી, પણ મને આ બંગડી પણ આપે તો કેવું સારૂં?"

મધુરી કંઇક કચવાઇ. મેં તેને બકી ભરીને કહ્યું:

"ઠીક-ત્યારે લવીંગીયાં આપ. માતાજીની રજા લઇ આવ ને એ રજા આપે તો મને એ લવીંગીયાં આપજે."

મધુરી દોડી ગઇ. એક મિનિટમાં પાછી આવી. લવીંગીયાં ઉતારવાં શરૂ કર્યાં. દરમીયાન હું બોલ્યો:

"માજીની રજા લીધી?"

"મને રજા આપી છે'

"બધાં ઘરેણાં આપી દેવાનું કહ્યું?"

"બાએ તો બધાં ઘરેણાં આપી દેવાનું કહ્યું. પણ મારે મારી બંગડી નથી આપવી."

લવીંગીયાં ઉતર્યાં. મારા હાથમાં પડ્યાં. એક વળ નીચે પડી ગયેલો તે ધ્યાનથી શોધી મને મધુરીએ આપ્યો.

પણ મારો લોભ કેમે કર્યો ન જાય. મારી નજર પેલી બંગડી પરથી ન ઉતરે. હું આ બાળાનું નામ અત્યાર લગી જાણતો ન હતો. કોની છોકરી હતી તે પણ નહોતો જાણતો. મેં હવે નામ જાણી લીધું, તેના લાયક બાપને ઓળખી લીધા ને બોલ્યો:

અરે મધુરી! આ બંગડીમાં આટલી શી લાલચ? તારા જેવી નિર્દોષ છોકરીને તે વળી ઘરેણાં કેવાં? બંગડી પણ આપે નહિ?"

મધુરી પીગળી. તેણે પોતાને જ હાથે બંગડી ઉતારીને મારા હાથમાં મુકી! મને લાગ્યું કે હું જીત્યો.

પણ જીતી તો મધુરી. મારું મન એ બાળાએ ઘેરી લીધું તેનાં માતાપિતાનો મનમાં દ્વેષ કરવા લાગ્યો. એવાં બાળક સર્વ માતાપિતાને હજો એમ આત્માએ માગ્યું. મારો સ્વરાજ્ય વિષેનો વિશ્વાસ વધ્યો. મેં મધુરીને કહ્યું:

"હવે તો તેં હદ વાળી. તું બીજી બંગડી આપે તોયે ન લઉં. પણ આપ્યું તેટલું તેં ખુશી થઈને આપ્યું છે? તારે પાછું જોઈયે તો તું લઈ લે."

એમ કહી મેં ઘરેણાં તેની આગળ ધર્યાં.

"એ તો મેં તમને ખુશી થઈને આપ્યાં છે. મારે પાછાં નથી જોઈતાં."

મને સ્વાશેર લોહી ચડયું.

હું બ્હેનોનો દર્શન કરવા બીજા ઓરડામાં ગયો. બીજાં છોકરાં મધુરી ને માતી વચ્ચેનો સંવાદ સાંભળી રહ્યાં હતાં.

૨

પુષ્પા જે પડોશના કુટુમ્બની બાળા હતી તેણે પોતાની બંગડી કાઢી મારા હાથમાં મુકી.

" તેં માતાની આજ્ઞા લીધી છે? "

" હા જી. મને માએ રજા આપી એટલે હું તમને આ બંગડી આપું છું. "

" આ બધાં ઘરેણાં લેવાની મારી શરત તું જાણે છે? જે ઘરેણાં બાળકીઓ આપે તેવાં સ્વરાજ મળે ત્યાં લગી પિતાની પાસેથી બીજાં કરાવી આપવાની માગણી ન કરે. તેવાં બીજાં હોય ને પહેરવાં હોય તો પહેરે, પણ નવાં હાલ ન જ કરાવાય. "

"મારી પાસે એવી બીજી બંગડી છે. હું નવી નહિ કરાવું. મેં ખુશીથી તમને મારી બંગડી આપી છે."

મધુરી જોઇ રહી હતી. માતાજીની સાથે કંઇ વાતો પણ કરી રહી હતી. તેણે તો પેલી કાચની બંગડી ને બીજી સોનાની પણ ઉતારીને બન્ને મારા હાથમાં મુકી!

"આ કાચની તો લઉં છું, પણ મેં તને કહયું છે કે તું આપે તોપણ સોનાની તો ન જ લઉં, એટલે એ તો તું મને ન જ આપ. તેં તો બ્હેન, બહુ આપ્યું છે.

"હું તો તમને આપી ચૂકી, મારે એ નથી જોઇતી. મેં તમને ખુશીથી આપી છે. એ રાખો."

મધુરીએ મને હરાવ્યો મેં મારા વચનનો ભંગ કર્યો. પેલી બંગડી રાખી. ખાલી કાન ને ખાલી હાથવાળી મધુરી મને તો વધારે સુન્દર લાગી. મેં તેને હ્રુદયે ચાંપી.

હું હર્ષથી ઉભરાયો. ઇશ્વરને ધન્યવાદ આપ્યો.

મધુરી તો કામમાં રોકાઇ. તેણે બીજી બાળાઓના હાથ ખાલી કરાવવાનું શરૂ કર્યું. તેમાં તો ફાવી, ન ફાવી.

પણ કંઇ ફાવવા ન ફાવવા ઉપરથી ઇશ્વર તેની કિંમત કરવાનો છે? તેનું વચન તો એ છે કે 'તું કર્મ કર, ફળ તો મારે જ હાથ રાખ'

મધુરીએ તો પોતાનું 'કર્મ' પુરૂં બજાવ્યું. જગતને દેખાડવા નહિ, નાનકડા શરીરમાં રહેલ પોતાના વિશાળ આત્માને પ્રસન્ન રાખવા.

મધુરી અને પુષ્પાને ખાદી પહેરવાની રેંટીયો ચલાવવાની ભલામણ કરી, તે કુટુમ્બની સ્ત્રીઓની પાસેથી ખાદી રેંટીયા વિષે વચન લઇ, મધુરી અને પુષ્પાનું સ્તવન કરતો હું વિદાય થયો.

આવાં બાળકોના નિર્દોષ યજ્ઞથી પણ જો આપણને આજ વર્ષે સ્વરાજ્ય નહિ મળે તો આપણાં મોટાં કહેવાતાંનાં પાપોનો પુંજ કેવડો હોવો જોઇએ?

ઇશ્વર નિર્દોષ મધુરી અને પુષ્પાને સદાય જન્મ આપો. આપણે બધાં સ્ત્રીપુરૂષો તેવાં બાળકોના સ્વચ્છ આત્માને વંદીયે ને તેમની પાસેથી શીખીયે. નવજીવન.

મણિરાજની બાળગોષ્ઠિ.

મધુમક્ષિકાના સોંપેલા રાજકુમારને રાજાએ પોતાની આંગળીયે લીધો અને પ્રધાનને તેડવા મોકલી રાજા બાળકની સાથે ગોષ્ઠીવિનોદ કરી તેની પરીક્ષા કરવા લાગ્યો:

" કુમાર, હવે માતાજી વિના તમને ગમશે કે ? "

મણિ૦—" માતાજી વિના તો નહી ગમે, પણ આપને માતાજી વિના રહેવું પડે છે તેમ અમે પણ રહીશું. "

મધુ૦—" મહારાજ, એ ઉત્તરમાં કાંઇ બાકી રાખ્યું નથી. આપ અને માતાજી ઉભય પ્રતિ આ ઉત્તર સધર્મ છે. સર્વ ધર્મ જાળવી બાલકે બાલભાષામાં આપેલો ઉત્તર જ કહી આપે છે કે મ્હોટપણે એ રત્નનગરીના રાજાઓનું ધર્મવિચિત્ર્ય જાળવશે. "

મલ્લ૦—(પ્રસન્નમુખે બાલકનો હાથ ઝાલી) " અમારે તો રાજ્ય કરવું પડે છે—તમે શું કરશો ? "

મણિ૦—" આપ રાજ્ય કરો ત્યારે દેખાડી દેવાની કૃપા કરજો કે રાજ્ય આમ થાય. આપની સાથે રહીશું, આપ દેખાડશો તે દેખીશું, ને આપ કહેશો તે કરીશું. "

મધુ૦—" મહારાજ, બાલકે તો રાજવિદ્યાનું માગણું માગી લીધું—તે આપવું એ હવે આપના અધિકારની વાત. "

બાલકે હાથ ઉંચો કરી દાસીનું મુખ ડાબ્યું—" મધમાખ, અમે રાજાજી જોડે વાત કરીયે તેમાં વચ્ચે ગણગણવાનું તને કોણે કહ્યું છે ? —ત્હારે અમારી વાતમાં બોલવું નહી. "

મધુમક્ષિકા નીચી વળી કુમારને છાતી સરસો ડાબવા લાગી અને તેમ કરતાં કરતાં એની આંખમાં આંસુ ભરાયાં. તેને ડાબતી ડાબતી છોડી દેતી તે બોલીઃ "ઘણું જીવો, કુમાર! — મહારાજ! "પ્રભાતનો સૂર્ય ઉગતો ઉગતો તિમિરને આઘું ધકકેલે તેમ આપની પાસે આવતા ઉગતા રાજકુમાર, રાજવિદ્યાનો આરંભ કરતાં પહેલાં આજથી જ, મજ જેવાનો અધિકાર બંધ કરે છે ને કહે છે કે મ્હારી પાસે અવજ્ઞા પ્રવજ્ઞા નહી થાય."

મણિ૦—"મધમાખ, હજી તું ગણગણતી રહેતી નથી ને કહ્યું કરતી નથી."

મધૂ૦—"તે આપ મને શું કરશો?"

મણિરાજ પિતાશ્રી ભણી જોઇ બેલ્યોઃ "મહારાજ, માતાજીએ કહ્યું છે કે અવળે રસ્તે ચાલે તેને રાજાજી શિક્ષા કરે માટે હવે આપ જાણો?"

મધૂ૦—(હસી પડી) "ત્યારે આપનું બળ તો થઇ રહ્યું કે?"

મણિ૦—"હું ત્હારી સાથે બોલીશ નહી."

મધૂ૦—"મહારાજ, બાલકે આજ્ઞા કરવી જાણી, આજ્ઞા-ભંગની [1]અસહિષ્ણુતા બતાવી, આપે કરવાની શિક્ષા આપને સોંપી, અને સ્ત્રીજાતિને બાલકે કરવા જેવી શિક્ષા મને કરી-મારી સાથે અબોલા લીધા! મહારાજ, રાજસ્વભાવના વૃક્ષનો અંતર્ભાવ આ બાલકબીજમાં હતો તે બીજના અંકૂર આજ આપરૂપ સુર્યના તેજની પાસે ફૂટવા લાગે છે."

1 સહી જવાની અશક્તિ.

મણિ૦—" મહારાજ, મ્હારી વાત આપને કહી દીધી; ગમે તો આ મધમાખને ઉરાડી મુકો અને ગમે તો તેને ગણુગણુતી રોકો. મને આજ આપની સાથે વાતો કરવાનું મન થયું છે તે આની વાત જરી ગમતી નથી."

મધૂ૦—" કુમાર, આપ જાતે જ મને કહાડી મુકો તો હું તરત જાઉં."

મણિ૦—" હું કાંઇ તને કહાડી મૂકતો નથી. ત્હારા મધપુડામાં ભરાઇ જા ને ગણુગણીશ નહી એટલે થયું."

મધુ૦—" હ્યો, ત્યારે હું આ છાની રહી."

મણિ૦—" હવે ઠીક."

સહુ બોલતાં બંધ રહ્યાં. કુમાર મધુમક્ષિકા ભણી જોઇ રહ્યો, ત્હોયે એ બોલી નહી.

મણિ—" મધમાખ, બોલતી કેમ નથી?"

મધુમક્ષિકા બોલી નહિ. હસતી હસતી જોઇ રહી.

મણિ૦—" કેમ બોલતી નથી?"

મધુ૦—" તમે બોલવાની ના કહી તે શી રીતે બોલુ?"

મણિ૦—" હું બોલાવું ત્યારે તો બોલ."

મધુ૦—" તમારે એની પાસે શું બોલાવવું છે?"

મણિ૦—" માતાજીએ કહાવેલું બધું એમણે આપને કહ્યું, પણ કાલ રાત્રે રાણીજીએ ને મધમાખે પોતે મને કહેલું હતું તે આજ કહેતી નથી."

મધુ૦—" શું કહ્યું હતું?"

મણિ૦—" એ વાત મધમાખ કહે."

મધૂ૦— હું તો ભૂલી ગઇ છું."

મણિ૦—ભુ...લી...જા...ય! બોલી દે–રાણીજી રોજ તને જૂઠી કહે છે."

મધૂ૦—"એ તો એમનું જુઠું ખાઉં માટે જૂઠી કહે છે."

મણિ૦—"વારુ બોલતો ખરી!"

મધૂ૦—"શું બોલું? જરા સંભારી આપો તો બોલું."

મણિ૦—"પેલું– લાકડાના ઘોડાને ઠેકાણે ખરો ઘોડો ને એવું બધું:"

મધુમક્ષિકા હસવા લાગી. "હા, હા, મહારાજ, કુમારને પાસે બોલી કરી આણેલા છે."

"તે બોલી શી તે કહે ને?"

જરાશંકર એટલામાં આવ્યો ને પાસે બેઠો. કુમારને ખોળામાં લીધો.

મધૂ૦—"કુમાર આજથી માતાજીનું મન્દિર છોડી આપણી પાસે આવ્યા છે તે બોલી કરીને આવ્યા છે."

જરા૦—"હે" કુમાર શી બોલી કરી છે?

મણિ૦—"આજથી મ્હારા લાકડાના ઘોડાને ઠેકાણે હવે મને ખરો ઘોડો આપવાનો."

જરા૦—"બીજું કાંઇ?"

મણિ૦—"હવે મ્હારે રમવાનું મુકી દેઇ ઘોડે ચ્હડવાનું, પટા રમતાં શીખવાનું, ને બઇરાંને મુકી મ્હારાજની અને પ્રધાનજીની સાથે ફરવાનું ને દરબાર ભરાય તેમાં આવવાનું."

જરા૦—"કેમ મધૂ મક્ષિકા, આવી બોલી કરી છે?"

મધૂ૦—"હા જી."

મણિ૦—"હવે હું મહારાજની સાથે જમવાનો."

જરા૦—" એમાં તો મહારાજની આજ્ઞા જોઇએ."

મણિ૦—"તે તમે અપાવો કે મધમાખ અપાવે. હું નહી માગું."

જરા૦—" પિતાજીની પાસે તો માગવી પડે."

મણિ૦—" માતાજીએ કહ્યું છે કે ક્ષત્રિયો માગે નહી."

જરા૦—" ત્યારે જોઇતું હોય તે શી રીતે મેળવે ? "

મણિ૦—" જાતે મેળવે, બળે મેળવે, તરવાર વડે મેળવે."

જરા૦—" ત્યારે આપ પણ મેળવો."

મણિ૦—"મ્હેં બોલી કરી છે તે મધમાખ નહિ અપાવે તો એના ઉપર રીસાઇશ એટલે એ એની મેળે અપાવશે."

મધુ૦—"કુમાર, મ્હારે તો આપની પાસેથી હવે જવાનું."

મણિ૦—"જાય ક્યાં? બોલી પાળ્યાં વગર જાય તો બારણા વચ્ચે ઉભો રહી રોકું."

જરા૦—" કુમાર, હવે તમારી બોલી મહારાજ પાળશે."

મણિ૦—" મહારાજ આપને આજ્ઞા કરે તો બોલી પળાઇ સમજું."

જરા૦—" તે આજ્ઞા કરી જ સમજો."

મણિરાજે મહારાજ સામું જોયું. મહારાજને હસવું આવ્યું.

મણિ૦—" રાણીજીએ કહ્યું છે કે આપની આજ્ઞા વગર કાંઇથી ચલાય નહિ ને પ્રધાનજી કામ કેમ પોતાની મેળે કરે છે?"

મહા૦—" એમને જ પુછો."

જરા૦—" કુમાર, મહારાજ પ્રસન્ન થાય ત્યારે એમની આજ્ઞા થઇ સમજવી."

મણિ૦—"ત્યારે અમે પણ એમને પ્રસન્ન જ કરીશું એટલે અમારી મરજી પ્રમાણે થશે."

જરા૦—"એમ જ."

મધુ૦—"મહારાજ, કુમાર સોંપી હું હવે રજા લઉં છું."

મણિ૦—"મધમાખ, માતાજીએ કહ્યું છે કે રાજાએ અને કુમારોએ સેવકોની ચાકરી જાણવી માટે ઉભી રહે."

સઉ જોઇ રહ્યાં.

મણિ૦—"મહારાજ આપની આજ્ઞા હોય હોય તો મ્હારાં રમકડાં મધમાખના દીકરાને આપવાનાં છે તે હું માતાજીના મંદિર જઇને એને આપું."

મહારાજ પુત્રની કૃતજ્ઞતાથી પ્રસન્ન થયો અને તેને ખોળામાં લેઇ બોલ્યો "કુમાર, માતાએ જે જે કહ્યું છે તે સરત રાખજો ને એમને મંદિરે જઇ મધમાખને ખુશી કરો. મધુમક્ષિકા કુમારને વાસ્તે યોગ્ય વ્યવસ્થા કરતા સુધી માતાજીની જ પાસે જ થોડા દિવસ રાખજે ને હું બોલાવું એટલે લાવજે."

મણિ૦—"મહારાજ, હું હવે રમકડાં રમવાનો નહિ."

મહારાજ હસીને બોલ્યો: 'ના, કુમાર, નહી. હવે તમારે બેસવાને ઘોડો ને રમવાને પટા ને રમવાને બાણ આવશે—પ્રધાનજી સત્વર મોકલાવશે."

મણિ૦—"તે શીખવશે કોણ?"

મહા૦—"તે પણ આવશે?"

મણિ૦—"અને આપ ક્યારે બોલાવશો?"

મહા૦—"સાંજે ફીલો જોવા લેઇ જઇશું."

મણિ૦—"હા! મધમાખ, હવે ચાલ ને ઘેર જઇ ત્હારા દીકરાને લાવ હું તેને રમકડાં આપી દેઉ."

મધુ૦—"તે મને આપજો એટલે હું એને આપીશ."

મણિ૦—"ના. તું તો ઘરમાં રાખી મુકે ને મ્હારા દીકરાને આપે નહી. એ તો હું જ એને આપીશ તે ને મ્હારી પાસે લાવજે, ને જો પાછાં એની પાસેથી ખુંચી લીધાં તો જોજે મ્હારી વલે."

મધૂ૦—"એમ કરજો. ચાલો હવે મહારાજની રજા લઇએ –

મણિરાજે એનું મ્હોં ફેરી ડાખ્યું.

મધૂમક્ષિકા હાથ ખસેડતી બોલીઃ "કેમ મ્હોં ડાબો છો?- જવાની ઇચ્છા નથી ?"

મણિ૦—"અહી ઉભી રહે. મહારાજ જશે ત્યારે જઇશું."

મધુ૦—"ત્યાં સુધી શું કરીશું? મહારાજને હવે કામ હશે."

મણિ૦—"મહારાજ પ્રધાનજી જોડે બોલશે તે સાંભળીશું."

મધુ૦—"મહારાજની ખાનગીવાતો આપણાથી સંભળાય નહી."

મણિ૦—"ત્યારે રજા લે."

આટલી વાર રાજપધાર પરસ્પર વાતોમાં ભળ્યા હતા તેને મધુમક્ષિકા કહેવા લાગીઃ

"મહારાજ, હું ત્યારે આજ્ઞા માગુ છું ને કુમાર સાથે લેઇ જઉંછું—પણ જતાં જતાં માતાજીના સંદેશા ઉપરાંત હું રંક કાંઇ વિજ્ઞપ્તિ મ્હારા તરફથી કરું તે સાંભળવી જોઇએ."

મલ્લ૦—"બોલ."

મધુ૦—"મહારાજ! સામાન્ય મનુષ્યોને પણ પુત્રરત્ન મૂલ્યવાન હોય તો રાજાને હોય તેમા નવાઇ નથી."

* * * *

"મધમાખ, ગણગણતી રહી ?"

મધુ૦—"હા, આપને કાંઇ કહેવું છે ?"

મણિ૦—"એક બોલી તું કરે તે વગર હું આવવાનો નથી."

મધુ૦—"શી બોલી ?"

મણિ૦—"ભરતે સિંહના દાંત ગણવા માંડયા ને શકુંતલા આવી ત્યારે ભરતને મુકી રાજા સાથે એ વાતો કરવા મંડી ગઇ ને ભરતને ન બોલાવે શકુંતલા ને ન બોલાવે દુષ્યંત!"

મધુ૦—"તેનું આજ શું છે ?"

મણિ૦—"રાણીજીને ત્હારે કહેવું કે મ્હારે આમ ભરતના જેવું ન થાય. મ્હારી સાથે તો આખો દહાડો ને રાત ભરતની ને લવકુશની વાતો કર્યા કરે તો આવું." સૌ હસી પડયા.

મધુ૦—"તે રાણીજી કાંઇ મ્હારા હાથમાં ? આપ એમને કહેજો."

મણિ૦—હું આવ્યો ત્યારે રાજાજી ત્હારા હાથમાં ખરા ને હવે જતી વખત રાણીજી નહી. આવ્યો ત્યારે કેમ બોલી કરી હતી ?—જા, નહિ આવું ત્હારી સાથે."

સર્વ હસી પડયાં,

મલ્લ૦—"કુમાર, જાવ રાણીજીને કહેજો."

મણિ૦—"હું રાણીજી પાસે માગવાનો નહી. હમે રાજકુમારો તો ખળે કરી લઇએ તે આવો ચાલ નહી ચુકું. આપ દુષ્યંત રાજા જેવું કરશો તો મને નહી ગમે. મ્હારી સાથે તો વાતો કર્યાં કરશો તો મને ગમશે." રાજા પ્રધાન ફરી હસી પડયા. મધુમક્ષિકા મ્હોં મલકાવી શરમાઇ ગઇ.

મધુ૦ "કુમાર બોલી કરી બાંધશે. માગવાના નહી. ચાલો ત્યારે એમ કરીશું."

મણિ૦—"જોજો હાં ફરી જશો તો પછી જોજો. હું ખુશી

નહી રહું ને તને કાયર કરીશ.

એમ બે જણ વાતો કરતાં કરતાં ગયાં. તેમની પાછળ રાજાની દૃષ્ટિ ગઇ. કુમાર આગળ ચાલી ધાત્રીને હાથ ઝાલી ખેંચતો હતો અને ઉતાવળી ચલાવતો હતો. એ બે અદૃશ્ય થતાં રાજાની દૃષ્ટિ પાછી વળી સૂર્યમાંથી કિરણ ફૂટે તેમ રાજાના મુખસૂર્યમાંથી પૂત્રાભિમાનનો આનંદ ભભુકતો હતો.

સરસ્વતીચંદ્ર ભાગ ૩ જો

ભિક્ષુ શિક્ષક.

આજકાલ જેવા વૈરાગીઓ છે. તેના જેવા જ બુદ્ધના સમયમાં શ્રમણો હતા. આ શ્રમણોમાં પુષ્કળ પંથો હતા. કેટલાકને સામાન્ય લોકોની મુદ્દલ પરવા હતી નહી. પણ કેટલાક પોતાની તપશ્ચર્યાનો માર્ગ ગૃહસ્થોને પણ પોતાની શક્તિ પ્રમાણે સ્વીકારવાનું કહેતા. આથી તેવા પંથોમાં શ્રમણ અને તેમના શ્રાવક એવા બે વિભાગ પડયા હતા.

આ સમયે ગોતમે લોકોદ્ધારનો માર્ગ શોધી કાઢવા માટે ગૃહત્યાગ કરી શ્રમણત્વ સ્વીકાર્યું યોગાભ્યાસ કર્યો દેહદંડ કર્યો પરંતુ તેને ખરા માર્ગનો બોધ થયો નહિ. છ વર્ષ પછી દેહદંડથી કંટાળી થોડો થોડો આહાર લેવાનું તેમણે શરૂ કર્યું અને છેવટે ઉરુવેલામાં (હાલનું બુદ્ધગયા) વૈશાખી પૂર્ણિમાની રાત્રે એક પીપળાના ઝાડ નીચે તે ધ્યાનસ્થ બેઠા હતા, તે સમયે આ માર્ગ તેમને જડયો. કાયા, વાચા અને

મનથી લોકકલ્યાણનો સતત પ્રયત્ન કરવો અને તેમાં પણ પોતાનું મન બદ્ધ થવા ન દેવું એ તે માર્ગનો સાર હતો.

આ પ્રેમમાર્ગનો પ્રસાર કરવા માટે બુદ્ધને સ્વયંસેવકો જોઈતા હતા, અને તે સંસારમાં ગુંથાયેલા લોકોમાંથી શરૂઆતમાં મળવા કઠણ હતા, અર્થાત બુદ્ધે પોતાનો મધ્યમ માર્ગ સૌથી પહેલાં શ્રવણોને ઉપદેશ્યો. તેમની સાથે તપશ્ચર્યા કરનારા પાંચ ભિક્ષુઓ તેમને છોડી કાશીમાં આવી રહ્યા હતા. ગયાથી નીકળી ત્યાં જઈ બુદ્ધે તેને ઉપદેશ કર્યો, અને તેમને એક પછી એક પોતાના શિષ્યો કર્યા. ત્યાંજ તેમને પંચાવન તરુણ સ્વયંસેવકો મળ્યા. આ બધાને ભિક્ષુક બનાવી બુદ્ધ ભગવાન બોલ્યા, "હે ભિક્ષુઓ! હું આ લોકના અને સ્વર્ગલોકનાં સર્વ બંધનોમાંથી મુક્ત થયો છું. તેજ પ્રમાણે તમે પણ આ સર્વ બંધનોમાંથી મુક્ત થયા છો. હવે તમે લોકોના કલ્યાણ માટે ચારે દિશાઓમાં સંચાર કરો. આરંભમાં કલ્યાણકારી મધ્યમાં કલ્યાણકારી અને અંતમાં કલ્યાણકારી એવા મારા ધર્મનો સર્વ લોકોને ઉપદેશ કરો અને શુદ્ધ બ્રહ્મચર્યનું સર્વ લોકોને જ્ઞાન કરાવો. એક રસ્તે બે જણા જશો નહિ. હે ભિક્ષુઓ! આ જગત્‌માં એવા ઘણા લોકો છે કે જેમની બુદ્ધિ સર્વથા મલીન થઇ નથી પણ ધર્મવાક્ય કાને ન પડવાથી તેઓની હાનિ થતી દેખાય છે. તેથી મારો ધર્મ જાણવાને સમર્થ તમને પુષ્કળ મળશે"

ત્યાર પછી બુદ્ધે બીજા પણ ભિક્ષુઓ તૈયાર કર્યા અને તેઓને સર્વત્ર ફરવા મોકલ્યા. એ લોકો તે સમયે જાહેરના પ્રદેશોમાં વર્ષના આઠ કે નવ મહીના જ્યાં ત્યાં ફરી લોકોને

ઉપદેશ કરતા અને ચોમાસાના ચાર કે ત્રણ મહિના એક ઠેકાણે વસ્તીમાં રહેતા. પરંતુ આ સમયે પણ નવરા બેસી રહેવામાં વખત ન ગાળતાં ધાર્મિક ચર્ચા કરતા અથવા ધ્યાન-સમાધિ વધારવાનો પ્રયત્ન કરતા. જેઓને બુદ્ધ પાસે જવાની તક મળતી તેઓ ચોમાસાના ચાર મહિના તેમની પાસે રહીને પોતાની શંકાઓનું સમાધાન કરી લેતા અને ચોમાસું પુરૂં થતાં લોકશિક્ષણનું કામ આગળ ચલાવતા.

પોતાના મનોવિકાર ઉપર જય મેળવ્યા સિવાય બીજાને ઉપ-દેશ કરવાનો ભિક્ષુઓને અધિકાર મળતો નથી એવું બુધ્ધનું કહેવું હતું.:—

કોઇ એક માણસ ઊંડી અને જોરથી વહેતી નદીમાં ઉતરતાં નીચેની બાજુએ ઘસડાઇ જાય તો તે બીજાને (બુડતાને) શી રીતે તારી શકે?

તેથી બુધ્ધે ભિક્ષુઓને પોતાનાં શીલનું રક્ષણ કરવાનો વારંવાર ઉપદેશ કર્યો છે એમાં કાંઇ આશ્ચર્ય નથી. એક બીજાના સહવાસથી એક બીજાના દોષ દેખાઇ આવે અને તે સુધરવામાં મદદ થાય એ માટે તેઓએ સંઘની સ્થાપના કરી. જો એકાદ ભિક્ષુથી દોષ થાય તો તેને તે સંઘની સમક્ષ કબુલ કરવો પડતો અને ફરીથી તેવી ભૂલ ન થાય તે માટે તે પ્રયત્ન કરતો. આ બૌધ્ધ સંઘે હિન્દુસ્તાનના પ્રાચીન લોકશિક્ષણ માટે મોટું કાર્ય કર્યું છે.

બુધ્ધની પૂર્વે અને બુધ્ધના સમયમાં વાયવ્ય ખુણામાં તક્ષ-શિલાનું મોટું વિશ્વવિદ્યાલય હતું પણ ત્યાં જઇ વિદ્યાભ્યાસ કરવો એ સામાન્ય લોકોની શક્તિની બહાર હતું. ક્ષત્રિયોના

અને બ્રાહ્મણના છોકરાઓ ત્યાં જઇ અભ્યાસ કરતા. બીજી જાતિના પણ જો સાહસિક હોય તો તે પણ ત્યાં જઇ શકતા. પણ સામાન્ય લોકોને તક્ષશિલાનો ફાયદો મળવો અશક્ય હતો. આવા સમયે બૌદ્ધ સંઘે દયાધર્મની સંસ્કૃતિ હિન્દુસ્તાનના ગામે ગામ પહોંચાડવામાં મદદ કરી અને તેથી બૌદ્ધધર્મ શરૂઆતથી જ અત્યંત લોકપ્રિય થયો.

ફાહિન, હુએનસાંગ, ઇત્સિંગ વગેરે ચિનાઇપ્રવાસીઓએ પોતાના પ્રવાસ–વર્ણનોમાં પાટલીપુત્ર, નાલન્દા ઇત્યાદી બૌદ્ધ વિશ્વવિદ્યાલયોનો સવિસ્તર અહેવાલ આપેલો છે. તે ઉપરથી એમ દેખાઇ આવે છે કે કેવળ સામાન્ય શિક્ષણ જ નહિ પણ ઊંચા દરજ્જાના શિક્ષણનું કામ પણ બૌદ્ધોને હાથે થતું આવા વિહારોમાં બૌદ્ધ વાઙ્મયનું જ નહિ પણ વેદવેદાઙ્ગ અને બીજી ઉપયોગી કલાઓનું સાંગોપાંગ અધ્યયન અને અધ્યાપન કરવામાં આવતું. એટલે કે ભારતીય સંસ્કૃતિનું કોઇ પણ અંગ અહિંઆં છોડી દેવામાં આવતું નહિ. પરંતુ આ પ્રવાસનાં વર્ણનો ઉપરથી લોકશિક્ષણ કેવા પ્રકારનું હતું તેની અટકળ કરી શકાતી નથી. તોપણ આજકાલ સિંહલદ્વીપ, બ્રહ્મદેશ વગેરે સ્થાનોની બૌધ્ધોની શિક્ષણ પદ્ધતિ ઉપરથી, અશોકથી શિલાદિત્ય સુધી હિંદુસ્તાનની શિક્ષણપદ્ધતિનું સહજ અનુમાન કરી શકાય એમ છે.

નાલન્દા જેવા સ્થળે અભ્યાસ પૂરો થયા પછી ભિક્ષુ નાના ગામડાઓમાં વિહાર માટે જતા અને ત્યાં દરેક જાતના લોકોને શિક્ષણ આપતા. શ્રીમંત છોકરાઓના માબાપ ભિક્ષુઓને ખાવા પીવાની મદદ કરતા અને ગરીબોના છોકરાઓને મફત

શિક્ષણ મળતું. બ્રહ્મદેશ જ્યારે અંગ્રેજોએ જિત્યો ત્યારે તેના સેંકડે છાસઠ ટકા લોકોને લખવા વાંચવાનું ઉત્તમ જ્ઞાન હતું અને બૌદ્ધધર્મગ્રન્થ સારી રીતે વાંચતા આવડતાં. ત્યાં ભિક્ષુ-ણીઓના વિહારો પુષ્કળ ન હોવાથી સ્ત્રીઓના શિક્ષણની એટલી કાળજી લેવાતી નહી, માટે આ પ્રમાણ સેંકડે છાસઠ ટકા જેટલુંજ રહ્યું, પણ જે સમયે ઉત્તર હિન્દુસ્તાનમાં ભિક્ષુઓના અને ભિક્ષુણીઓના વિહારો સર્વ ઠેકાણે ફેલાયલા હતા તે સમયે ત્યાં લોકશિક્ષણનું પ્રમાણ કેટલું હશે તેની ફક્ત કલ્પના જ કરવી જોઇએ.

શ્રીહર્ષના મરણ પછી આ યુગ બદલાયો. જાતિભેદનું તોફાન જોરથી શરૂ થયું; શૂદ્રોને શિખવવું એ મોટો અપરાધ ગણાવા લાગ્યો. ભિક્ષુઓને પણ પોતાના જીવનું રક્ષણ કરવા માટે બીજા દેશોનો આશ્રય લેવો પડયો. અહિંસાને સ્થાને હિંસા-નું સામરાજ્ય થવા લાગ્યું. બ્રાહ્મણનો છોકરો મરતાં તેને જીવંત કરવા માટે જૂવાન શુદ્રતાપસને રામે ઠાર માર્યો એવી કા-લ્પનીક કથાઓ આગળ આવવા લાગી. અને આ બધાનું પરિણામ દસમા સૈકામાં એ આવ્યું કે હિંદુસ્તાનમાં સમતા-નું તત્વ અત્યંત નષ્ટ થઇ ગયું અને સામાજીક અનવસ્થા શરૂ થઇ. એક બીજાને મારવાની પશુઓ જેવી પ્રથા શરૂ થ-ઇ તેથી એક ધર્મ પંથમાં એકઠા થયેલા મુસલમાનોને આખો હિંદુસ્તાન જીતતાં મહેનત પડી નહિ. છેલ્લા હજાર વર્ષથી આપણે કેવા પ્રકારની સ્થિતિમાં પડયા છીયે એ વિચારશીલ વાંચકો ને કહેવાની જરૂર નથી. સામાન્ય શુદ્ર વર્ગોના અનેક રીતે અંત્યજોનો પ્રશ્નતો આપણી આગળતો છે જ, પણ હિ-

આ વર્ગોની સ્થિતિ ઉત્તમ છે એમ પણ કહી શકાય નહિ. અંત્યજો કરતાં આપણે ઉંચા છીએ એવા ડોળથી તેમનું સમાધાન થતું હોય તો ભલે થાય, પરંતુ સુધરેલા દેશોમાં તેઓને અંત્યજોનાં બાંધવો કરતાં ઊંચો દરજ્જો કોઇ આપતું નથી.

આ સ્થિતિ બદલવાનો આપણો પ્રયત્ન છે. હજારો વર્ષોના સંસ્કારથી હલકામાં હલકી સ્થિતિએ પહોંચેલા આપણા બાંધવોની ઉન્નતિ માટે આપણે સ્વયંસેવક થઇ ભિક્ષુઓની માફક ગામે ગામ જઇ લોકશિક્ષણનું કામ કરવું જોઇયે. પણ જો આપણું ચારિત્ર્ય શુદ્ધ ન હોય તો જશ મળવાનો નથી. ૧૯૦૫ માં સ્વદેશીની ધુન ચાલી હતી. ૧૯૦૬ માં, પરલોકવાસી દાદાભાઇ નવરોજી સ્વરાજ શબ્દ અમલમાં લાવ્યા અને તે ધુનને સારૂં વલણ આપવાનો પ્રયત્ન કર્યો, તે સમયે એક ગૃહસ્થ સરકારી નોકરી છોડી સ્વરાજ્ય પ્રાપ્ત માટે રાષ્ટ્રીય શાળામાં ગયો. એને શિક્ષકનું કામ સોંપવામા આવ્યું, પણ તે કોઇ દિવસ વખતસર આવતો ન હતો તે વિષે મુખ્ય અધ્યાપકે પુછતાં તેણે જવાબ આપ્યો કે 'અરે! સરકારી નોકરીમાં હતો ત્યારે વખતસર ઓફીસમાં ન જાઉં તો સાહેબ એકલી ગાળો જ દેતો. તે ગુલામગિરી છોડી અહીંયાં સ્વરાજ્ય છે એમ સમજી હું આપની શાળામાં આવ્યો અને પૈસાનો આટલો મોટો સ્વાર્થ ત્યાગ કર્યો, પણ અહિંઆં જોઉં છું તો એજ ગુલામગિરી!'

આ ગૃહસ્થની સમજણ એવી હતી કે એકવાર સરકારી નોકરી છોડી દીધી અને સ્વરાજ્યના કામમાં લાગ્યા એટલે

ગમે તેમ વર્તવાની પુર્ણ છુટ હેવી જોઇએ; પણ વસ્તુસ્થિતિ એનાથી ઉલટી છે. પોતે સ્વયંસેવક થયો એટલે સૌથી વધારે નિયમિતપણે અને યોગ્ય રીતે વર્તવાની જવાબદારી પોતાના ઉપર આવે છે. બોદ્ધસંઘમાં ભિક્ષુ જયાંસુધી નિયમને અનુસરી વર્તતો ત્યાંસુધી તે પુર્ણપણે સ્વતંત્ર હતો પણ તેના હાથે જો કાંઇ ભુલ થાય તો તે પોતાની જાતે જ સંઘની માફી માગતો—એટલે કે પૂર્ણ સ્વાતંત્ર્યનો પોતાને હાથે દુરુપયોગ થયો એમ લાગતું તો તે પ્રાયશ્ચિત કરતો. આ વાત જો આપણા રાષ્ટ્રીય સ્વયંસેવકો ધ્યાનમાં રાખે તો પોતાની જવાબદારી ઓળખી પોતાના સ્વાતંત્ર્યનો દુરુપયોગ કરશે નહિ, અને નિયમથી, યોગ્ય રીતે; પ્રેમથી અને સદાચરણથી વર્તી સામાન્ય જનસમૂહને તે આદર્શરૂપ થશે.

ધર્માનંદ કોસંબી.

દેશની ખાતર ભગવાં ઉતારો.

સાધુ—જય સચ્ચિદાનંદ! મને ઓળખ્યો કે?

સેવક—તમે આ ભગવાં તો ત્યારે નહોતાં ધારણ કર્યાં.

સાધુ—હા, બાપાજી, મને એક મહાત્માએ પહેરાવ્યાં ને મેં પહેર્યાં.

સેવક—તમે વિચાર સરખોયે ન કર્યો?

સાધુ—મહાત્મા ઉપર મારી શ્રદ્ધા હતી. હું થોડો થોડો ધર્મનો વિચાર કરતો, એટલે મેં જાણ્યું કે મહાત્મા કહે છે તેમ કરાય.

સેવક-તમને ભગવાં પહેરેલા જોઇ માણુસો તમને પૂજે છે કે?

સાધુ-હા બાપાજી, માન તો આપે.

સેવક-તમે પૂજાને યોગ્ય છો કે?

સાધુ ના , એવું તો કેમ કહેવાય? હું તો રાગદ્વેષથી ભર્યો છું.

સેવક- તમે તો ભિક્ષા પણ માગો?

સાધુ-એમ તો ખરૂં.

સેવક-ભિક્ષાના બદલામાં કંઇ કહો છો ખરા?

સાધુ-બહુ તો નહિ, પણ કોઇ કોઇ વાર ઉપદેશ આપીયે ખરા.

સેવક-તમે કંઇ અભ્યાસ કર્યો છે કે?

સાધુ-થોડો જ તો ખરો. કંઇક પ્રાકૃતમાં શાસ્ત્ર વાંચ્યાં છે.

સેવક-આમ જીંદગી ગાળવાથી તમને સંતોષ થાય છે ખરો?

સાધુ-સંતોષ થાય તો તો શું જોઇયે? હું તો ફાંફાં મારૂં છું. મારે જે સારૂં હોય તે જ કરવાની ઇચ્છા તો બહુ છે. તમે કંઇ રસ્તો બતાવશો?

સેવક-ભગવાં ઉતારો એમ કહેવાનું મને બહુ મન થાય છે અને એ સ્હેલું છે. પણ હવે તો ભગવાં કેમ શોભે એ આપણે વિચારવું વધારે સારૂં છે.

સાધુ-એવું થાય તો તો સૌથી સારૂં.

સેવક-તમે હિંદદેવીના ઉપાસક છો એમ તો હું જાણું છું.

સાધુ-એવી ઇચ્છા તો ખરી.

સેવક-તમે દેવીને જોયાં છે?

સાધુ-હું ન સમજ્યો.

સેવક-હિંદ દેવીનો ચિતાર તમારા મનમાં ખરો થાયછે ખરો?

સાધૂ-મેં વિચાર્યું નથી.

સેવક-હું સુચવું છું કે દેવીએ જાપાનની સાડી પહેરી છે. તેની પારીસની અતલસની ચોળી ઉપર પારીસની લેસનું મોળીયું છે. તેને કપાળે નાનો પારીસમાં બનેલો ચાંલ્લો છે. તેના હાથના કાંડામાં વિલાયતી બંગડી છે. જમણા હાથમાં સોના જેવી ચળકતી બાજરી અને મોતી વર્ણ પાસે પડેલા ઘઉંના રંગ જેવો છે. દેવીનું મ્હોં વીલુ પડી ગયું છે. રોતા હોય તેવો દેખાવ દે છે. આસપાસ દુકાળીઆ જેવાં તેના છોકરાંઓ ખેતરમાં ધીમે ધીમે કામ કરી રહ્યાંછે. ડાબી બાજુએ રેંટીયા પડયા છે તેને ઉધઇ વળગી છે માળ તુટી ગયેલી છે ચમરખાં પડુ પડુ થઇ રહ્યાં છે. આસપાસ અમારા બૈરાંઓ બેઠાં ઝોલાં ખાયછે. બેચાર વણકરો થોડું કાપડ વણી રહ્યાં છે.

સાધૂ-દેવીનો ચિતાર તો એવો ખરો.

સેવક ત્યારે દેવી તમને ને મને શું કહી રહ્યાં છે એ તમે સમજી શકો?

સાધુ-આપણે ઉદ્યમ કરવો એ જ તો.

સેવક-એ તો છે જ. જે યજ્ઞ (શરીરમહેનત) ન કરે તે ચોર છે એમ ગીતા વાક્ય છે. પણ એથી વિશેષ આપણને દેવી કહેતાં નથી?

સાધૂ-તમેજ કહેશો?

સેવક-દેવીના દેખાવ પરથી દેવી આપણને એમ સુચવતાં લાગે છે કે " મને આ પરદેશી પોષાકમાંથી છોડવો. આ

બાઇઓ જે ગોઠાં ખાય છે તેને સારૂ રેંટીયા સાફ કરો ને તેમને પાછી સુતર કાંતતી કરો.

સાધુ તમારી વાત તો સોનામહોર જેવી લાગે છે.

સેવક ૯ .રે તમારૂં ભગવું કેમ શોભે એનો નિકાલ આપણે કરી શકીએ ખરા. અનેક સાધુઓ ભગવું લજાવે છે. તેઓ દેશ ઉપર બોજા રૂપ છે એમ તો તમે કબૂલ કરશો જ.

સાધુ એમાં કોઇથી ના પડાય જ નહિ.

સેવક-ત્યારે તમે સુતર કાંતતાં ને કપડાં વણતાં શીખી બીજાને તે શીખવી તમારો ને તેઓનો ઉદ્ધાર કરો. તમારો રેંટીયો તમારી વતી ઉપદેશ કરશે.

સાધુ-મને લાગે છે કે ભગવું ધારણ કરવામાં મેં ઉતાવળ તો કરી છે. મારો ઇરાદો સારો હતો; પણ હવે હું થોડા જ દહાડામાં કાંતવાવણવાનું તો શીખીશ.

નવજીવન.

શાન્તિનિકેતનમાં એક સપ્તાહ

કલકત્તા કાંગ્રેસ વખતે ગાંધીજીની તબીયત ખૂબ બગડી હતી અને તેઓ દાર્જીલીંગ જવાના વિચારમાં હતા, તેવામાં પ્રેમળ મિ. એન્ડ્રુઝનો તાર આવ્યો કે 'શાન્તિનિકેતનમાં તમને જેવી શાન્તિ અને આરામ મળશે તેવો કોઇ દાર્જીલીંગ નહિ આપી શકે, અહીં જ આવો.' એટલે ગાંધીજી દાર્જીલીંગનો વિચાર છોડી શાન્તિનિકેતન ગયા. શાન્તિનિકેતન કલકત્તાથી ઉત્તરે સો માઇલ ઉપર આવેલા બોલપુર ગામની નજીકમાં

આવેલું છે. મહર્ષિ દેવેન્દ્રનાથ ઠાકુરની થોડી જુની મિલકત હતી તેની આસપાસ બીજી વધારે જમીન લઇ આ બ્રહ્મચર્યાશ્રમ સ્થાપવામાં આવેલું છે. અનેક કોશો સુધી વિસ્તરેલા વેરાન મેદાનમાં સુંદર વૃક્ષોથી ભરેલું આ સ્થાન મોટા રણુ માંહે એક લીલાછમ ટાપુ જેવું વિરાજી રહેલું છે. જમીનની ખૂબ મોકળાશને લીધે વિદ્યાર્થીઓનાં અભ્યાસગૃહો અને આવાસગૃહો અને શિક્ષકોનાં આવાસગૃહો એ બધાં એક બીજાથી ઠીક ઠીક અંતરે બાંધવામાં આવ્યાં છે. સૌ ગૃહો કલાની દૃષ્ટિથી જોતાં કોઇ તપસ્વીના આશ્રમને શોભે એવી ઢાબઢાઇથી બાંધવામા આવેલાં છે, વિદ્યાર્થીઓનાં ગૃહો સુંદર આમ્ર બકૂલ અને આમલકીની વૃક્ષરાજીઓથી વીંટળાયલાં છે, અને એ ગૃહો અને વૃક્ષો કવિવર રવિન્દ્રનાથના, બાળકોને માટે રચેલા 'આમાદેર શાન્તિનિકેતન' વાળા કાવ્યમાં અમર થયાં છે. મહર્ષિ દેવેન્દ્રનાથની સ્મૃતિ સૂક્ષ્મ રીતે તો જયાં ત્યાં નજરે પડે છે, સ્થૂલ રીતે જાળવી રાખવા માટે તેઓ સમાધિસ્થ થયા તે સ્થાને એક બકુલ વૃક્ષ તળે આરસના ચોતરા ઉપર ઉભી કરેલી આરસની શિલા ઉપર અલ્પ પણ અર્થઘન અને પ્રેમઘન શબ્દોમાં આ પ્રમાણે લેખ છે:

તેઓ અમારા પ્રાણના આરામ

મનના આનંદ

આત્માની શાંતિ

આ રમ્ય વાતાવરણમાં વૃક્ષો તળે બેસી વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે, અને અભ્યાસ વિનાના સમયમાં રવિબાબુનાં ગીતો લલકારતા ફરે છે. હું એટલે સુધી તો ન જ કહું કે ત્યાંનું

જીવન સંગીતમય છે, પણ એટલું તો ખરૂં કે કોઇ પણ ઘડીક માટે ત્યાં જનારને લાગ્યા વિના ન રહે કે સંગીત એ જ જાણે તેમનું જીવન છે.

રવિબાબુનું રહેવાનું ઘર આ રચનાથી બે'ક ફર્લાંગ દુર બાંધવામાં આવ્યું છે. મૂળ તો શાન્તિનિકેતનની શાન્તિ જ ભારે અને તેમાં આ તો બધાં ગૃહોથી દૂર આવેલું એટલે ત્યાં અપાર શાન્તિ છે. આ ઘરમાં ગાંધીજીને રાખ્યા હતા. અમે રહ્યા તે દરમિયાન વરસાદ આખો દિવસ પડતો હતો એટલે ગાંધીજીને જે સુકી હવા જોઇતી હતી તે ન મળી, પણ શાન્તિ અને આરામથી જે લાભ થાય તેટલો તો થયો જ.

આ શાન્તિના કરતાં મોટી શાન્તિ દેનારો તો ત્યાંનો સત્સમાગમ થઇ પડ્યો. મોહનમૂર્તિ એન્ડરૂઝ તો ત્યાં હતા જ. તેમણે અને વિદ્યાર્થીઓએ અમને પ્રેમમાં ન્હવરાવ્યા. પણ બીજી એક પૂજ્ય મૂર્તિ વયોવૃદ્ધ અને જ્ઞાનવૃદ્ધ બાબુ દ્વિજેન્દ્રનાથ ઠાકુર પણ ત્યાંજ રહે છે. બડાદાદા— તેમનું વહાલનું નામ છે—નું વય એંશી ઉપર છતાં અભ્યાસ અને તત્ત્વચિંતનમાં તેઓ નિરંતર નિમગ્ન રહે છે, અને તેમના અભ્યાસમાં 'અસહકાર'ની પ્રવૃત્તિએપણ આજકાલ તેમણે અગ્રગણ્ય સ્થાન આપ્યું છે એ જાણીને કોઇને આનંદ થયા વિના રહેશે નહિ. પણ એઓ અસહકાર ઉપર આશક છે એ તો એઓ ગાંધીજીને મળવા આવ્યા ત્યારે જ જેયું. બાહુ ઉમંગથી વાતો કરતાં એમણે કહ્યું, 'જે વસ્તુનો મારો શોબી—રવીન્દ્રબાબુ—લેખો દ્વારા, પત્રો દ્વારા ઉપદેશ અને પ્રચાર કરી રહ્યો છે તેને તમે આચરી રહ્યા છો અને દેશની આગળ જે એક જ સિદ્ધાન્ત

મુકવા જેવો છે તે મુકયો છે. અસહકાર વિના આપણી આ રાજ્યકર્તાઓ પ્રત્યે બીજી કોઇ વૃત્તિ હોઇ શકે જ નહિ. અસહકાર સરખેસરખા વચ્ચે હોય, ગુલામ અને ગુલામના માલેક વચ્ચે ન હોઇ શકે. અંગ્રેજો આપણને બરોબરીઆ માનતા નથી; તેમની સાથે બરોબરીઆપણું આપણે ન અનુભવી શકીયે ત્યાં સુધી સહકારની વાત મારે મન ભ્રમણા છે. અને આ વિષમતા જ્યાં સુધી પ્રવર્તે છે ત્યાં સુધી સહકારમાં હું આપણો નાશ જોઉં છું. પૃથ્વી બિચારી સૂર્ય સાથે સહકાર કરવા જાય તો ભસ્મ ન થઇ જાય?' પછી તો એમણે 'અસહકાર' વિષે એક લેખ લખી આપવાની માગણી કરી.

એક અઠવાડીઆના ત્યાંના અમારા વસવાટ દરમિયાન વિદ્યાર્થીઓએ 'વાલ્મિકિ પ્રતિભા' નામનું રવિબાબુનું એક નાનકડું નાટક બે વખત ભજવી બતાવ્યું. પણ ગાંધીજીને તો સૌએ બધાયે દિવસ શાન્તિજ આપી હતી. છેલ્લો દિવસ બધાને મળવાનો રાખ્યો હતો. સવારે વિદ્યાર્થીઓ પ્રાર્થના મંદીરમાં મળ્યા, પછી શિક્ષકો મળ્યા, પછી બપોરે સ્ત્રીઓ મળી. આ બધાંની સાથે થયેલી વાતચીત આપવાનો લોભ તો હું નહિ કરું, પણ પ્રાર્થનામંદીરમાં થયેલી વાતચીત ખાસ વિશેષતાવાળી હોવાથી તેનો ટુંકો સાર 'નવજીવ'ના વાચકોને આપી દેવો મને ઇષ્ટ લાગે છે.

પ્રાર્થનામંદીર એક સાદું આરસની પરસાળનું મકાન છે. નિત્યપ્રાર્થના તો વિદ્યાર્થીઓ બહાર કરે છે, પણ અઠવાડિયે કવિશ્રી હોય તો તેઓ અથવા બીજા કોઇ અધ્યાપક ધર્મ—

નીતિ સંબંધી બોધનાં વચનો કહે છે; તે આ સ્થાને કહેવામાં આવે છે. શિક્ષકો અને વિદ્યાર્થીઓની સાથે મેળાપ થવાનું મેં ઉપર જણાવ્યું છે તે આ મંદીરમાં થયો હતો. એક નાના આસન ઉપર ગાંધીજી વિરાજ્યા હતા, સામે ગંધપુષ્પ રાખેલાં હતાં, અને સામે વિદ્યાર્થીઓ અને શિક્ષકો બેઠા હતા અને એક બાજુએ બહેનો બેઠી હતી. આ મેળાપનો આરંભ અને ઉપસંહાર બહુ સમુચિત રીતે થયો. આરંભ રવિબાબુના નીચેના પ્રસિદ્ધ ગીતથી થયોઃ

*અંતર મમ વિકસિત કરો
અંતરતર હે !
નિર્મળ કરો ઉજ્જવળ કરો,
સુંદર કરો હે! અંતર •
જાગૃત કરો ઉદ્યત કરો,
નિર્ભય કરો હે,
મંગલ કરો, નિરલસ નિઃસંશય કરો હે ! અંતર•
યુક્ત કરો હે સબાર[1] સંગે,
મુક્ત કરો હે બંધ,
સંચાર કરો સકલ કર્મે
શાંત તોમાર છંદ[2]!
ચરણપદ્મે મમ ચિત્ત નિષ્પંદિત[3] કરો હે!

* આ ગીત એટલું તો સરળ છે કે આપોઆપ સમજાશે. કેટલાક શબ્દોના અર્થ માત્ર અહીં આપીશ.

૧. સૌની સાથે. ૨. સર્વ કર્મોમાં તારા શાંત સંગીતનો સંચાર કર. ૩. નિશ્ચલ.

નન્દિત કરો, નન્દિત કરો, નન્દિત કરો હે!
અંતર મમ વિકસિત કરો
અંતરતર હે!

અંતરને નિર્મળ નિર્ભય કરવાની આ ગંભીર પ્રાર્થના પછી ગાંધીજી શ્રોતાઓને સંબોધીને જે અંગ્રેજીમાં બોલ્યા તેનો ટુંકો સાર આ હતો:

ભાઇઓ અને બહેનો,

તમારી સાથે થોડા દિવસના આનંદો ગાળવા પામ્યો એ તો આનંદની વાત છે. હું મારી કમિટીની પ્રવૃત્તિને લીધે અહીં આવેલો, અને તમને અનુભવ થશે કે હું તદ્દન સાજો થઇને નહિ તોપણ સારી રીતે સુધરીને તો અહીંથી જઇશ જ.

બંગાળીમાં તમારી સાથે હું વાત કરી ન શકું એ મને વસમું લાગે છે. મને લાગે છે કે કોઇ દિવસ તમારી સાથે બંગાળીમાં વાત કરવાની મારી આશા બરાબર ન હોય તોપણ મારું હિન્દુસ્તાની તમે સમજી શકો એવી મારી આશા તો અયોગ્ય નથી જ. હિન્દુસ્તાની તમારી શાળામાં ફરજિયાત વિષય ન થાય અને તમે ન શીખી લો ત્યાં સુધી તમારી કેળવણી સંપુર્ણ નહિ કહેવાય. વળી એક બીજી વાત હું તમારાથી છાની નથી રાખતો કે તમારી શાળાને જતે દહાડે અતિશય ઉદ્યમી મધમાખોથી ભરેલો રૂડો મધપુડો થઇ રહેલો જોવાની હું આશા રાખું છું. આપણા હૃદયની સાથે આપણા હસ્તોનો સુંદર સહકાર નહિ જામે ત્યાં સુધી આપણું જીવન ખરૂ જીવન નહિ બને

મને લાગે છે કે હું હાલ જે કામમાં ગિરફતાર થઇ રહ્યો

છું તેનું રહસ્ય નાના બાળકો આગળ પણ મુકી શકાય એમ છે. છતાં હું જે કહેવાનો છું તે સઘળું બાળકોને વ્હ માટે નથી. મારા પોતાના બાળકો પાસેથી, મારાં પોતાનાં તથા દક્ષિણ આફ્રિકામાં મારાં પોતાનાં માનેલાં બાળકો પાસેથી મેં કશી વાત છાની નથી રાખી.

મારે માટે તો માત્ર એક ધર્મ છે, તે હિન્દુ ધર્મ. અને હું મને હિન્દુ કહેવડાવીને અભિમાન લઉં છું, પણ હું કાંઇ કટ્ટો કર્મઠ હિન્દુ નથી. હું હિન્દુ ધર્મને જે રીતે સમજું છું તે પ્રમાણે એ અતિશય વ્યાપક છે એમાં બીજા બધા ધર્મો માટે સહિષ્ણુતા રહેલી છે, માન રહેલું છે એટલે જ હું મારા ધર્મના સંરક્ષણ માટે જેટલા ઉત્સાહ અને વેગથી પ્રયત્ન કરૂં તેટલાજ ઉત્સાહ અને વેગથી ઇસ્લામનું સંરક્ષણ કરતો તમે મને જુઓ છો. ઇસ્લામનો બચાવ કરવામાં તો મને હર્ષના ઘુંટડા આવે છે, કારણ મને લાગે છે કે તેમ કરતાં હું મારા પોતાના ધર્મનો બચાવ કરવાને માટે લાયકાત મેળવી રહ્યો છું. યુરોપની પાશવી સત્તાઓનું જોખમ ઇસ્લામ ઉપર જેટલું ઝઝુમે છે તેટલું જ હિન્દુ ધર્મ ઉપર ઝઝુમે છે. આજે ઇસ્લામનો વારો છે, કાલે હિન્દુ ધર્મનો વારો આવે. મને લાગે છે કે હિન્દુ ધર્મની ઉપર જોખમ તો જ્યારથી બ્રિટિશ સત્તા આ દેશમાં આવી ત્યારથી છે; અને એ જોખમ બહુ સુક્ષ્મ રીતે રહ્યું છે. મેં જોયું છે કે આપણા વિચારના પાયા પાશ્ચાત્ય અસરે કરીને હાલી ઉઠ્યા છે. પાશ્ચાત્ય સભ્યતા શયતાનની પ્રવૃત્તિરૂપ છે. અનેક વર્ષો થયાં આપણે કોઇ અજબ માયાથી ભોળવાઇ રહેલા છીએ.

મારી આંખો ખરેખરી તો ગયે વર્ષે જ ઉઘડી. મિત્રરાજ્યો યુદ્ધમાં જોડાયાં ત્યારે તેમનો પ્રગટ હેતુ તો નબળાં રાષ્ટ્રોનું સંરક્ષણ કરવાનો હતો, પણ એ હેતુની પીછોડી નીચે તેઓએ અનેક કૂડકપટોનો પ્રયોગ કર્યો. છતાં ગઇ અમૃતસર કોંગ્રેસ વખતે સરકાર સાથે સહકાર કરવા માટે મેં દેશને અતિશય આગ્રહપૂર્વક અને ખરા દિલથી વિનંતી કરી, કારણ મને ત્યાર સુધી ભરોસો હતો કે બ્રિટિશ પ્રજા પોતાનાં પાપો માટે પશ્ચાત્તાપ કરશે, બ્રિટિશ પ્રધાન પોતાનાં વચનો પાળશે. પણ પંજાબના પ્રકરણનો નિકાલ થતાં અને તુર્કી સુલેહની શરતો પ્રગટ થતાં મારો એ બધો વિશ્વાસ નાબુદ થયો. હું એવા નિર્ણય ઉપર આવ્યો કે મનુષ્યને જીવનમાં એકવાર એવો પ્રસંગ જરૂર આવે છે કે જ્યારે ખુદા કે શયતાન એ બેમાંથી એકનો પંથ તેણે ગ્રહણ કરી લેવો જોઇએ. બ્રિટિશ રાજસત્તાની સાથે આટલા વર્ષના સહકારના પરિણામે મેં એ જોયું કે એ સત્તાવીશો સાથે જે પ્રસંગ પાડે છે તેની અવનતિ થાય છે. મને ચોક્કસ લાગી ગયું કે જ્યાં સૂધી હિન્દ પોતાનો આદેશ સમજી ન જાય અને ઇંગ્લેંડની પ્રજાની સાથે પોતાના સરખાપણાનું આખી પ્રજાને ભાન જાગૃત ન થાય ત્યાં સૂધી બ્રિટિશ સંબંધ ચાલુ રહેવાથી આપણો અધઃપાત ચાલુ જ રહેવાનો. મેં એ પણ જોયું કે મુસલમાનોની સાથેનું આપણું ઐક્ય જાળવવું એ બ્રિટિશ સંબંધ જાળવવા કરતાં અનેકઘણું વધારે કિંમતી છે. અને મુસલમાનોની સાથેનું ઐક્ય આપણે તેમને અણીને ટાંકણે મદદ ન કરીયે તો ટકાવવું મુશ્કેલ છે. વળી રાષ્ટ્રશરીરનો ચોથો ભાગ સડી ગયેલો હોય તો આપણા દેશાભિમાનનો

વિકાસ થવો અશક્ય છે.

આથી મેં શૌકતઅલીની સાથે મૈત્રી બાંધી, એમણે મારા ભાઇ કર્યા. એમની સાથેનો મારો સંબંધ એ મારે મન એક આનંદ અને અભિમાનની વાત છે. કેટલીક બાબતોમાં તેમની ને મારી વચ્ચે મતભેદ છે હું અહિંસા ધર્મને માનનારો છું. એ હિંસા ધર્મને માનનારા દેખાય છે. એઓ એમ માને છે કે અમુક સંજોગોમાં મનુષ્ય મનુષ્યનો દુશ્મન હોઇ શકે, અને દુશ્મનોને રેંસી શકાય. પણ હું તેમની સાથે કામ કરી રહ્યો છું એનું કારણ કે એમનામાં મેં કેટલાક ભવ્ય ગુણો જોયા. એઓ એકવચની છે, એઓ મારા વફાદાર મિત્ર છે. અત્યંત શુરવીર છે. એમને ઇશ્વર ઉપર ભારે શ્રદ્ધા છે. મને તરત લાગી ગયું કે આટલા ગુણો તો ધર્મિષ્ઠ માણસમાં જ હોઇ શકે, અને એમના ધર્મિષ્ઠપણા ઉપર મોહિત થઇને જ મેં એમનો સંગ કીધો, અને મેં મારા હૃદયમાં વિશ્વાસ રાખ્યો છે કે મારા અહિંસાના સહવાસ પરથી એઓ અહિંસાની ખૂબી સમજી શકશે.

અંગ્રેજી શબ્દ 'Innocence' માં જેટલા અહિંસાના ભાવો આવે છે તેટલા બીજા કોઇ શબ્દમાં આવવા મુશ્કેલ છે. તેથી અહિંસા અને 'Innocence' શબ્દ લગભગ સરખા કહી શકાય. મારો વિશ્વાસ છે કે અહિંસાધર્મ પાળનારને બધી વાતે કુશળ જ છે. અહિંસાના પંથીને જે શસ્ત્રો મળી શકે છે તે શસ્ત્રો હિંસાના પંથીને મળી શકે તેના કરતાં જોરાવર છે. હિંસાની યોજના એ એક જંગલી યોજના હું કહી શકું. એમાં પાશવતા રહેલી જ છે. અહિંસાધર્મનો સંપૂર્ણ પાળ-

ારે જ સંપુર્ણ મરદામી બતાવી શકે. એક માણસ પણ મહિંસાજીવન સંપુર્ણપણે ગાળવાને તૈયાર હશે તો દુનિયાને ાશ કરી શકશે. હું નમ્રતાથી કહીશ કે આજે મારા આ જ-ર્ણીત દેહે પણ આટલી ભારે લડત ઉઠાવવાની મારી કંઇક ાક્તિછે, તેનું કારણ મારૂં અહિંસાધર્મનું પાલન જ છે. અને હેન્દુ પોતાના ધર્મને ઓળખી તેને પાળશે તો પોતાની છાપ ્ગતમાં પાડશે જ. હિન્દુસ્તાન જે દિવસે હિંસાધર્મને ધાન્ય આપશે તે દિવસે મારૂં જીવન-શુન્યરૂપ થઇ પડશે.

મારો વિશ્વાસ હજી અચલિત છે. અને તમે હિન્દુ બાપોનાં સંતાનો હિન્દુ તરીકે તમારૂં જગતમાં કર્તવ્ય શું એ સમજશો તો તમે કદી અન્યાયી અને દુર્જનની સાથે હકાર કરશો નહિ દુર્જનની સાથે કામ ન પાડવા વિષે તુ-સીદાસજીએ જે અમર દુહાઓ લખ્યા છે તેના સૌંદર્યની ાંય સરખામણી થાય એમ નથી. અને હિન્દુસ્તાને આજે ાટિશ રાજય જેવા પ્રકારનું છે તેવાની પાસેથી કાંઇ પણ મની આશા રાખવી એ આભમાં બાથ ભરવા જેવું છે. મેં એ રાજયની સાથે અનેક વર્ષો સુધી ગાઢ સહકાર કર્યોછે ને એ સહકારને અંતે મને કેટલાક ભારે અનુભવો થયાછે. અનુભવોના પરિણામે જ આ ભયંકર છતાં ઉદાત્ત અને ાસ્વી યુદ્ધ મેં ઉઠાવ્યું છે અને તમોને બધાને તેમાં શામીલ ાવા મથી રહ્યો છું. આ ધર્મમંદિરમાં હું તમારી પાસે ટલુંજ માગું છું કે આત્મવિકાસના આ યુદ્ધમાં મને ઇશ્વર ારોગ્ય અને સન્મતિ આપે, દોષ અને કાયરતાથી અને ાય વેગળો રાખે એવી તમે પ્રાર્થના કરો. નવજીવન.

ગાંધીજીની ગીરફતારી.

૧

' યંગ ઇન્ડીયા 'ના વાચકોએ જાણ્યું જ હશે કે મહાત્માજીને પકડશે એ અફવા તો હવામાં હતી જ, અને તેથી તો 'જો હું પકડાઉં—' નો લેખ તેઓએ લખી કાઢયો. શુક્રવારે રાત્રે અમદાવાદમાં જોનારને ચિન્હ જણાય તેમ હતું. લશ્કરી સીપાહીઓની આવજા, બૅન્કો ને તાર ઑફિસ પરના લશ્કરી પહેરા, આ બધી સુચનાઓ હતી.

ગાંધીજી તો ઉલેમાઓની સભામાં હાજર રહેવા અજમેર ગયા હતા. કાનને દોષ છે, પણ અફવા ખરી હોય તો અમદાવાદના સત્તાવાળાઓને તેમના વડાના હુકમો મળી ચુકયાં હતાં. સૌ ગાંધીજીને પકડવા ઇન્તેજાર હતા. પણ પોતાને ઘેર એ બધું જોખમ વ્હોરવાને કોણ રાજી હોય ? અમદાવાદવાળાઓએ અજમેર જણાવ્યું કે તમે પકડો. પેલાએ હુકમ પાછો ધકેલ્યો કે અમદાવાદમાં ઠીક પડશે.

શુક્રવારે બપોરે અજમેરથી ગાંધીજી આશ્રમમાં આવી પહોંચ્યા.

અજમેરથી મૌલાના હઝરત મોહાની સાહેબ ગાંધીજી સાથે આવ્યા હતા. મોડે સુધી તેમની જોડે વાતચીત ચાલતી હતી. મૌલાના સાહેબે ગાંધીજીને વચન આપ્યું: 'આપ નચિંત રહેજો. આપણી વચ્ચે મતભેદ ભલે હોય પણ આપની પાછળ હું આપના કાર્યક્રમ પાછળ લાગી જઇશ.' રાતના દસેકને સુમારે મહાત્માજીએ તેમનાં કાગળીઆંને કોરે મેલ્યાં. હાથમોઢાં ધોઇને સુઇ રહેવાની તૈયારી ચાલતી હતી. તેવામાં પોલીસ

ટે-૩૮ મિ. ડેલી આવી પહોંચ્યા.

મને ઝાંપે એક આંબા જેવી રૂપાળી ઘટાદાર આમલી . ડેલી ત્યાં રહ્યા ને પોતાના કામની વાત મહ ...ન વી મોકલી.

ત્માજીને ખબર પડી. આશ્રમમાં સુવાની તૈયારી ચાલતી ને બદલે સાબરમતીની જેલમાં સુવા જવાની તૈયારીઓ દરમિયાન આશ્રમનાં સૌ ભાઈબહેનો, બાળકો આવી ા.

ડેલી તરફની કંઇ ઉતાવળ હતી જ નહિ, એટલે છૂટા આ મંગળ મુહૂર્તે કુદરતી રીતે મહાત્માજીએ પોતાનું જન ...

સુવ જન તો તેને કહીયે જે પીડ પરાઇ જાણે રે—'

ા કહ્યું. આંગણમાં ઉભાં ઉભાં અત્યન્ત ભક્તિભાવે મહેતાનું એ ભજન બહેનોએ ગાયું, ત્તને ભક્તિભાવે ાંભળ્યું.

દુઃખે ઉપકાર કરે તોયે મન અભિમાન ન આણે રે—'

ષ્ણવોના આદર્શને પહોંચવાની કામના વાળા આશ્રમ- એ તે આદર્શનું જાણે છેલ્લું પગથીઉં ચઢતા હોય ભુના ચરણમાં સષ્ટાંગ નમસ્કાર કર્યો.

મોડાડે ગાંધીજી ઝાંપા તરફ પોલીસ અમલદારને થવા ઉપડયા. મૂક્તિ જાણે કે માયાને ઘેર જવા

માજી મોટરમાં બેઠા. તેમના બીજા જોડીદાર આરોપી ...રલાલ તેમની જોડે તેમને વળાવવા શ્રીમતી કસ્તુરબા

અને અનસુયાબહેન પણ સાથે બેઠાં. મોટરનો કર્ણકટુ હુંકાર અને 'બન્દેમાતરમ્'નો ઘોષ સાથે ગાજી ઉઠયાં.

મહાત્માજીને આશ્રમવાસીઓને છુટા પડતાં જે બોલ કહ્યો તે આપણે સૌએ ઝીલી લેવા જેવો છેઃ 'તન તોડીને કામ કરજો, આળસને પરહરજો.

૨

તા. ૧૮મી માર્ચ ને શનીવારની સૌ કોઇ ઇન્તેજારીથી રાહ જોતું હતું. કેસ શાહીબાગમાં નવા જ ચણાયેલા 'સરકીટહાઉસ'ના મકાનમાં રાખેલો હતો. ગાંધીજીની ઇચ્છાને માન આપી અદાલતના મકાન પર ન જવાની આમ પ્રજાને વિનન્તિ કરનારાં સ્થાનિક આગેવાનોની સહીનાં હસ્તપત્રકો શહેર આખામાં વહેંચાયાં હતાં તેથી આ મકાનના કમ્પાઉન્ડ બહાર કોઇ છૂટાછવાયા લોકો સિવાય ઝાઝા લોક નહોતા. માત્ર કમ્પાઉન્ડમાં હથિયાર વગરના પોલીસ સિપાઇઓની બે ટુકડીઓ તેમજ આજુબાજુનાં મકાનોનાં કંમ્પાઉન્ડોમાં હથિયારબંધ સિપાઇઓની ઠીક ઠીક તૈયારી કરી રાખેલી જોવામાં આવતી હતી. જેમને કોરટમાં જવાના પાસ મળ્યા હતા તે ૧૦ વાગ્યાથી જ ત્યાં જઇને ગોઠવાઇ ગયા હતા. પાસ નહોતા મળ્યા તેઓ અંદર શું ચાલે છે તે વહેલામાં વહેલું જાણવા મળશે એ આશાએ રસ્તા ઉપર ઉભા રહ્યા હતા. દરેકના મોં ઉપર ગંભીરતા અને સ્હેજ ચિન્તા દેખાતી હતી. મકાનનો હોલ નાનો હતો તેથી પાસધારીઓથી તે સ્હેજ ચિકાર ભરાઇ ગયો હતો. સ્ત્રીઓની સંખ્યા પણ ઠીક હાજર હતી સિવાય મહાસભાની કારોબારી સમિતિની બેઠક આગલે જ દિવસે

થયેલી હોવાથી પ્રાન્ત પ્રાન્તના આગેવાનો આ ઐતિહાસિક મુકદ્દમો જોવા પધાર્યા હતા. બધી ખુરસીઓમાં બે કાળી પીઠ-વાળી ખુરસીઓ જુદી તરી આવતી હતી ને તે કોને માટે છે તે સૌ કોઇ કળી શકતું હતું.

બરાબર બારમાં ચૌદ મિનિટ હતી તે વખતે પૂજ્ય ગાંધીજી અને ભાઇશ્રી શંકરલાલ બેન્કરને સાબરમતી જેલમાંથી પોલીસ સુપરિન્ટેન્ડન્ટ મિ. હેલી લઇ આવ્યા. ગાંધીજીએ કોર્ટના ઓરડામાં પ્રવેશ કરતાંજ ઓરડામાંના એકેએક માણસથી સ્વાભાવિક આદરભાવથી સ્હેજે જ ઉભા થઇ જવાયું.

જેની શાહબૂદથી કોર્ટ પણ અંજાઇ જાય તેને દોષિત કે નિર્દોષ ઠરાવવા માટે આ બધી કવાયત ચલી રહી હતી એ જોઇ મનમાં એકજ સંત સત્યવાદી પુરુષની આગળ મોટમોટી સલ્તનતો અને તેના બધા કાયદાઓ કેટલા પામર દેખાય છે તેનો આબેહુબ ચિતાર ખડો થયો હતો.

ગાંધીજી ઉપરનો આરોપ પૂરવાર કરવા માટે સરકારે રોકેલાં મુંબઇના એડવોકેટ જનરલ મિ. સ્ટ્રંગમેન વખતસર આવી પહોંચ્યા. તેમણે મહાત્માજીને અદબથી માથું નમાવ્યું.

બરોબર બારને ટકોરે સેશન્સ જજ મિ. બ્રુમફીલ્ડ પૂર રુવાબમાં આવી પહોંચ્યા.

મુકદ્દમો શરૂ થયો. રજીસ્ટ્રાર મિ. ઠાકોરે મહાત્માજી અને તેમના સાથી ભાઇ શંકરલાલ સામેનું તહોમતપત્રક ખડા સૂરમાં વાંચી સંભળાવ્યું લોકોને 'યંગ ઇન્ડિયાના ત્રણ રાજ-દ્રોહી લેખો કોરટની વચ્ચે ફરી એકવાર નીરાંતે સાંભળવાની તક મળી.

જજે મહાત્માજીને સંબોધીને કહ્યુંઃ

'કાયદા પ્રમાણે મારે તમને તહોમતપત્ર સંભળાવવું જોઇએ, એટલુંજ નહિ પણ તે સમજાવવું પણ જોઇએ. છતાં હું નથી માનતો કે મારે આમાં સ્પષ્ટીકરણમાં ઉતરવાની જરૂર હોય.'

પછી તેમણે રાજદ્રોહ, અપ્રીતિ, વગેરે શબ્દોના કાયદેસર અર્થ કહ્યા. અપ્રીતિ એટલે બેવફાદારી અને શત્રુતાની બધી ભાવનાઓ. એમાંજ રાજકીય અસન્તોષ અને રાજ્ય સાથે ફૂટાછેડા એ બધું આવી જાય છે. એવું એવું કેટલુંક તેમણે સમજાવ્યું અને પછી મહાત્માજીને પૂછયુંઃ

'તમે તહોમત કબુલ કરો છો કે મુકદમો ચલાવવા માગો છો ?'

મહાત્માજી ઉભા થયા. કોરટમાં અપૂર્વ શાન્તિ વ્યાપી રહી. શાન્ત અવાજે તેઓ બોલ્યાઃ

'મારી સામેના દરેક તહોમતનો હું સ્વીકાર કરૂં છું. નીચલી કોરટે શહેનશાહ સામે અંગત અપ્રીતિ ફેલાવવાનું તહોમત મારા ઉપર મુકેલું. તે આ તહોમતપત્રકમાં પડતું મુકવામાં આવ્યું છે એમ હું જોઉં છું. એ યોગ્ય થયું છે.

શંકરલાલભાઇને પણ એજ સવાલ પૂછાયો ને તેમણે પણ હા ભણી.

કોરટે એડવોકેટ જનરલને કહ્યુંઃ 'તહોમતદાર તહોમત કબુલ કરે છે, તો હવે મુકદમાનો આખો વિધિ જરૂરી છે શું ?'

એડવોકેટ જનરલ મુકદમો ચલાવવા ઇન્તેજાર હતા. તેમણે કહ્યું, "ગુન્હો સાબીત કરવા ખાતર નહિ પણ સજા કેટલી કરાવવી એ નક્કી કરવા મુકદમો ચલાવવાની જરૂર ખરી."

પોતાના મુદ્દાના ટેકામાં તેમણે કેટલીક દલીલ કરી. તેમણે કહ્યું “ તહોમતદારે કંઇ આ ત્રણ લેખો લખવાનો જ ગુન્હો નથી કર્યો પણ આ લેખો તો તેમણે રાજ્ય સામે જે ખુલ્લી અને પદ્ધતિસર લડત માંડી છે તેનો અંશ માત્ર છે. આ વાત પૂરવાર કરવા તેમણે ‘યંગ ઇન્ડીયા’માંથી કેટલાક ફકરાઓ વાંચી બતાવ્યા. તે પછી સજા સખત થવી જોઇયે એવી દલીલ કરતાં તેમણે કહ્યું કે જયારે કોઇ ભાગમાં એક જ પ્રકારના ગુન્હા વધારે થાય છે ત્યારે મુખ્ય ગુન્હેગારને કાયદા પ્રમાણે દાખલો બેસે તેવી સજા કરવી જોઇયે. વળી ગુન્હેગાર ઉચ્ચ કેળવણી પામેલ શખ્સ છે અને લોકોના માનીતા નેતા છે, એટલે તેઓની આવા પ્રકારની લડતની લોકો ઉપર શી અસર થાય છે એ પણ કોરટે ધ્યાનમાં લેવું જોઇયે. જોકે તેમના લેખોમાં અહિંસા ઉપર નિરંતર ભાર મુકવામાં આવતો રહ્યો છે તોપણ જયારે અપ્રીતિ પદ્ધતિસર ફેલાવવામાં જ આવતી હોય ત્યારે અહિંસાના ઉપદેશની કશી કિંમત નથી. તહોમતદારની લડતનાં પરિણામ મુંબઇ, મદ્રાસ અને ચોરીચોરાનાં ભયંકર રમખાણોમાં આવેલાં છે.

“બીજા તહોમતદારે આ લેખો છાપવા જેટલોજ ગુન્હો કર્યો છે. માટે જોકે તે ઓછા શિક્ષાપાત્ર છે, છતાં કાયદાની દૃષ્ટિએ ગુન્હો ઓછો ગંભીર નથી. તે માલદાર માણસ છે, માટે તેમનો ખાસી રકમનો દંડ કરવો જોઇયે એ મારી સુચના છે.

એડવોકેટ જનરલની દલીલ સાંભળ્યા પછી પણ કોરટે મુકદમો આગળ નહિ ચલાવવાનો પોતાનો નિશ્ચય ન ફેરવ્યો. જજે કહ્યું, “હવે સજા ફરમાવવાની જ બાકી રહે. છે પણ તે

પહેલાં તહોમતદારને રજા વિષે કંઇ કહેવું હોય તો મારે સાંભળવું છે.

મહાત્માજીએ લેખી એકરાર વાંચી સંભળાવવાની ઇચ્છા જણાવીને કહ્યું કે તે રજુ કરતાં પહેલાં હું થોડું કહેવા ઇચ્છું છું. આ બધુ બેઠાં બેઠાં જ બોલવાની રજા લઇ તેમણે ચલાવ્યું. સૌએ જાણ્યું કે જેને માટે કોરટમાં આવ્યા છીયે તે હવે મળે છે. ચોમેર ગંભીર શાન્તિ છવાઇ ગઇ.

" મારો લેખી એકરાર વાંચું તે પહેલાં હું કહેવા ઇચ્છું છું કે મારે વિષે વિદ્વાન એડવોકેટ જનરલે જે ટીકા કરી છે તે હું પૂરેપૂરી સ્વીકારી લઉં છું. હું માનું છું કે તેમણે મારે વિષે જે કંઇ કહ્યું છે તે કહેવામાં તેમણે મને પૂરેપૂરો ન્યાય કર્યો છે. કારણ તેમણે જે કહ્યું તે તદ્દન સાચું છે. કોર્ટથી એ વાત છુપાવવા હું જરાયે ઇચ્છતો નથી કે ચાલુ રાજ્યપદ્ધતિ સામે અપ્રીતિ ફેલાવવાની મને તો લગભગ લહે લાગી છે.

" એડવોકેટ જનરલ સાહેબે બરાબર કહ્યું છે કે 'યંગ ઇન્ડિયા' સાથે મારો સંબન્ધ બંધાયો ત્યારથી જ કાંઇ મે અપ્રીતિ ફેલાવવા માંડી છે એમ નથી. મારૂં એ કામ તો વહેલાનું શરૂ થયેલું છે અને હમણાં હું જે એકરાર વાંચવાનો છું તેમાં કોર્ટ આગળ તે કબુલ કરવાની મારી દુઃખદાયક ફરજ હું બજાવીશ કે એડવોકેટ જનરલ સાહેબે કહ્યું છે તે કરતાંય વહેલાનું આ સરકાર પ્રત્યે અપ્રીતિ ફેલાવવાનું કામ મેં શરૂ કરેલું છે. મારે માટે એ અતિશય દુઃખદાયક ફરજ છે, પણ મારે માથે જે જવાબદારીઓ રહેલી હતી તે જોતાં તે ફરજ મારે અદા કરવી જ પડી છે. મુંબઇ , મદ્રાસ અને

ચોરીચોરાના બનાવોના સંબન્ધમાં જે જવાબદારી વિદ્વાન એડવોકેટ જનરલે મારે માથે નાખી છે તે બાબતમાં મારો ગુન્હો હું સ્વીકારી લઉં છું. આ બાબત ઉપર ઉંડો વિચાર કર્યા પછી, તેના ચિન્તનમાં રાતની રાતો ગાળ્યા પછી અને મારૂં મન બરાબર તપાસ્યા પછી હું એ નિર્ણય ઉપર આવ્યો છું કે ચોરીચોરાના રાક્ષસી અત્યાચારો અથવા તો મુંબઈના ગાંડા અત્યાચારો સાથે મારે કશી લેવાદેવા નથી એમ કહેવું મારે માટે અશક્ય છે. તેમણે વાજબી જ કહ્યું છે કે એક જવાબદાર માણસ તરીકે, એક દુનિયાદારીના અનુભવી માણસ તરીકે મારા દરેક કામનાં પરીણામો મારા ધ્યાનમાં હોવાં જ જોઈતાં હતાં. તે પરિણામો મારા ધ્યાનમાં હતાં જ. હું જાણતો હતો કે હું જોખમ ખેડી રહ્યો છું. હું આગ સાથે ખેલી રહ્યો હતો એ મારી ધ્યાન બહાર નહોતું જ; પણ મારે કહેવું જોઈએ કે જો મને અત્યારે છૂટો કરવામાં આવે તો હજી હું તેમ જ કરૂં.

"આજે સવારે મને લાગ્યું કે અત્યારે હું જે કહું છું તે હું ન કહું તો મારી ફરજ હું ચૂકું. હું અશાન્તિ ટાળવા ઇચ્છતો હતો, હજીયે ઇચ્છું છું. અહિંસા મારા ધર્મનો પહેલો મંત્ર છે, અને એ જ મારા ધર્મનો છેલ્લો મન્ત્ર છે. પણ મારે તો બૂરાઈઓ વચ્ચે પસંદગી કરવાની હતી. કાં તો મારે મારા દેશને પારાવાર નુકસાન કરી રહેલી રાજ્યપદ્ધતિને વશ થવું રહ્યું, નહિ તો મારે મુખેથી દેશની વાસ્તવિક સ્થિતિ વિષે સાંભળ્યા પછી મારા દેશબંધુઓનો પિત્તો ફાટે એનું જોખમ ખેડવું રહ્યું. મારા દેશબંધુઓ કેટલીકવાર ગાંડા બન્યા છે તે

હું જાણું છું. તે માટે મને ખુબ દુઃખ થયેલું છે. અને તેથી જ અહીં હું નરમ સજા નહિ પણ સખતમાં સખત સજા માગી લઉં છું.

"હું દયા માગતો નથી, તેમ મારા ગુન્હાને હળવો ગણવો એવી પણ કશી દલીલ કરવા ઇચ્છતો નથી, માટે કાયદાની દ્રષ્ટિએજે ઇરાદાપૂર્વક ગુન્હો ગણાય, પણ મારે મન તો જે દરેક શહેરીની એક ઉંચામાં ઉંચી ફરજ છે તે માટે સખતમાં સખત સજા માગી લેવા અને તેને તાબે થવા હું અહીં બેઠો છું. મારા લેખી એકરારમાં હું હમણાંજ જણાવવાનો છું તેમ હે ન્યાયાધીશો તમારે માટે બે જ ખુલ્લા માર્ગ છે. જો તમને લાગે કે જે કાયદાનો તમારે અમલ કરવાનો છે તે એક પાપી વસ્તુ છે અને ખરૂં જોતાં હું નિર્દોષ છું તો તમે તમારી જગાનું રાજીનામું આપો અને એમ કરીને પાપનો સંગ તજો પણ જો તમને એમ લાગે કે જે કાયદાનો તમે અમલ કરો છો અને જે પદ્ધતિ ચલાવવામાં મદદ કરો છો તે સારી વસ્તુ છે અને તેથી મારી પ્રવૃત્તિ પ્રજાહિતને નુકસાનકર્તા છે તો કડકમાં કડક સજા ફરમાવો. મેં પહેલો કહ્યો તેવો પલટો તમારામાં થાય એમ હું ધારતો નથી. પણ મારો એકરાર હું પુરો વાંચી રહું તે પહેલાં એક સમજુ માણસને આટલું ભારે જોખમ ખેડવા પ્રેરે એવું શું શું મારા હૈયામાં વલોવાઇ રહ્યું હોવું જોઇયે તેની ઝાંખી કદાચ તમને થશે."

બાદ પોતાની જગાએ બેઠાં બેઠાં મહાત્માજીએ પોતાનો લેખી એકરાર વાંચી સંભળાવ્યો હતો.

કોરટના તે નાનકડા દિવાનખાનામાં ગાંધીજીની વાણી મેઘ-

ગર્જનાની પેઠે ગાજતી હતી. તે એકરાર નહોતો, પણ આખી જીંદગીના રાજદ્વારી અનુભવોનો અર્ક હતો. ક્ષણેક એમ જ ભાસ્યું કે મહાત્માજી સામે મુકદમો ચાલતો નથી, પણ જગત સમસ્તની કોરટમાં બ્રિટિશ સલ્તનત તહોમતદાર તરીકે ઉભી છે અને એક સત્યવાદી સાક્ષી પોતાના હૃદયની વાણી વડે તહોમતદારનો આરોપ પુરવાર કરી રહ્યો છે. ગાંધીજીએ જેમ રાજદ્રોહનો આરોપ કબુલ કર્યો અને સજા માગી લીધી તેમજ બ્રિટિશ સલ્તનતે પણ જજના રાજીનામા મારફતે પ્રજાદ્રોહનો અપરાધ કબુલ કર્યો હોત તો આકાશના દેવો તે પ્રસંગ જોવા ઉતરી આવત.

ગાંધીજીનો એકરાર કોરટ સામેનો એકરાર નહોતો, પણ તે આખા હિન્દનો અવાજ હતો. કાયદાની રૂએ સ્થાપન થયેલી બ્રિટિશ સત્તા પ્રજાની સંમતીથી સ્થાપન થયેલી નથી, હિંદુસ્તાનના કાયદાઓનું વલણ અને હિન્દનું કલ્યાણ એક દિશામાં વહેતાં નથી, એ ભીષણ સત્ય આ એકરાર પુરવાર કરે છે. આ એક નાના સરખા લેખમાં બ્રિટિશ સ્વાર્થની કૃતઘ્નતા ઉઘાડી પડી છે અને ચાણક્યની જેમ ઘોર પ્રાયશ્ચિત કર્યા વગર તે કલંક ધોવાવાનું નથી.

મહાત્માજીના એકરાર બાદ ભાઇ શંકરલાલે પોતાનો એકરાર કર્યો.

ભાઇ શંકરલાલ બોલ્યા: "મારે એટલુંજ કહેવું છે કે મુકદ્દમામાં રજુ થયેલાં લખાણો છાપવાનું સદ્‌ભાગ્ય મને મળ્યું હતું. મારા પરના આરોપનો હું સ્વીકાર કરૂંછું સજા બાબત મારે કશું કહેવું નથી.

જેમને મહાત્માજીએ માની તરીકે ઓળખાવ્યા છે તેમનો એકરાર આથી લાંબો ક્યાંથી હોય ?

બધું પતી ગયું. હવે સજા ફરમાવવાનું જ બાકી રહ્યું હતું. જજ લોકોને પોતાના ઉદ્‌ગાર કાઢવાનો આ સમય હોય છે. બાર વરસ પહેલાં જસ્ટિસ દાવરે લોકમાન્ય વિષે કાઢેલા ઉદ્‌ગાર સૌ કોઈને યાદ છે. આ મુકદમા મિ. બ્રુમફીલ્ડે કાઢેલા ઉદ્‌ગારો બીજી રીતે લોકોના સ્મરણમાં રહેશે. મિ. બ્રુમફીલ્ડ કાયદો તોળી આપનાર જજ કરતાં વધારે ચઢી ન શક્યા તેને માટે તેમને કોઈ દોષ ન દે. તેમણે પ્રાકૃત માણસની જ દૃષ્ટિ રાખી ન્યાયાસન પર બેઠા ને ગાંધીજીની મહત્તા ધ્યાનમાં આણવાની પોતાની અશક્તિ જણાવી. જુના શિરસ્તા મુજબ સજા ફરમાવી દીધી. તેઓ બોલ્યાઃ

“ મિ. ગાંધી, તમે આરોપનો સ્વીકાર કરી એક રીતે તમે મારૂં કામ સરળ કરી આપ્યું છે, પણ તમને કેટલી સજા આપવી એ નક્કી કરવાનું કામ સહેલું નથી. મને નથી લાગતું કે આ દેશમાં કોઈ પણ જજ આગળ આટલું અઘરું કામ કોઈ વાર આવી પડયું હોય. કાયદાની દૃષ્ટિએ કોઈ નાનું કે મોટું નથી. છતાં અત્યાર સુધી મેં જેમના ફેંસલા કર્યા છે અથવા જેમના ફેંસલા કરવાના ભવિષ્યમાં મારા હાથમાં આવશે તે બધા કરતાં તમે જુદી જ કોટીના પુરુષ છો તે તરફ મારાથી દુર્લક્ષ કરાય એમ નથી. કરોડો દેશબન્ધુઓની દૃષ્ટિમાં તમે મહાન દેશભક્ત છો, મહાન નેતા છો એ વસ્તુ તરફ પણ દુર્લક્ષ કરાય તેમ નથી. રાજ્યપ્રકરણમાં જેઓ તમારાથી જુદા પડે છે તેઓ પણ તમને

ઉચ્ચ આદર્શવાન ગણે છે, તેઓ તમને અલૌકિક એટલું જ નહિ પણ સંતકોટિના પુરુષ માને છે."

" પણ મારે તો તમારો એક જ દૃષ્ટિએ વિચાર કરવાનો રહ્યો. બીજી કોઇ પણ દ્રષ્ટિએ તમારો કાજી બનવાની કે તમારી ટીકા કરવાની મારી આડી ફરજ નથી અને તેવો દાવો પણ હું નથી કરતો. મારે તો જેણે પોતાની મેળે કાયદાનો ભંગ કર્યાનું કબુલ કર્યું છે અને જે સામાન્ય માણસની દ્રષ્ટિએ સરકાર સામેનો ગંભીર ગુન્હો ગણાય છે તે કર્યાનું પોતાને મ્હોડે કબુલ કરે છે તેવા તમને એક કાયદાને અધીન મનુષ્ય તરીકે ગણીને જ તમારો ઇન્સાફ કરવો રહ્યો છે. તમે હિંસા ને તોફાન સામે નિરન્તર ઉપદેશ કર્યો છે એ હું ભુલતો નથી, અને હું એ પણ માનવા તૈયાર છું કે ઘણા પ્રસંગોએ તમે તોફાન અટકાવેલ પણ છે. પણ તમારા રાજકીય ઉપદેશનું સ્વરૂપ જોતાં અને તે ઉપદેશ જે લોકોને તમે કર્યો છે તેમનો સ્વભાવ જોતાં તમારી પ્રવૃત્તિને પરિણામે તોફાન થાય નહિ એવી આશા તમે કેમ રાખી એ મારી સમજશકિતની બહાર છે. કોઇ પણ સરકારને માટે તમને છુટા રાખવાનું તમે અશક્ય કરી મૂક્યું એનું ખરેખર જેમને દુઃખ ન થયું હોય એવા ભાગ્યેજ કોઇ લોક હિન્દુસ્તાનમાં હશે પણ તમે તે સ્થિતિ આણી.

' છતાં તમને ન્યાય પણ મળે અને સાર્વજનીકહિત પણ સચવાય એમ બન્ને વાતનો મેળ કેવી રીતે બેસાડી શકાય એનો જ વિચાર હું કરી રહ્યો છું અને તમને સજા કરવાની આપવામાં બારેક વરસની વાત પર આવેલા આવાજ બીજા

એક મુકદ્દમાને હું અનુસરવા માંગું. મિ. બાળગંગાધર તિલક-ને આજ કલમની રૂએ સજા થયેલી. તે વખતે છેવટે ૭ વરસની આસન કેદની સજા તેમને ભોગવવી પડેલી. મને ખાતરી છે કે જો હું તમને મિ. તિલકની હારમાં બેસાડું તો તેમાં તમને અયોગ્ય નહિ લાગે. તેથી તમને દરેક ગુન્હાને માટે બબ્બે વરસની આસાન કેદ, એટલે કે બધી મળીને છ વરસની આસાન કેદની સજા ફરમાવવાની મને મારી ફરજ લાગે છે. આ સજા ફરમાવતાં હું એટલું ઉમેરવા માગું છું કે ભવિષ્યમાં જો હિંન્દુસ્તાનનું રાજદ્વારી વાતાવરણ શમે અને સરકાર તમારી સજા ઓછી કરી તમને છોડી મેલી શકે તો તે દીવસે મારા જેટલો આનન્દ બીજા કોઇને નહિ થાય.

" મિ. બેંકર, હું ધારું છું કે તમે તો ઘણે ભાગે તમારા મૂખીની છાયામાં છો. તમારા સામેના આરોપમાંથી પહેલા બે બાબને સારૂ દરેકને માટે ૬ મહિનાની આસાન કેદ તથા ત્રીજા બાબને સારૂ એક હજાર રૂપીયા દંડ અને ના ભરો તો વધૂ ૬ મહિનાની આસાન કેદની સજા ફરમાવું છું "

ગાંધીજી (જજને)—હું એકજ શબ્દ ઉમેરવા ઇચ્છું છું. મારી ઉપર સજા ફરમાવતાં સ્વર્ગસ્થ લોકમાન્ય બાળ ગંગાધર તિલકના મુકદ્દમાની યાદ દેવડાવીને આપે મને મોટું માન આપ્યું છે. હું એટલુંજ કહેવા માગું છું કે એ મહાન પુરુષના નામ સાથે મારૂ નામ જોડાય એને હું મારૂ મોટામાં મોટું ભાગ્ય અને મોટામાં મોટી ઇજ્જત સમજું છું. અને મને કર-વામાં આવેલી સજાની બાબતમાં તો હું અલબત્ત માનું છું કે કોઇ પણ જજ મારા ઉપર જે હળવામાં હળવી સજા ફરમાવી

શકે તેટલી હળવી સજા મને કરવામાં આવી છે. અને અહીંઆં ચાલેલાં કામકાજને વિષે પણ મારે એટલું કહેવું જોઇયે કે અહીંઆં જેટલો વિનય બતાવવામાં આવેલો મેં જોયો એથી વધુની આશા રાખી શકાય નહિ. ”

‘ यावत्पुनर्दर्शनम् ’

સજા આપી જજ સાહેબે રજા લીધી. દરમિયાન પોલીસ અમલદારો મહાત્માજી સો જોડે મળીહળી લે પછી તેમને લઇ જવાની ગોઠવણ કરવા બહાર ચાલ્યા ગયા. તે પછી તો કોરટ હતી ત્યાં મન્દિર બની ગયું. જે કૃત્યને સરકારી અદાલતે ગુન્હો ઠરાવ્યો તેજ કૃત્ય કરવાને માટે નાના મોટા સહુ કોઇ મહાત્માજીને પગે લાગ્યા. અદાલતના અમલદારો અને સરકારી વકીલ સુદ્ધાં પગે લાગ્યા! જે વિચારો મહાત્માજીના છે તે જ આજે કરોડો હિંદવાસીઓ ધરાવે છે, છતાં સરકારે આ એક જ પુરુષને કેમ પરહેજ કર્યા હશે, એનો આપણે વિચાર કરવો ઘટે છે. મહાત્માજીના મેરુ સમા ધૈર્યથી ઘણાખરાને ધીરજ આવી હતી, છતાં કેટલીયે આંખો પ્રેમભીની તો થઇ જ. કેટલાયે લોકોને મહાત્માજીની વાણી અંતરાત્માના અવાજ સમી હતી. તેમને લાગણી થયા વગર કેમ રહે? પણ આ લાગણી દુર્બળતાનું દુઃખ ન હતું. તે તો પ્રેમનો દ્રવ હતો. સેંકડો લોકોમાં એકલા મહાત્માજી જ હરખથી ઉભરાઇ રહેલા દેખાતા હતા. તેઓ બધાને દિલાસો દેતા હતા; ખૂબ કામ કરવાને, સંપથી રહેવાને, રેંટીયો ચલાવવાને અને ખાદી પહેરવાને તેઓ બધાને કહેતા હતા. તેમની સરદારી હેઠળ કામ કરનારાઓએ તેમના આશીર્વાદ મેળવ્યા. રસ્તા ઉપરના

લોકો બહારથી દોડી આવી પગે લાગ્યા. મહાત્માજીએ બધાને શાન્તિ જાળવવાનો અને એકલી ખાદી જ પહેરવાનો ઉપદેશ આપ્યો, ઘણા વખત પછી એક મોટર આવી મોટર ઉપર પિત્તળની એક રાજહંસની મૂર્તિ હતી, મહાત્માજી મોટરમાં જઇ બેઠા. લોકોએ મનાઇ છતાં લાંબી ટેવને લીધે તેમની જય પોકારી અને મહાત્માજી જેલ તરફ વિદાય થયા.

મહાત્માજીને સજા થઇ ગઇ. છ વરસની સજા થઇ. જજ સાહેબે આશા પ્રગટ કરી છે કે દેશમાં એવી સ્થિતિ પેદા થાય કે સરકાર તેમને વહેલા છોડી શકે. આપણે પણ એ જ ઇચ્છીયે છીયે કે દેશમાં એવી સ્થિતિ થાઓ કે જેથી સરકારને તેમને છોડવા પડે. પણ આપણો આશય જુદો છે. આપણે હિંમત હારીયે, અન્તરાત્માને છેતરીયે, પાપને પુણ્ય કહીયે અને પેટે ચાલીયે તો જરૂર સરકાર મહાત્માજીને છોડી દે. પણ તે હિન્દમાતાને મરમનો ઘા થઇ પડશે. આપણે તોફાન કરીયે તો મહાત્માજીને દગો દીધા જેવું થશે. તોફાન કરીયે ને મહાત્માજીની જય પોકારીયે તો તે જય નહિ પણ ક્ષય છે. મહાત્માજીને છોડાવવાનો—માન સાથે છોડાવવાનો—અને મહાત્માજીની સાથે હિન્દમાતાને છોડાવવાનો એકજ ઉપાય છે, અને તે એ કે હિન્દુ, મુસલમાન, પારસી, શીખ, ખ્રિસ્તી, યહુદી વગેરે બધી કોમો એક થઇ આપણે મહાત્માજીના ઉપદેશ પ્રમાણે રેંટીયાનું સેવન કરીયે, ખાદી જ પહેરીયે અને શાન્તિ જાળવી પ્રેમના પ્રવાહથી વેર અને અણવિશ્વાસનો અગ્નિ હોલવી નાખીયે. મહાત્માજી એટલે મૂર્તિમન્ત શાન્તિ, પ્રેમ અને સત્ય.

નવજીવન.

વૃક્ષારોપણ પર્વ.

ગોકુળઅષ્ટમીનો દીવસ હતો. આજે ગામના લોકોને ઉપવાસ હતો. આજે ખેડુતોના હળબળદને રજા હતી. આજે નિશાળના બાળકોને પણ છુટી હતી.

આ પુણ્યપર્વનો જુદો જ ઉપયોગ કરવાનું મગનભાઈએ ધાર્યું હતું. કેટલાક ઉત્સાહી જુવાનીયાઓની ટુકડી લઈને તેઓ ગામને પાદર તળાવ હતું તેની પાળ પર સાત આઠ ઝાડ વાવવા જવાના હતા.

રાજપર નવું વસેલું ગામ છે. અહીંની બધી જમીન મૂળ તો ગોચર હતી, પણ સરકારે તેને ખેડાવીને વધારે વેરો કમાવાનો વિચાર કર્યો. કેટલાક ખેડુતો સસ્તામાં જમીન મળવાથી અહીં વસ્યા હતા અને પછી તો તેમની આસપાસ બીજાં માણસો આવે જ. આ નવા ગામમાં ન મળે ઝાડ, ન મળે કુવો કે ન મળે તળાવ. પેલા ખેડુતો તો કપાસ વાવે ને કપાસ ઉતારે એટલે તેના પૈસા કરીને શહેરમાં પોતાને ઘેર જઈ મોજ કરે.

મગનભાઈ કોઈ ગામડામાં જઈને રહેવાનો વિચાર કરતા હતા; તેમણે આ ગામ જ પસંદ કર્યું તેમનાથી ગામનાં છોકરાં રખડતાં ફરે એ કેમ જોયું જાય? તેમણે એક નાની સરખી નિશાળ કાઢી. ગામના બીજા લોકને કોઈ દિવસ સુઝે નહિ એવું તેમને સુઝતું ને તેવાં કામો કરતા. તેમના આવ્યા પછી ગામમાં કુવા કરાવવાનું સાધન થયું. થોડે છેટે નાની

સરખી પાળ બાંધી લીધી હોય તો નાની તળાવડી થઇ જાય એવી નીચાણવાળી જમીન હતી. એ પાળ બાંધવાનું પણ તેમના આવ્યા પછી થયું.

ગામના જુવાન છોકરાઓને તેમની પાસે બેસવામાં બહુ આનન્દ આવતો. તેમનાં આવાં સેવાકાર્યોમાં તેઓ પણ ઉત્સાહથી જોડાતા. ગોકુળઅષ્ટમીને રોજ તળાવડીની પાળે સાત ઝાડ વાવવાનો વિચાર બધાને ઘણો જ ગમ્યો.

આજ સુધીમાં વરસાદનાં સારાં ઝાપટાં પડી ગયાં હતાં, એટલે ભોંય પોચી અને રસાળ બની હતી. ઝાડ વાવવાનો સુન્દર મોકો હતો.

ગાઉ છેટે એક બીજું ગામડું હતું. ત્યાંથી રોપ ને ડાળીઓ લાવવાના હતાં. હાથમાં કોદાળી ને કોશ લઇને મગનભાઇની સરદારી નીચે ટોળી પરોઢીયામાં નીકળી પડી.

એક ઠેકાણે લીમડાના બે છોડ જોઇ ત્રણ ચાર જણ તે ખોદવા દોડયા, પણ મગનભાઇએ તરત તેમને અટકાવ્યા. તે કહે, એમ ન કરો. એ ઝાડની વિધિસર પુજા કરીને અને ક્ષમા યાચીને પછી જ આપણે તે ઉખાડીશું.

ધૂપ, દીપ અને ચંદનથી રોપાઓનું પુજન કરી મગન-ભાઇએ પ્રાર્થના કરી.

"હે વૃક્ષો! તમારા બચ્ચાની આજે તમારી પાસે યાચના કરીયે છીયે.

"હે ઉપકારી વૃક્ષો! માણસો ઉપર ઉપકાર કરવો એ તમારો સ્વભાવ છે. તમે અમારા ગામ ઉપર પણ ઉપકાર કરો, ને તમારૂં બચ્ચું અમને આપો.

"હે સ્નેહાળાં વૃક્ષો ! તમે નિશ્ચિન્ત થઇને તમારૂં બચ્ચું અમને આપો. અમે તેને રસાળ ભૂમિમાં રોપીશું, તે મોટું થશે ત્યાં સુધી તેને પાણી પાઇશું.

"હે વૃક્ષમાતાઓ અને વૃક્ષપિતાઓ! તમારા બચ્ચાનું અમે અમારા જીવની જેમ જતન કરીશું. અમારા ઉપર દયા કરીને તમે અમને તમારૂં બચ્ચું આપો.

"હે વૃક્ષો! તમારાં બચ્ચાં જ્યારે મોટાં થશે અને અમારાં થાક્યાંપાક્યાં શરીરને શીતળ કરશે, ત્યારે અમારી આંતરડી તમને દુવા દેશે, અમારા મુસાફરો તેમની છાંયે બેસશે ને વાવનારને આશિષ આપશે. અમારા ગામની હવા શુદ્ધ ને અમારાં બાળબચ્ચાં નીરોગી રહેશે ત્યારે અમે તમને આશિષ દઇશું.

"હે મોટાં મનવાળાં વૃક્ષો ! તમે ધન્ય છો. આજે તમારે આંગણે યાચના કરવા આવેલા અમને તમે પાછા ન વાળશો. આ કોશ કોદાળી અમે બહુ જાળવીને વાપરીશું. બિલાડી જેવા પ્રેમથી પોતાના દાંત પોતાનાં વ્હાલાં બચ્ચાંને અડાડે છે તેવા જ પ્રેમથી અમે અમારાં આ હથીયાર ચલાવીશું. છતાં કંઇ અપરાધ થઇ જાય તો હે કૃપાળુ વૃક્ષો, અમને ક્ષમા કરજો, ક્ષમા કરજો."

દરેક છોડ ઉખાડતાં અને દરેક ડાળી કાપતાં આ પ્રમાણે પુજન અને પ્રાર્થના તેઓએ કરી. આ રીતે તેમણે બે લીમડાના રોપ ખોદ્યા, બે ડાળીઓ પીંપળાની કાપી લીધી, એક કરોડમાં પીંપળાનો રોપો ઉગ્યો હતો તેને સાચવીને મુળસોતો ઉખેડી લીધો. એક જણે આમલીનો રોપ ઉખેડવા માંડયો, પણ એ કંઇ સ્હેલી વાત નહોતી. કોઇને કલ્પના નહિ કે આમલીનું

મુળ આટલું ઉંડું થશે. રોપ જમીન ઉપર તો પુરો હાથ પણ નહિ હોય, પણ જયાં જુવાનીયાઓ કોશ કોદાળી લઇને અડપે એટલે એ આમલીના બચ્ચાનો શો ભાર? હવે વડની એક ડાળ લેવી રહી, તે કુહાડીથી કાપીને તેઓ પાછા ફર્યા.

આખી ટુકડી રોપ, ડાળાઓ અને હથીયારો ઉપાડીને સોખ-રોાણ પોતાના ગામ ભણી ચાલવા લાગી. આજે ગોકુળઆઠમ હોવાથી શ્રીકૃષ્ણનું સ્મરણ સ્હેજે થાય જ. મગનભાઇને ગીતાજી મોઢે આવડતી હતી. તેમાંથી તેઓ શ્લોક બોલવા લાગ્યા. વાટમાં વરસાદ આવવા લાગ્યો. શહેરના લોકો વરસાદથી ગભરાઇ જાય તેવું આ ટોળીને ગભરાવાનું કાંઇ જ કારણ ન હતું. શહેરમાં તો કોઇએ સારાં કપડાં પહેર્યાં હોય તે પલળી જવાની બીક, અને બીજી કંઇ બીક ન હોય તેને વળી માંદા પડવાની બીક હોય. આમને તેમાંનું કશું ન મળે. તેઓ તો ઉલટા ઉમંગમાં આવી ગયા. મગનભાઇને પાંચ હજાર વર્ષ પહેલાંનું ગોકુળીયું ને તેના ગોવાળીયાઓ ને ગાયોનાં ધણ ને એ બધાંનો પ્રિય નાયક કાનુડો સાંભર્યો. ચારે તરફ લીલું લીલું છમ, ઝાડ વાવવા માટે નીકળેલા, તેમાં માથે વરસાદ ઝરમર ઝરમર વરસે અને આજનો દિવસ ગોકુળ-આઠમનો, એ કનૈયાનો જ જન્મદિવસ. આજે એ બધું યાદ ન આવે તો કદિ આવે? મગનભાઇએ તો નરસિંહ મહેતાનું મેલું ગીત લલકારવા માંડયું. તેમના મિત્રો આનંદથી તે ઝીલવા લાગ્યા.

દળ હાલ્યાં ને વાદળ ઉમટયાં;
ગોકુળમાં ટહુકયા મોર,

મળવા આવો સુંદર વર શામળિયા.
તમે મળવા તે ના'વો શા માટે,
તમે છોરે સદાયના ચોર. મળવા૦
તમે ગોકુળ ગોધનુ ચારતા,
તમે ભરવાડોના ભાણેજ. મળવા૦
મહેતા નરસૈંના સ્વામીરે શ્યામળા,
અમને તેડી રમાડયા રાસ. મળવા૦

પદ પૂરું થયાં પહેલાં તો ટોળી તળાવડીની પાળે આવી પહોંચી. તરત સાત ઝાડને માટે સાત સ્થાન નક્કી કર્યાં ને સૌએ જુદા જુદા જઇને ઝાડ વાવવા માટે ખાડા ખોદી નાખ્યા. તેમાં ઝાડો વાવી, સારી માટી નાખી ખાડા પુરી દીધા. તળાવડીમાંથી પાણી આણી બધાંને પાયું ને આસપાસ કાંટાની વાડો કરી લીધી.

આટલું કરીને પછી એ નવાં વાવેલાં વૃક્ષશિશુઓનું પુજન કર્યું. ધુપ દીપ ચંદન ચડાવી સૌએ આ નવાં વૃક્ષશિશુઓને નમસ્કાર કર્યા. પરમેશ્વરને સૌએ પ્રાર્થના કરી કે હે પ્રભુ, આ નાનાં વૃક્ષોને કલ્પવૃક્ષ જેવાં કરજે.

આ પછી તળાવની પાળે બેસીને ગગનભાઇએ ગંભીર ભાવે તેમના જુવાન મિત્રોને આજના કાર્યની મહત્તા સમજાવી તેમને કહ્યું:

" ભાઇઓ ! આ દુનિયામાં પુણ્યનાં કામ અનેક છે, પણ ઝાડ વાવવું એ એક ભારે મોટું પુણ્ય છે. અન્નદાન, વસ્ત્રદાન, વિદ્યાદાન એવાં મોટાં મોટાં પુણ્યકારી દાનો આપણે સાંભળીયે છીયે. તેમાં છાયાદાન ઉમેરવાની ઘણી જરૂર છે.

"પહેલાંના વખતમાં લોકો છાયાંનો મહિમા સમજતા. મોટા સરીયામ રસ્તા ઉપર રાજા મહારાજાઓ અથવા દયાળુ સખીજનો વાવ કુવા ખોદાવતા, ધર્મશાળાઓ બંધાવતા તેમ ઝાડો પણ રોપાવતા.

"આજે આપણે માણસો ઝાડ પ્રત્યે બેદરકાર થયા છીયે અને મને લાગે છે કે બેદરકારજ નહિ પણ તેના ક્રૂર દુશ્મન આપણે બન્યા છીયે. માણસોને હાથે જેટલાં ઝાડ કપાય છે તેટલાં વવાતાં નથી.

"આપણા સ્વાર્થની ખાતર આપણે ઝાડનો નાશ કરીયે છીયે. પણ સ્વાર્થ ખરો સમજીએ તો તો ઝાડની રક્ષામાં જ આપણો સ્વાર્થ છે. ગામને પાદર ઝાડ હોય તેમાં ગામની શોભા છે અને તેમાં ગામનું આરોગ્ય છે. ઝાડનાં ઝુંડ હોય ત્યાં વરસાદનાં વાદળાં ખેંચાઇ આવે છે એ જાણીતી વાત છે.

"આજે આપણે આટલાં સાત ઝાડ વાવીને ભારે મોટી જવાબદારી લીધી છે. વાવવું સહેલું છે. રમતાં રમતાં આજે સાત ઝાડ વાવી લીધાં છે. પણ એ સાતને જીવાડવાં ને ઉછેરવાં એ અઘરી વાત છે. માણસ ખેતરના ધાન્યની સેવા કરે છે, કારણકે તેની પાસેથી દાણાની આશા હોય છે. દાડમ, જામફળ આદિ ફળઝાડોને જતન કરી ઉછેરે છે, કારણ તેમાંથી મીઠાં ફળની આશા છે. આંબાનું વરસો સુધી જતન કરે છે, કારણ તેમાંથી ઢગલાબંધ કેરીની આશા છે. પણ આ લીમડો તો કડવી લીંબોળીઓ જ આપશે. વડ, પીંપળ ને પીપળો નકામા ટેટા જ આપશે. આમલીમાંથી ખાટી આમલી મળે, પણ તેમાં મોટી વિસાત નહિ. આ ઝાડોને ઉછેરવામાં આપ-

થુને કંઇ સીધો લાભ નથી, છતાં આપણે જે કામ આજે આરંભ્યું તેને છોડી ન જ દેવું જોઇયે. આપણે સમજવું જોઇયે કે મીઠાં ફળ મીઠાં છે, પણ મીઠો છાંયડો ફળ કરતાં વધારે મીઠો છે. આ ઝાડ મોટાં થશે ત્યારે કેટલા વટેમાર્ગુઓ તેની નીચે આશરો લેશે, કેટલી ગાયો ને ગોવાળીયાઓ તેની નીચે નિંદર લેશે, કેટલાં પક્ષીઓ તેની અંદર વસીને કલ્લોલ કરશે, કેટલી અશુદ્ધ હવાને તેનાં પાંદડાંઓ શુદ્ધ કરશે. કેરી, જમરૂખ, દાડમ મીઠાં ખરાં, પણ ઉપર ગણાવ્યાં તે ફળો એનાથીયે મીઠાં નથી ? ”

સહુ બોલી ઉઠયા, “ જરૂર મીઠાં છે, જરૂર મીઠાં છે. આપણાં આ સાત ઝાડને મોટાં કરવાનો ભાર અમે માથે લઇયે છીયે. હે કૃષ્ણ! અમારો ઉત્સાહ ઉભું વરસ ચાલુ રાખજે. આવતી ગોકુળઆઠમે તારૂં સ્મરણ કરી બીજાં સાત ઝાડ વાવવાની અમને પ્રેરણા કરજે.”

જુગતરામ દવે.

ફકીરો દેશના ઘેલા.

બિહારના અનુભવોમાં બીજો નોંધવાલાયક અનુભવ ગાંધીજી અને મૌલાના શૌકતઅલીના ફકીર સાથીઓનો બિહારના ઉખરામાં પગ દેતાં દર્શન થાય છે. ઇસ્લામ અને સ્વરાજને માટે ફકીર બનેલા મઝહર અલ હક સાહેબનાં. ક્યાં તેમની એકાદ બે વર્ષ ઉપરની નવાબી અને જાહોજલાલી, અને ક્યાં તેમની આજની કોઇ ઓલિયાને શોભતી સાદાઇ ! બિહારમાં

સરસમાં સરસ બેરિસ્ટરોમાં ગણાતા એઓ આજે પોતાનાં કાયદાનાં પુસ્તકો હરાજ કરીને, 'એ જરૂર આ જીંદગીમાં તો હવે ન જ જોઇએ' એમ નિશ્ચય કરીને બેઠા છે. પટનાની સુંદરમાં સુંદર મોટર વાપરનારા આજે કોઇ મિત્રની ગાડી મંગાવી લે છે અથવા પગે જાય છે; દબદબા ભરેલા પોશાકમાં કરચલીની પણ ખામી ન આવે એવી કાળજી રાખનારા હક સાહેબ આજે નખથી તે શિખ સૂધી હાથકંતામણ અને હાથવણાટના લેબાસમાં, અનેક દિવસ અચકના પાયજામા બદલ્યા વિના ફરે છે; દરરોજ દાઢીમુછ નહિ સાફ મુંડ્યા વિના જેને નિદ્રા ન આવતી તે આજે 'દાઢી વિના મુસલમાન શાનો ?' એમ કહી ચાંદી જેવી ચળકતી દાઢી વધારી રહ્યા છે; મશરૂની તળાઇએ, પોઢતા અને મોડે સુધી સવારે તેમાં જ રહેતા હક સાહેબ આજે જમીન ઉપર ગોદડી પાથરી સુએ છે, અને ખડી ખામદામાં ઉઠીને બંદગી કરે છે; આવતી પહેલી તારીખથી મોટો આલેશન સિકંદર મંઝિલ' તેમના વિના સુનો પડશે; ગંગાકિનારે સ્થાપેલા 'સદાકત આશ્રમ' માં પોતે ચુંટી કાઢેલા વિદ્યાર્થીઓને તાલીમ આપશે, અને તેમનાં પત્ની (જેઓ અબ્બાસ તૈયબજી સાહેબના કુટુંબનાં છે) મહિનાના ૭૦ રૂપીયાના ખર્ચથી સંતોષ માની તેમના બે પુત્રો સાથે ગામડામાં આવેલા પોતાના એક ઘરમાં રહેવા જશે !

અસહકારને પરિણામે આટલા એક જ ફકીર થયા હોય તોયે અસહકાર નિષ્ફળ કહેવાય નહિ. પણ ફકીરોની ભુમિ હિન્દને તો ઘણુયે ફકીરો યાવચ્ચંદ્રદિવાકરો પવિત્ર રાખનારા હશે. આગળ ચાલતાં મુઝફ્ફરપુર જઇયે જોયે તો ત્યાં પણ મોલવી

મહમદ શફી સાહેબ પોતાની ધીકતી કમાણી છોડી બેરીસ્ટર મટી ફકીર થયા છે. તેમનો 'મોતી મંઝિલ' સાર્વજનિક કાર્યને માટે સોંપ્યો છે, અને પોતે એક નાનકડા ઘરમાં રહી ગુજારો કરશે. મોંઘીરમાં ગયા તો ત્યાં પણ બેરિસ્ટર સાહેબ ઝુબેર ગઇ તા. ૧લી ઓગસ્ટથી જ પોતાની દુકાન ઉલાળી મુકીને બેઠા છે! હિંદુ ભાઇઓમાં તો પટનાવાળા બાબુ રાજેન્દ્રપ્રસાદ, દરભંગાવાળા બ્રજકિશોરપ્રસાદ અને સમસ્તીપુરવાળા બાબુ ધરણીધરપ્રસાદ વગેરે જાણીતા છે જ.

નવજીવન.

ગામે ગામ એજન્ટો જોઈએ છે.

ધાતુ સંજીવની ગોળીઓ.

ગમે તે કારણથી ગુમાવેલું ધાતુ અને શક્તિ પાછી લાવેછે. પુરૂષાતન કાયમ રાખે છે આ ધાતુ સંજીવની વીર્યવીકારના તમામ દરદો મટાડીને વીર્ય પાકુ બનાવી ખરૂં પુરૂષાતન આપેછે. ખરા મરદાઈ આપનાર અને તત્કાળ અશક્તિ મટાડી તાકાતવાળા બનાવનાર આ ગોળી આશીર્વાદરૂપ છે. પરેજ નથી ગોળી ૩૨ ના રૂ. ૧)

જ્વર વિનાશક ટીકડી

ફક્ત છ ટીકડીમાં આરામ.

આ ટીકડી-શરદીના, આતરાંના, મલેરીઆ, જીર્ણજ્વર વિષમજ્વર સન્નીપાતજ્વર ત્રાંકાપજ્વર ક્ષય, પ્લેગ, અને ઇનફ્લુન્ઝા જેવા ઉપદ્રવી તાવને મટાડી જઠરાગ્નીને પ્રદીપ્ત કરી દસ્ત સાફ લાવે છે, ૧૦૦ ટીકડાનો રૂ ૧॥

વરાધના ડબા.

કીંમત ડબી એકનો રૂ. ૧)

બચ્ચાંને વરાધનું દરદ એકજ દીવસમા નાબુદ કરેછે. સિવાય રતવા ઝાડા લીલા થવા સસણી-ખાંસી-ઉટાંટીઉ તાવ વગેરે જલદી મટાડી દેછે. વાપરવાના રીત સાથેમળશે.

વૈદ જગન્નાથ ગણપતરામ દ્વિવેદી

ધર્માદા દવાખાનું-કાકરખાડબારા-નડીઆદ.

आरोग्यता

એ દુનિયામાં મુખ્ય સાધન છે. અનીયમીત ચાહ પીનારા માટે, તેમજ બહુજ પાનસોપારીના ડુચા મારનારાઓને આ

अभ्रकभस्म

ઘણી અસર કરે છે જેનાથી ક્ષય, ઉધરસ, ધાતુ, વાયુના રોગોનો આરામ થાય છે વી.પી.થી ૩-૧૨-૦ દરેક આયુર્વેદશાસ્ત્રાધારે બનાવેલાં ઔષધો તૈયાર રહે છે. ટીકીટ બીડનારને મફત સલાહ અપાય છે. લખો યા મળો

वैद्यराज मणिशंकर प्रभाशंकर

नडीआद (खेडा)

नगद् गाम नडीआदका,

नगद् नारायण नाम;

नगद् है यांकी औषधि,

करे नगद् सब काम.

ली. राव.

સજ્જનનો 'પાનવિલાસ'.

કાથો ચુનો વરીયાળી, ઇલાયચી વગેરે કોઈપણ ચીજની જરૂર નથી પાન રુહેજ પાણીમાં ભીંજવી એ ત્રણ ચપટી જરૂર મુજબ આ પાનવિલાસ પાનમાં ભભરાવી સોપારી નાખી પાન ધીરે ધીરે ચાવીને ખાવાથી સ્વાદ ખુશબોથી મગજ તર બનીજશે. પાન ખાવાનો ખરેખર શોખ હોય તો જરૂર આ પાનવિલાસ વાપરી અજમાયશ લેવા અમારી આગ્રહ સાથે ભલામણ છે. હજારો શ્રીમાન સભ્ય તેમજ સાધારણ કુટુંબોમાં પણ આ પાનવિલાસનો વાપર ચાલુજ છે.

પાનની દુકાન વાળાઓ પણ હવે આ પાનવિલાસ છુટથી વાપરે છે

કિંમત પા રતલ રૂ. ૧) એક રતલ રૂ. ૩॥ પો. અલગ.

સજ્જન મોતીના તૈયાર દાગીના.

તેજ, પાણી તથા દેખાવમાં સાચાં મોતીના હરીફ

(૧૪ કેરેટ ખરા સોનાના)

'લવીંગીઆં (કુંડાજોડી) સાત સાત મોતી બેસાડેલ જોડના રૂા. ૭॥

'કાનનાં એરીંગ' (બાળકીઓ માટે) એક એક ગોળ મોતી તથા છછની બેસાડેલ ઘણુંજ સુંદર જોડના ફક્ત રૂ. ૫. (યુવાન સ્ત્રીઓ માટે એરીંગ જોડ ૧ ના રૂ. ૧૫)

' નાકના કાંટા ' ઘણાજ નાજુક ઝીણાં સાત મોતી બેસાડેલ સ્ત્રીઓને ખાસ વાપરવા લાયક કીં ફકત રૂા. ૪

'મોતીના હાર' ચઢઉતર મોતીગોઠવેલ સ્ત્રી બાળકો માટે ઉત્તમ શણગાર. ૨૦ ઈંચ લાંબા હારના રૂ. ૧૫) દરેક માટે પો. જુદું

[illegible] કંપની પો. નડીઆદ (ગુજરાત)

'જન્મભૂમિ' ગ્રંથમાળા

નડીઆદ.

વાર્ષિક લવાજમ ચાર રૂપીયા ટપાલ સાથે.

'જન્મભૂમિ' ગ્રંથમાળાના ગ્રાહકોને દરેક માસે સંસ્કારી સાહિત્ય વાંચવાથી [illegible] આવે છે, ઉપરાંત 'જન્મભૂમિ' [illegible] છે તે જુદું.

હજાર રૂપીયાનો વીમો મફત.

'જન્મભૂમિ' ગ્રંથમાળાના દરેક ગ્રાહકના લવાજમમાંથી દર વર્ષે એક રૂપીઓ 'નડીઆદ' ફંડ ખાતે જમા કરવામાં આવેછે, આવી રીતે જમા થએલી રકમમાંથી તે વર્ષમાં જે ગ્રાહકોનાં મૃત્યુ અકસ્માતથી થયાં હશે તેમના વારસોને એક હજાર રૂપીઆ સુધી આપવામાં આવશે.

લાયબ્રેરીઓને ખાસ લાભ.

જે લાયબ્રેરીઓ 'જન્મભૂમિ' ગ્રંથમાળાની ગ્રાહક થશે. તેને આગ લાગવાથી નુકશાન થશે તો નુકશાનના પ્રમાણમાં એક હજાર રૂપીઆ સુધી 'નડીઆદ' ફંડમાંથી આપવામાં આવશે.

વધુ માહીતી માટે આ પુસ્તકના અંદરના ભાગમાં પ્રગટ થએલી 'જન્મભૂમિ' ગ્રંથમાળાના 'નડીઆદ' ફંડની યોજના વાંચો.